સત્સંગ - સુવાસ



"આપણે અજ્ઞાનીના રૂપે જન્મ લીધો અને અજ્ઞાની રહીને જ આ શરીર છોડી દઈશું કે શું ? આપણે જીવ થઈ જન્મ્યા સ્વને શિવ રૂપમાં ઓળખવા માટે, પરંતુ પોતાના શિવત્વને-પોતાના શાશ્વત ચૈતન્યને ઓળખ્યા વિના જ આ જીવન વ્યર્થ ખોઈ નાખશું કે શું ? ઊભા રહો, વિચારો, સમજો અને પછી ચાલો."

બ્રહ્મનિષ્ઠ આનંદમૂર્તિ પૂજ્ય શ્રી આસારામ બાપુ

શ્રી યોગ વેદાન્ત સેવા સમિતિ
મોટેરા * સાબરમતી * અમદાવાદ-૫

“અમદાવાદ પાસે, સાબરમતી વિસ્તારથી સહેજ આગળ, કોતરોને પાર, પુરાણવિખ્યાત સાબરમતી નદીના કિનારે, મોટેરાના પુરાતન મહાદેવની પાસે વિકસી રહેલા શાંત સુરમ્ય આશ્રમમાં વિરાજતા આ સંતને જોતાં જ આપણને લાગે કે આપણે ભક્તિ, કર્મ, જ્ઞાન, પ્રેમ અને યોગના સમન્વય-શિખરના સાનિધ્યમાં પ્રવેશી ગયા છીએ...

એમનો તેજસ્વી ચહેરો, પ્રેમામૃત વર્ષાવતી આંખો, અમીભર્યા અંતરમાંથી છલકાતી દિવ્યવાણી, આપણને પરમ પ્રેમમાં પ્લાવિત કરી દેતું, વ્હાલપના વડલા જેવું વ્યક્તિત્વ અને દિવ્ય સ્નેહની સ્પંદનશીલતાના વાતાવરણમાં પ્રવેશતાં જ આપણે દુનિયાના રંજોગમ ભૂલી જઈને કોઈ અગોચર આભમાં ઉડ્ડયન કરવા લાગી જઈએ છીએ...

પ્રેમના દરિયા જેવા, જ્ઞાનના ગરવા શિખર સમા આ સંત સપાટ ધરતી ઉપર પથરાયા છે. હવે એ જિજ્ઞાસુએ જોવાનું છે કે પોતે એમનો લાભ કેવી રીતે લઈ શકે છે.”

—‘પીયૂષ’ માસિક, ડીસેમ્બર, ૧૯૭૭

સત્સંગ-સુવાસ

*



“પોતાનું જીવન એવું બનાવો કે તમારે તમારી કોઈ પણ જરૂરિયાત માટે લોકો પાછળ દોડવું ન પડે-લોકો તમારી પાસે જાતે જ દોડતા આવે, તમારે નશ્વર પાછળ દોડવું ન પડે - નશ્વર તમારી પાસે દોડતું આવે; કારણ કે તમે સચ્ચિદાનંદ સ્વરૂપ છો. બસ, પોતાના એ શાશ્વત સ્વરૂપને જાણી લો તો જીવનમાં બધાં કર્તવ્યો પૂર્ણ થઈ શકે.”

—પૂજ્ય સંત શ્રી આશારામ બાપુ

*

શ્રી યોગ વેદાંત સેવા સમિતિ
સંત શ્રી આશારામજી આશ્રમ
મોટેરા રોડ ૦ સાબરમતી ૦ અમદાવાદ-૫

સંગ્રહિત કરી પ્રકાશિત કરે છે. પ્રસ્તુત પુસ્તિકા પણ આવી જ એક પુષ્પ-મંજરી છે.

અલબત્ત, આ લખાણોમાં પૂજ્યશ્રીની વાક્ધારાનું સમગ્ર સત્ત્વ સમાઈ જાય છે એમ માનવું ગંભીર ભૂલ ગણાશે. તેઓશ્રી દ્વારા મળેલા પરમ પાવન પ્રસાદમાં, પ્રસાદ વહેંચનારના હાથની અશુદ્ધિ પ્રવેશી જવા સંભવ છે. આમ છતાં, આ નાનકડો સંગ્રહ આનંદપુર નગર તરફ જતો માર્ગ દર્શાવતું પાટીયું બની રહેશે. એ વાંચીને અલ્પ સંખ્યામાં પણ ભગવત્ પ્રેમીઓ પૂજ્યશ્રીની અમૃતવર્ષી દૃષ્ટિમાં સ્નાન કરવા ને સત્સંગ-સુધાનું પાન કરવા પહોંચી શકશે તો સમિતિનું કાર્ય સફળ ગણાશે.

શ્રી યોગ વેદાંત સેવા સમિતિ
મોટેરા આશ્રમ, સાબરમતી, અમદાવાદ-૫

૦ પુષ્પ-મંજરીનાં પુષ્પો ૦

તું થા મારો તો હું છું તારો

[મોટેરા આશ્રમ તા. ૫-૭-૭૮ બુધવાર]

સંધ્યા ઢળી ચૂકી છે. આષાઢ માસનો આરંભ થયો હોવાથી આકાશ વાદળાંથી છવાયલું છે. અગાઉ એકાદ વરસાદ થઈ ગયો હોવાથી ધરતી હરિયાળીથી હસું હસું થઈ રહી છે. નદી કિનારાનું આ શાંત અને રમણિય સ્થળ પ્રકૃતિના સહયોગથી વધુ મોહક થઈ ગયું છે. મીઠો મીઠો મંદ પવન વાય છે. અને આ બધા સુયોગ પર સુવર્ણ-કળશ સમાન અલખના અવધૂત એવા પૂજ્ય સ્વામીજી પ્રત્યક્ષ ઉપસ્થિત છે. આથી બહારના પ્રાકૃતિક સૌંદર્ય સાથે સાધકો અને ભકતોના અંતરમાં પણ મધુરતાનો મહેરામણ લહેરાઈ રહ્યો છે. સૂર્યનો ઉદય થતાં કમળ પુલકિત થયા વિના કેમ રહી શકે ?

સત્સંગ માટે મોક્ષકુટિરના પાછળના દરવાજા પાસે મેદાનની હરિયાળીમાં બધાં સત્સંગી ભાઈ-બહેનો ગોઠવાયાં

છે. પૂજ્યશ્રી પણ કુટીર બહાર પધારી આસન પર બિરાજે છે. એમના મુખારવિંદ પર મધુરતા ને સૌમ્યતા છવાઈ ગઇ છે. વિશાળ આંખો ઈશ્વરીય મસ્તીના નશાથી ઘેરાઈ ગઈ છે. આસપાસના સુંદર દૃશ્ય તરફ એક નજર નાખીને પછી આકાશ સામે જોતાં તેઓશ્રીના ઉદ્‌ગાર નીકળી પડે છે :

"આહા ! જુઓ કેવું વાતાવરણ છે ? મનને સ્થિર કરવામાં આ વાતાવરણ સહયોગી બને છે. ધ્યાન અને સમાધિ સાધવાના આ દિવસો છે. અંદર બહાર બધું જ મધુર મધુર."

[પૂજ્યશ્રી આંખ બંધ કરીને થોડીવાર મૌન થઈ જાય છે. પછી એક સાધકને પુસ્તક વાંચવાનો ઈશારો કરતાં તે પુસ્તક ખોલીને વાંચે છે :]

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

[ભગવદ્‌ગીતા ૯.૨૨]

'જે અનન્યપ્રેમી ભકતજનો નિરંતર ચિંતન કરતાં નિષ્કામભાવથી મને ભજે છે તે નિત્ય નિરંતર મારું ચિંતન કરનાર પુરુષોનું યોગક્ષેમ હું વહન કરું છું, અર્થાત્ તેમને અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવું છું અને પ્રાપ્ત થયેલાંનું સંરક્ષણ કરું છું.'

પૂ. સ્વામીજી :

"અનન્ય ભાવથી ઈશ્વરનું ચિંતન કરનારને ઈશ્વર સિવાય બીજું કશું જ રૂચતું નથી. તેનું દિલ કયાંય ઠરતું નથી. ભૌતિક પદાર્થો અને સંસારના વ્યવહાર પ્રત્યે જો તે બહિર્મુખ થાય તો પણ એ વધુ ફિક્કું લાગતાં પાછો અંતર્મુખ થઈ જાય છે. સમુદ્રના અફાટ જળરાશિ પર એક જહાજ જઈ રહ્યું છે. આસપાસ સેંકડો માઈલો સુધી પાણી જ પાણી છે. જમીનનું કયાંય નામનિશાન નથી. આ જહાજના કૂવાથંભની ટોચે એક પક્ષી બેઠું છે. તેને વિરામ પામવા માટે એ જ એક માત્ર સહારો છે. થોડીવાર આમતેમ ઊડી આવશે પણ અંતે તો તે જહાજ પર જ તેને પાછા ફરવું પડશે. એ જહાજ તેના માટે વિશ્રાંતિનું અનન્ય સ્થળ છે. આ જ પ્રમાણે ઈશ્વરના અનન્ય ભક્ત માટે પણ ઈશ્વર જ એક માત્ર સ્થાન છે, જ્યાં તેને શાંતિ મળે છે. સંસારનાં સુખો પાછળના રઝળપાટની વ્યર્થતા તેને સમજાઈ ગઈ છે. હવે તેને ધગધગતી રેતીવાળા રણમેદાનમાં મીઠા જળનું ઝરણું મળી ચૂકયું છે.

"નવજાત બાળક માટે માની ગોદ અને માના સ્તનના દૂધ સિવાય બીજો કોઈ સહારો નથી તેનામાટે મા અનન્ય આશ્રય-સ્થાન છે. પણ જેમ જેમ બાળક મોટું થાય તેમ તેમ તે અન્ય સહારા મેળવવા લાગી જાય છે. ખોરાક ખાવા લાગે છે, રમવા માટે રમકડાં સાથે દોસ્તી

કરે છે. થોડુંક વધુ મોટું થતાં પડોશ અને શેરીના દોસ્તોનો સાથ મેળવે છે. પછી શાળાએ જાય છે. આ રીતે જેમ જેમ તે મોટો થાય છે તેમ તેમ પોતાની માતા પ્રત્યેની અનન્યતા ઓછી થાય છે. અને જેમ જેમ બાળકની અનન્યતા ઘટતી જાય છે તેમ તેમ માતા તેનાથી અળગી થતી જાય છે. બાળકના જન્મ પછીના સમયે માતા દસ મિનિટ પણ બાળકથી અળગી રહેવા ન ઈચ્છતી. રસોડામાં જાય કે બાથરૂમમાં જાય પણ ચિત્ત તો બાળક પાસે જ રહેતું. હવે છોકરો મોટો થતાં હોસ્ટેલમાંથી દસ મહિને ઘેર પાછો આવે તો પણ ચાલે છે.

" બાળક તો મોટું થવાથી અનન્યતા ઓછી થવાના કારણે **માથી અળગું થતું જાય છે** પણ ભક્તિના માર્ગે વળી ચૂકેલો ભક્ત તો **વધુ ને વધુ ઈશ્વર પાસે ખેંચાતો** જાય છે. અન્ય વસ્તુઓ અને વ્યક્તિઓના સંબંધથી છટકી જઈ ઈશસ્મરણમાં, ઈશ્વરીય મસ્તીમાંજ રત થઈ જાય છે, ઈશ્વર માટે અનન્ય ભાવ વધતો જાય છે તેથી ઈશ્વર પણ પોતાના એ દુલારા ભક્તની વધુ ને વધુ નજીક આવતો જાય છે. સદાય બાળક સાથે રહેવું એ મા માટે શકય નથી, કારણ કે મા તો શરીરધારી જીવ છે. જ્યારે ઈશ્વર તો સર્વવ્યાપક છે. સર્વદા ભકતની સાથે રહેવામાં તેને કોઇ બાધ આવતો નથી. આવો ઈશ્વર જ જેના માટે એકમાત્ર સહારો છે, આશ્રય માટે બીજે કયાંય દૃષ્ટિ જતી નથી, સતત ઈશ્વરનું ચિંતન કરે છે એવા ભકતની સંપૂર્ણ જવાબદારી ઈશ્વર ઉપાડી

લે છે. તેના યોગક્ષેમનું વહન ઈશ્વર જાતે કરે છે. ભગવાન કહે છે કે મને જે અનન્ય ભાવે ભજે છે તેનું ચિંતન કર્યા વગર હું રહી શકતો નથી. એવું નહિ કે ભકત બોલાવે ત્યારે ઈશ્વર તેની પાસે જાય. ના, આવા ભકત સાથે તો ઈશ્વર ચોવીસે કલાક સાથે રહે છે. ભકતને જ્યારે જે જોઈએ તેનો યોગ કરાવી દે છે. સંસારીને જો સુખોપભોગની વસ્તુની ઇચ્છા થાય તો તેને ધન કમાવું પડે છે, વસ્તુઓ લાવવી પડે છે, નોકરો રાખવા પડે છે, ને બધી જંજાળનો ભાર વેંઢારવો પડે છે. જ્યારે અનન્ય ભકતને તો ઇચ્છા થઇ નથી કે તરત ઇચ્છિત પદાર્થ મળ્યો નથી. જગતમાં એવો કોઈ પદાર્થ નથી કે જે ઇચ્છા કરતાં ભકત સામે યોગ્ય સમયે હાજર ન થાય. પહેલાં પદાર્થ ભકત પાસે આવવા તૈયાર થાય છે ને પછી ભકતને ઇચ્છા જાગે છે, એમ કહીએ તો પણ ચાલે. આટલી ઝડપથી ભકતની ઇચ્છા પૂરી કરવા ભગવાન તત્પર રહે છે. ધનિકની સેવા કરવા માટે તો પગારદાર નોકરો હોય છે પણ ઈશ્વરના ભકતની સેવા કરવા માટે પ્રેમપૂર્ણ હૃદયવાળા, પવિત્ર અંતઃકરણ વાળા ભાવિકજનો ગદ્ગદ્ થતા ખડેપગે હાજર રહે છે. મહાપુરુષની સેવા કરવાનો મોકો મળવા બદલ પોતાને બડભાગી માને છે.

" ઈશ્વર પોતાના અનન્ય ભકતની કાળજી રાખે છે એ વાત લોકોના માનવામાં નથી આવતી. તેમને શંકા થાય છે કે આવું થતું હશે ?

"સ્વામી રામતીર્થને સાંજે ચાર વાગે પીવા માટે દૂધ જોઈતું ને મળી પણ રહેતું. દૂધ કોણ આપી જતું તેની ખબર ન પડતી. કેટલાક નાસ્તિકોને આ વાત ગળે ન ઊતરી. બે જણ તો સ્વામી રામતીર્થને કસોટીએ ચડાવવા તૈયાર થઈ ગયા. ત્રણેક વાગે આવીને ભગવત્-ચર્ચા ને ફરવાના બહાને દૂર દૂર જંગલો અને પહાડોમાં લઈ ગયા કે જ્યાં માનવનું નામનિશાન ન મળે. સમય વીતતો ગયો તેમ પેલા બે જણ મનમાં ને મનમાં હરખાતા ગયા. સાડાચાર થયા. રામબાદશાહને એકાએક યાદ આવ્યું કે: 'અરે, આજે મેં દૂધ નથી પીધું.' તેમણે જમીન પર પોતાની ચાદર બિછાવી ને પલાંઠી વાળી બેસી ગયા. મુખેથી 'ૐ.........ૐ' નો ઉચ્ચાર કરવા લાગ્યા.

"પેલા બે પરીક્ષકો પોતાની યોજના સફળ થતી જોતા હતા. અડધો કલાક દૂધ વગર પસાર થઈ જાય તો વિજયઘોષ કરવાની પેરવીમાં હતા. દરેક યુગમાં મહાપુરુષોને આવા 'હીરાઓ' ભટકાઈ જ જાય છે. અનાદિ કાળથી આમ થતું આવ્યું છે ને થતું રહેશે.

"થોડીવારમાં જ એક ગ્રામીણ બાળા આવી ને સ્વામીજીના ચરણે દૂધ ભરેલું એક પાત્ર મૂકી પ્રણામ કર્યાં. સ્વામીજીએ બાળા સામે જોયું, દૂધના પાત્ર તરફ દૃષ્ટિ કરી અને પછી હસતા મુખે પેલા બે સાથીઓ સામે જોઈ રહ્યા. એમની આંખો જાણે પેલાઓને પૂછી રહી હતી:

'જોયું ને? કેવી છે ભકતવત્સલ ભગવાનની કાળજી?' બાળાને પૂછતાં જણાયું કે તેણી બાજુના પહાડી વિસ્તારના એક ગામમાં રહેતી હતી. ઘેર ગાય વીયાઈ હતી. પ્રથમ દસ દિવસ એ દૂધ સંત, મહાત્માઓને ચરણે ધરવાનો નિયમ હતો. આજે કોઈ પણ સંત, સાધુ, મહાત્મા ગામમાં ન મળ્યા તેથી શોધતાં શોધતાં કોઈ અગમ્ય પ્રેરણાથી એ બાળા આ બાજુ આવી ચડી હતી.

"સ્વામી રામતીર્થે એ દૂધ લઈને પેલા બે જણાને પીવડાવ્યું અને પોતે પણ પીધું. પેલા બંનેના અંતરમાં ઈશ્વર અને તેના અનન્ય ભકત, ઈશ્વર-સ્વરૂપ બનેલા રામ બાદશાહમાં શ્રદ્ધાના અંકુર ફૂટ્યા. સૌભાગ્યશાળી જીવોને સંત મહાત્માઓ તથા ઈશ્વર માટે જલ્દી શ્રદ્ધા થાય છે જ્યારે દુષ્ટ અને મૂઢ લોકો ખૂણે ખાંચરે પડેલા કોઈ પુણ્યના જોરે મોડા મોડા પણ જાગે તો ઠીક નહિ તો મૃત્યુ સુધી મહાપુરુષોના માર્ગમાં કાંટા ને કીચડ પાથર્યા કરે છે. અનન્ય ભાવે ઈશ્વરને ભજનાર ભકતની સેવા કરવા માટે ઈશ્વર પોતાની સમગ્ર પ્રકૃતિને કામે લગાડી દે છે એ અગમ્ય વાત મૂઢો માટે શી રીતે ગમ્ય બની શકે?

"એકવાર હું નર્મદા કિનારે, નારેશ્વર ધામ પાસેના જંગલમાં જઈ ચડયો. સાંજ પડવા આવી હતી. ચારે બાજુ અંધકારના ઓળા ઊતરવા માંડ્યા. ભયંકર સુમસામ

જંગલ. માઇલો સુધી કોઈ માનવી શોધ્યું ન જડે. સાથેના બે ભક્તોને રવાના કરી દીધા. ખાવા પીવાની કોઈ સામગ્રી પાસે ન હતી. ઈશ્વર ભજન ને ધ્યાનમાં મસ્ત થઈને બેસી ગયો. અવર્ણનીય અનુભવોમાં રાત્રિ પસાર થઇ. સૂર્યોદય થવાની તૈયારી હતી. રાતનો ઉપવાસ હતો પણ ખોરાક મેળવવાની ચેષ્ટા ન કરતાં મેં નિર્ણય કર્યો કે જેના માટે હું અહીં બેઠો છું તેને ગરજ હશે તો મને અહીં ખાદ્ય પદાર્થ પહોંચાડશે. આસન ઇત્યાદિ કરતો હતો ત્યાં માથે મોટી પાઘડીવાળા બે ખેડૂતો દૂધ ને કેળાં લઈને આવ્યા ને વિનંતિ કરવા લાગ્યા કે : 'મહારાજ, સ્વીકાર કરો, આપના માટે જ લાવ્યા છીએ.'

મેં કહ્યું : 'ભાઈ, તમે ભૂલી ગયા લાગો છો. અહીં કોઈ બીજા મહારાજ રહેતા હશે તેમને શોધીને પહોંચાડો.' તેઓ કહે : 'ના બાપુ, અમે સાચું જ કહીએ છીએ કે આ બધું આપના માટે જ લાવ્યા છીએ. અમને રાત્રે સ્વપ્ન આવેલું ને આપનાં દર્શન થયાં વહેલી સવારે આપની સેવામાં આવી જવા આદેશ પણ થયો. તેથી આવ્યા છીએ. માટે કૃપા કરીને આટલું અત્યારે સ્વીકારો. અમારું ગામ તો અહીંથી દૂર છે પણ જલ્દી જઈને બપોરના પ્રસાદની સામગ્રી લઈ આવીએ છીએ.' આટલું કહીને ઉતાવળે તેઓ પાછા ફર્યા. જો કે ત્યારબાદ હું તરત ત્યાંથી નીકળી ગયો. રેતી પર તેમના માટે એક સંદેશ પણ લખતો ગયો કે : 'જોગી તો રમતા ભલા.'

"પરમાત્મા માટે અનન્ય ભાવ હોય ત્યાં જ આવું થાય છે. પરમાત્મા પણ રોજી રોટીની જ કાળજી રાખે છે એવું નથી પણ જે સમયે જે આવશ્યકતા ઊભી થાય તે પૂરી કરે છે હિમાલયના ઘોર અરણ્યમાં ફરતાં ફરતાં સ્વામી રામતીર્થને કઠોપનિષદ્ વાંચવાની ઇચ્છા થઈ આવી. આ નિર્જન જંગલમાં એ પુસ્તક ક્યાંથી લાવવું ? પણ થોડીવારમાં જ એક માણસ ત્યાં આવ્યો ને કહે : 'સ્વામીજી, આ પુસ્તક જુઓ તો. તમને કામ આવે એવું છે ? મારે તેનો કશો ઉપયોગ નથી. જોઈએ તો આપ રાખો.'

"સ્વામીજીએ પુસ્તકને હાથમાં લઈ ને જોયું તો કઠોપનિષદ્. આવો ભક્તવત્સલ છે મારો વ્હાલો ! આવા પરમાત્મા સાથે તાર સંધાયા પછી ભક્ત બીજી કોઈ ઇચ્છા જ નથી કરતો. જીવન-યાપનની સામગ્રી તો પૂરતા પ્રમાણમાં તેની પાસે સહજપણે ખેંચાઈ આવે છે. પોતે તો પરમાત્માના ચિંતનમાં ડૂબ્યો રહે છે. ભક્તને ભગવાન વગર નથી ચાલતું ને ભગવાનને ભકત વગર નથી ચાલતું. માને બાળક જોઈએ છે ને બાળકને મા જોઈએ છે. ભકત માટે ઈશ્વર પોતાનું ઈશ્વરપણું લૂંટાવવા તૈયાર છે. નાનાં વાછરડાંને જોઈને ગાય તેને ધવડાવવા ઉતાવળી થઇ જાય છે. સત્ગુરુ પણ સત્ શિષ્યને જોઈ કૃપાવર્ષા કરે છે.

"ભક્ત તો ઈશ્વરના ચિંતનમાંજ પરમાનંદ માણે છે. તેને ઈશ્વર તરફથી મળતી કોઈ સેવાની જરૂર નથી.

છતાં ઈશ્વર પોતાના પરમ ભક્તની સેવા કર્યા વિના રહી શકતો નથી. આવા મહાપુરુષોના કારણે જ સમયસર વરસાદ થાય છે, નદીઓમાં નીર વહે છે, ધરતીમાં ધાન્ય પાકે છે, વનસ્પતિમાં રસ રહે છે, ચંદ્રમામાં શીતળતા રહે છે ને સાગરમાં સંયમ રહે છે. આવો મહિમા છે ઈશ્વરના અનન્ય ભક્તોનો.

"પરમ પુરુષાર્થના માર્ગે કૂદી પડો. ભૂતકાળનો રંજ અને ભાવિની ચિંતા છોડીને નીકળી પડો. પરમાત્મા પ્રત્યે અનન્ય ભાવ કેળવો. પછી જુઓ કે આ હળાહળ કલિકાળમાં પણ તમારાં અન્ન, વસ્ત્ર ને આવાસની કેવી વ્યવસ્થા થાય છે.

'પ્રિય ચર્ચા ઉદર ચિંતા વિરહીનાં સંભારણાં,
સ્વ-સ્વરૂપે સ્થિત થાતાં એ સર્વે સહેજે ટળે.'

વર્તમાન માટે તો સાધનો મળે જ પણ પછીના સાધનની વ્યવસ્થા પણ આપ મેળે ગોઠવાતી જાય છે. અણધારી રીતે જ યોગ્ય વસ્તુઓ ને વ્યક્તિઓનો ભેટો થતો જાય છે. માત્ર ભૌતિક જરૂરિયાતો જ નહિ પણ સાધના અંગેની આધ્યાત્મિક જરૂરિયાતો પણ પોષાય છે.

"રામકૃષ્ણ પરમહંસ સગુણ ઉપાસનાનો પાર પામી ચૂકયા. ભગવતીના અનન્ય ઉપાસક હતા. ભગવતી કાલી સાક્ષાત્ હાજરાહજૂર રહેતાં. એક દિવસ બ્રહ્મનિષ્ઠ તોતાપુરી

ફરતા ફરતા ત્યાં આવી ચડયા. રામકૃષ્ણદેવને કહે : 'પાલો, સાધનાનાં આગળનાં સોપાન બતાવું. સગુણ ને સાકારમાંથી નિર્ગુણ નિરાકાર તત્ત્વમાં પહોંચવું અનિવાર્ય છે. એ જ અધ્યાત્મનું આખરી ધામ છે.'

"રામકૃષ્ણદેવ તો દોડયા મા પાસે. માને કહે. 'મા તોતાપુરી કરીને કોઈ મહાત્મા આવ્યા છે ને મને આવી આવી વાત કહે છે. મા, મારે શું કરવું ?'

મા બોલી : 'બેટા, મેં જ એ મહાત્માને તારી પાસે મોકલ્યા છે. હવે એમની જરૂર છે. એ જે શીખવે તે શીખી લે.' અને રામકૃષ્ણદેવ તો અનન્ય ભાવથી લાગી ગયા. જે તોતાપુરી ત્રણ દિવસથી વધુ કયાંય રોકાતા નહિ તે રામકૃષ્ણદેવ જેવા સત્ શિષ્ય માટે અગિયાર માસ રોકાયા. જે શિષ્યને ગુરુ પર અનન્ય નિષ્ઠા ને ભકિત હોય તેના પર ગુરુ કૃપાની અનર્ગળ વર્ષા કરે છે. પૂ. લીલાશાહ બાપુ પાસે પણ સાધના માટે ઘણા શિષ્યો આવતા. તે બધામાં અનન્ય નિષ્ઠાવાળા, ગુરુ પર અનન્ય પ્રેમ-ભકિત રાખનારા જીવનનું પરમ પાથેય પામી ગયા, બાકીના રહી ગયા. આ અનન્યતા પણ નિત્ય નિરંતર રહેવી જોઈએ. તેથી 'नित्याभियुक्तानां' શબ્દ વાપર્યો છે. ગીતાનો આ શ્લોક સાધકોને માટે બહુ હિંમતદાતા નીવડે છે.

"ઈશ્વર માટે જેવો અનન્ય ભાવ આવ્યો કે તરત ઈશ્વર ભકતનાં બધાં કામ ઉપાડી લે છે. કૃષ્ણ ભગવાને

અર્જુનની જવાબદારી તો માથે લીધી પણ સાથે સાથે અર્જુનના ઘોડાઓની પણ જવાબદારી સ્વીકારી.

અનન્યતા ચૂકયા તો તરત ફટકો પણ પડવાનો જ છે. હનુમાનજી એક જ કૂદકે સમુદ્ર પાર કરી ગયા હતા. પણ તેઓ એકવાર ભૂલી ગયા કે રામ ભગવાન પ્રતિની અનન્ય ભક્તિના કારણે તેમની ઇચ્છાશક્તિમાં અનુપમ સામર્થ્ય પ્રગટ્યું હતું. તેથી તેમને પોતાના કર્તૃત્વ પર ગર્વ થયો. તે વખતે લવ અને કુશે, કાચી વયના બે બાળકોએ એમને એમની જ પૂંછડીથી બાંધી દીધા ને સીતામાતા સમક્ષ ખડા કરી દીધા. પછી બોલ્યા : 'મા, આ વાંદરો બહુ તોફાન કરે છે તેથી બાંધી દીધો છે.

"ઈશ્વર તો कर्तुं अकर्तुं अन्यथाकर्तुं समथः છે. તે સર્વ કંઇ કરી શકે છે, કરેલાંને મિથ્યા પણ કરી શકે છે. તેની કૃપાદૃષ્ટિથી મૂંગો વાચાળ બની જાય છે ને પાંગળો મેરુપર્વત ઓળંગી જાય છે.

"જીવનના બોજાને ફેંકીને જીવન હળવું ફૂલ બનાવવું હોય તો ક્યાંક ને ક્યાંક અનન્યભાવ કેળવવો જ પડશે. વેદાંતના સત્સંગથી તૈયાર થયેલો સાધક સચ્ચિદાનંદ પરમાત્મામાં અનન્યભાવ કેળવે છે, જ્યારે બાકીના આ કે તે દેવી દેવતામાં અનન્યભાવ સ્થાપે છે. કોઇ વળી મેલડી તો કોઈ શીતળાને સૌથી વધુ શક્તિમાન માની અનન્યભાવ રાખે છે. ભગવાન કહે છે કે અન્ય દેવદેવીને ભજનારની

શ્રદ્ધાને હું અચળ બનાવું છું અને તે દેવદેવી દ્વારા હું જ તેમની કામના પૂરી કરું છું.

"ઈશ્વરને તમે દ્વૈત ભાવે ભજો કે અદ્વૈતનિષ્ઠા કેળવો. તમારી ભાવના પ્રમાણે તમને આનંદ મળશે. તે તે પ્રકારની સાધના માટેનું વાતાવરણ પણ મળશે. શરૂઆતમાં હું પીપળાની પૂજા કરતો. એવું વાતાવરણ પણ મળ્યું હતું ને જોઈતી સામગ્રી પણ મળી રહેતી. અંદરથી પ્રેમ એટલો ઊભરાતો કે પીપળાને આલિંગન કરતો. વર્ષો સુધી આ મજા લૂંટી. જે સાધનમાં તમારો ભાવ હોય તે સાધનમાં ઈશ્વર મીઠાશ ભરી દે છે. તમારો ભાવ હોવો, પાકી નિષ્ઠા હોવી એ અગત્યની વાત છે. નિષ્ઠા પાકી હોય તો **કોઈ પણ કઠિન કાર્ય પૂરું થઈ જાય.** આ જ જન્મમાં પરમાત્માના સમગ્ર સ્વરૂપને પામવાનો દૃઢ સંકલ્પ હોય, અનન્ય ભાવ હોય તો તે પણ બની શકે. ગીતાના સાતમા અધ્યાયના પ્રથમ શ્લોકમાં ભગવાન કહે છે :

"હે પાર્થ, અનન્ય પ્રમથી મારામાં આસક્ત ચિત્તવાળો તથા અનન્ય ભાવથી મને આશ્રિત થઈને યોગમાં લાગેલો તું જે રીતે બધા જ વિભૂતિ, બળ, ઐશ્વર્ય વગેરે ગુણોથી યુક્ત મારા સમગ્ર સ્વરૂપને તું સંશય રહિત જાણીશ તે રીત વિષે સાંભળ."

"પરમાત્માના સમગ્ર સ્વરૂપને જાણ્યા પછી બાકી શું રહે ? સમગ્ર બ્રહ્માંડ તેની આગળ તુચ્છ બની જાય. અનન્ય

નિષ્ઠા હોય તો એક જ જન્મમાં એ બની શકે પણ જો જરાક ઢીલા થયા કે આવતા જન્મે જાણીશું, તો પછી કેટલા જન્મોની વણઝાર ચાલશે તે કલ્પી શકાય નહિ. દાદરના સૌથી ઉપરના પગથિયા પરથી જો લોટો એક પગથિયું પણ ગબડે તો પછી એક પછી એક પગથિયાં વટાવતાં.“ ઠંઠં ઠઠં ઠં ઠઠઠં ઠઠં ઠઃ... ” એમ અવાજ કરતો છેક નીચે જ આવે.”

[અત્યાર સુધી શાંતિથી સાંભળી રહેલા શ્રોતાઓ પૂજ્યશ્રીને આ અભિનયયુકત વાકય ઉચ્ચારતા જોઈ હસી પડે છે.]

પૂ. સ્વામીજી : “સંકલ્પ વહેલો મોડો સિદ્ધ થાય જ છે એવી શ્રદ્ધા તો સામાન્ય માનવીને પણ હોય છે. પછી ભલે તે એ શ્રદ્ધાથી અજાણ હોય. નાનાં છોકરાંઓ જયારે રાજા, વજીર, શેઠ, મોટર, વિમાન વગેરેની રમત રમતાં હોય તો માતા કંઈ બોલતી નથી. પણ જો કોઈ છોકરું ભીખારણ બનવાની રમત રમતાં સાદ પાડે કે : “ભગવાનના નામે પાઈ-પૈસો, ટુકડો રોટલો, કાપડનો કકડો દેજો રે માઈ....તમારાં છોકરાં સુખી થશે....સદાય તમારી વાડી લીલી રહેશે રે માઈ........”

[પૂ. સ્વામીજીને લહેકાથી બોલતા જોઈ બધા શ્રોતાઓ ખડખડાટ હસી પડે છે. પૂજ્યશ્રી પણ હસી રહ્યા છે. પછી હાસ્ય ખાળીને....]

પૂ. સ્વામીજી : “ તે છોકરાની મા તરત તેને ધમકાવીને ચૂપ કરી દેશે ને એ રમત છોડી બીજી કોઈ રમત રમવાનું કહેશે. ભીખારી હોવાનો વિચાર પણ સાચો થઈ જાય તો ? અને વાત પણ ખરી છે. દરેક વ્યકિત અત્યારે જે કંઈ છે તે તેની કલ્પના મુજબ જ છે. ખુદ સચ્ચિદાનંદ સ્વરૂપ હોવા છતાં દીનહીન બની સંસારમાં ભટકી રહ્યો છે. આ અર્થહીન રઝળપાટ છોડીને પોતાના મહિમામાં જાગી જવા માટે દૃઢ સંકલ્પપૂર્વક અનન્ય નિષ્ઠા કેળવવી પડશે. પરમાત્માનું સમગ્ર રૂપ જાણતાં તમે તેનાથી ભિન્ન નહિ રહો. માટે નબળો વિચાર તો કરવો જ નહિ. ભાઈ ! આ તો મહાપુરુષોના અનુભવની વાત છે. બાકી તમે તો મરજીના માલિક છો. તમને વિચાર કરતાં કોણ રોકી શકે ?”

[આટલું કહીને પૂ. સ્વામીજી શ્રોતાઓ સામે જોતાં મંદમંદ હસી રહ્યા છે. શ્રોતાઓ પણ સમજી જાય છે કે પાણીમાં આંધાધૂંધ ફેલાઈ જતી લીલાની જેમ ખોપડીમાં નિબંધ રીતે ફેલાઈ જતા વિચારો માટે સભાન થવા માટેની આ એક ચીમકી છે.]

પૂ. સ્વામીજી : “ અદ્વૈતનિષ્ઠા તો આખરી ચીજ છે. તે સિદ્ધ કરવા માટે અનન્ય ભકિત ઇશ્વર પ્રત્યે કે સદ્ગુરુ પ્રત્યે હોવી જોઈએ. સદ્ગુરુ અને ઈશ્વર વચ્ચે અભેદ છે.

" જીવનો પરમ હિતૈષી પરમાત્મા જેવો બીજો કોઈ જ નથી. છતાં આ જીવડો સંસારી મિત્રો બનાવવામ ને તેમને ખુશ કરવામાં જ પોતાનું હિત સમજે છે. મિત્રોને રાજી રાખવા અને શત્રુઓનું કાસળ કાઢવાની ચિંતા કરતાં કરતાં પોતે ચિતા ભેગો થઇ જાય છે. ઇષ્ટને મજબૂત ન બનાવતાં અનિષ્ટને ઠીક કરવા દોડે છે. તમારો પરમ ઇષ્ટદેવતા તમારા પર રાજી હોય તો બીજાં અનિષ્ટો તમને સ્પર્શી પણ ન શકે.

" પરમાત્મામાં અનન્ય ભક્તિ થઇ જાય તો તમને પરમાત્મા કંઇ આપે નહિ પણ તમને પોતાનામાં જ મેળવી દે. બોલો, હવે તમને કંઈ આપવાનું બાકી રહે ?

" એકવાર કવિ દંડી અને કવિ કાલિદાસ વચ્ચે વિવાદ થયો. બંને કહે હું મોટો કવિ. બંને જણ સંસ્કૃત સાહિત્યના પ્રખર વિદ્વાન ને પ્રતિભાશાળી કવિ. બંને મહાન. હવે, એમાં મોટો કોણ એનો નિર્ણય કોણ કરી શકે ? અલબત, એમનાથી મોટો હોય તે જ ન્યાય આપી શકે. તેથી બંને ચાલ્યા સરસ્વતી દેવી પાસે. વિદ્યા અંગે નિર્ણય લેવાનો હતો ને ! બંને જણ સરસ્વતી માતાના લાડકા દીકરા. હવે તેમને કેમ સમજાવવા ? માતાજી તો પ્રગટ થયાં. બંનેની વાત સાંભળીને પછી બોલી ઊઠયાં : 'कविर्दंडी कविर्दंडी कविर्दंडी न संशयः। કવિ તો દંડી છે એમાં કોઈ શંકા નથી.'

" આ સાંભળીને કાલિદાસને તો ચાટી ગઇ. અને વાત પણ ખરી. તેનો ગુસ્સો ભભૂકી ઊઠયો. તેણે ક્રોધમાં જ માતાને પૂછયું : 'રાંડ, તો પછી હું કોણ છું ?' સરસ્વતી દેવી બોલ્યાં : 'બેટા, તું તો મારું જ સ્વરૂપ છે.' આ સાંભળી કાલિદાસનો બધો ક્રોધ હવાઇ ગયો. શ્રેષ્ઠ કવિ દંડી છે પણ કાલિદાસ તો સરસ્વતીનું જ સ્વરૂપ છે. આમાં બંનેને ન્યાય થઇ ગયો. બંનેને સમાધાન મળ્યું.

" ભગવાન પણ ભક્તોનું વર્ણન કર્યા પછી કહે છે : 'उदाराः सर्व पवैते ज्ञानीत्वात्मैव मे मतम्। બીજા બધા સારા છે, પણ જ્ઞાની તો મારો આત્મા છે, મારું જ સ્વરૂપ છે.' કેમ કે જ્ઞાનીમાં અનન્ય ભક્તિ છે. 'तेषां ज्ञानी नित्ययुक्तः पकभक्तिर्विशिष्यते।'

" ભગવાન સાથે અભેદ બનેલ ભક્ત ખૂબ જ મસ્તીમાં રહે છે. તે મોજમાં આવીને ઈશ્વરને છેડે છે ને ઈશ્વર પણ આવા ભક્તની છેડતી કરી આનંદ-વર્ષા કરે છે. આ છેડછાડમાં એવાં ગલગલિયાં થાય છે કે....અરે બાબા, હવે વધુ મોં ન ખોલાવો તો સારું. એ વાત જ નિરાળી છે."

[પૂ. સ્વામીજી મધુર ભાવમાં લીન બની જાય છે. નેત્ર બંધ કરી એ અગમ્ય પ્રદેશમાં એક આંટો મારવા ગયા હોય એવું લાગે છે. થોડીવાર પછી પાછું વક્તવ્ય શરૂ કરે છે. એમનો અવાજ પેલા મધુર ભાવમાં ઝબોળાઈને વધુ ભીનો અને મીઠો બની ગયો છે.]

પૂ. સ્વામીજી : " મધુરાભક્તિમાં ભગવાનનું આલિંગન એટલું મીઠું છે કે બ્રહ્મલોકનું ઐશ્વર્ય તેની આગળ કાક વિષ્ટા સમાન તુચ્છ બની જાય. આવું સૌભાગ્ય અનન્ય શ્રદ્ધા, અનન્ય નિષ્ઠા, અનન્ય ભક્તિવાળાને મળે, રોતી, ફૂટતી, તૂટતી શ્રદ્ધા–ભક્તિવાળાને નહિ. અરે, વ્યવહારમાં પણ રોતા રોતા જશો તો કાર્ય સિદ્ધ નહિ થાય. તમે પણ આ અનુભવ કર્યો હશે.

" શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિમાં અખંડતા જોઈએ, અનન્યતા જોઈએ. તમારામાં પ્રેમ તો છે પણ તે અનેક વસ્તુઓ અને વ્યક્તિઓ માટે, નશ્વર ચીજો માટે વિખેરાઈને ટુકડે ટુકડા થઈ ગયો છે. આ અનેકતાના રણમાં તમારા ભાવનું ઝરણું ફેલાઈને અંતે સૂકાઈ જાય છે. તમારું જીવન કોરું ને રૂક્ષ જ રહી જાય છે. પ્રેમનાં પુષ્પો પાંગરતાં નથી. ઈશ્વરનો સ્પર્શ અનુભવાતો નથી. અને ઈશ્વર સિવાયનાં બધાં સુખો પાછળ વ્યર્થતાના કાંટા ઊગેલા જ હોય છે. જરાક જાગીને વિચાર કરશો તો આ વાત સમજાઈ જશે ને તમે ઈશ્વરના માર્ગે ચાલી નીકળશો. બાકી મૂઢાને તો કાંટા કાંટા જ લાગવા બંધ થઈ જાય છે. તેમનું સંવેદન તંત્ર જ જડ ને સ્થગિત થઈ જાય છે.

" ઈશ્વર પ્રત્યે કે સત્ગુરુ પ્રત્યે અનન્ય ભાવ જાગી જાય તો તેઓ તમારા જીવનની દોરી હાથમાં લઇને તમને રમાડતાં રમાડતાં પરમધામ સુધી દોરી જાય છે. સત્ગુરુ

પર અનન્ય નિષ્ઠાવાળા શિષ્યનું સર્વ પ્રકારે હિત થાય તેની કાળજી અવશ્ય રાખે છે. પછી ભલે બંને વચ્ચે માઈલોનું ભૌતિક અંતર હોય. સત્ગુરુ તો પરમાત્મ સ્વરૂપ બનેલા હોય છે તેથી દેશકાળથી પર થઈ જાય છે. જેવી રીતે કાચબી કિનારે પોતાનાં ઈંડાં મૂકીને પાણીમાં જાય છે પણ ચિંતન દ્વારા ત્યાંથી જ કિનારે મૂકેલાં ઈંડાંનું સેવન કરે છે. આજ પ્રમાણે સત્ગુરુ પણ દૂર હોય છતાં શિષ્યની સાધનાને પોષે છે. ગુરુ અને શિષ્ય વચ્ચેના, ઈશ્વર અને ભક્ત વચ્ચેના આ સંબંધો કેવા હોય છે તે જાણવું હોય તો એકવાર પૂર્ણ રીતે ગુરુના બની જુઓ, ઈશ્વરના બની જુઓ. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. ગોળનું વર્ણન કરતાં પોથાં થોથાં ખટારો ભરાય એટલાં વાંચશો તોય ગોળનો અસલ સ્વાદ કેવો છે તે નહિ સમજાય. એ સ્વાદ સમજવો હોય તો ગોળનું એક દડબું મોંમાં મૂકી જુઓ. આ વાત સમજો છો કે નહિ ?"

[શ્રોતાઓ 'જી સાંઈ' કહી હાથ જોડે છે.]

પૂ. સ્વામીજી : " જે સાધક કે ભકત ગુરુ કે ઈશ્વરનો થઈ જાય છે તેનો બધો બોજો ઊતરી જાય છે. વર્ષો સુધી અટવાતા જીવનને એક રાજમાર્ગ મળી જાય છે. એકલા સાધન ભજન કરતાં જે અવગુણોથી છૂટતા ન હતા તે અવગુણો હવે કયાં સરી જાય છે તેની ખબર પણ નહિ પડે. સંકુચિતતાની બંધ મૂઠી ખોલવાનું સાહસ કયાંથી

ઊતરી આવે છે તેની સમજ પણ નહિ પડે ને તમે વિશાળતા-ના મુક્ત ગગનમાં વિહાર કરતા થઈ જશો.

"બધાં જ સૂત્રો સોંપી દેવાની તૈયારી હોય તો તમારા સાધના પથની બધી આંટી ઘૂંટીઓ તમારા પરમ પ્રેમાસ્પદ સંભાળી લેશે. જેમ કોઈ સરકારી અમલદારની જવાબદારી સરકાર ઉપાડે છે, 'ડયૂટી' પર તેનું મૃત્યુ થતાં તેના કુટુંબની જવાબદારી પણ સરકાર સંભાળી લે છે, તેમ અધ્યાત્મના માર્ગમાં પણ મોટી સરકાર તમને ઊર્ધ્વલોકમાં ઉઠાવશે, જીવનને ચમકાવશે, ક્ષુદ્રતાઓથી મુક્ત કરશે. લોકોની ચૂંટેલી સરકાર પણ તેના માણસ માટે જવાબદારી વહન કરે તો પરમ પાલક પરમાત્મા શું ન કરે ? પણ દુર્ભાગ્યની વાત છે કે આ સરળ વાત લોકોને કઠિન લાગે છે. એકવાર એ વાત સમજાઈ જાય ને ગળે ઊતરી જાય તો બેડો પાર થઈ જાય. પરમ પ્રાપ્તવ્યની પ્રાપ્તિ પછી દૂર ન રહે.

માટે જ :

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥

'જે અનન્ય પ્રેમી ભક્તજનો નિરંતર ચિંતન કરતાં નિષ્કામ ભાવથી મને ભજે છે તે નિત્ય નિરંતર મારું ચિંતન કરનાર મહાપુરુષોનું યોગક્ષેમ હું વહન કરું છું, અર્થાત તેમને અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવું છું અને પ્રાપ્ત થયેલાંનું સંરક્ષણ કરું છું.'

卐 ૐ 卐

એકે તે સબ હોત હૈ

[અમૃતવાણીમાંથી એક અંશ]

બાર વર્ષ સુધી ગુરુ સાથે રહ્યા પછી એક શિષ્ય ગુરુને કહે : 'ગુરુજી, મને તીર્થધામોની યાત્રા કરવાની ઇચ્છા થઈ છે. બાર વર્ષથી ક્યાંય ગયો નથી. આપ આજ્ઞા આપો તો થોડા સમય માટે ફરી આવુ.

ગુરુએ રજા આપી. શિષ્યે પોતાના ભરણપોષણનો પ્રશ્ન મૂક્યો તો ગુરુએ એક ભોજપત્ર પર એકડો લખી આપતાં કહ્યું : 'લે બેટા, આ તારી પાસે રાખજે. તને રોજ એક રૂપિયો મળતો રહેશે. તેમાંથી તારાં દરરોજનાં ભોજનાદિનો ખર્ચ સહેલાઈથી પતી જશે.'

શિષ્યે શ્રદ્ધાથી એ ભોજપત્ર પોતાની પાસે રાખી લીધું અને ગુરુને પ્રણામ કરી યાત્રાએ ચાલી નીકળ્યો. રોજ તેને એક રૂપિયો કોઈ પણ રીતે મળવા લાગ્યો અને તેનાથી કામ સરસ રીતે ચલાવવા લાગ્યો. એક વખત તેને એક સાધુ મળ્યો. થોડા પરિચય થતાં રોટી પાણીના ખર્ચ

વિષે વાત નીકળી તો શિષ્યે ગુરુએ આપેલા પેલા ભોજપત્રની વાત કરી. સાધુ કહે : 'એમાં શું મોટી વાત છે ? હું તને રોજ દસ રૂપિયા અપાવી શકું. લેવા છે ?' શિષ્ય સંમત થયો. પેલો સાધુ કંઈક કીમિયો જાણતો હતો. તેણે ભોજપત્ર પર લખેલા એકડા આગળ એક મીંડું મૂકી દસનો આંકડો બનાવી દીધો. બીજા દિવસથી શિષ્યને રોજ દસ રૂપિયા મળવા માંડ્યા. એ તો ખુશ ખુશ થઈ ગયો. તેની યાત્રા આગળ ચાલી. વળી એક વાર બીજા એક સાધુ મળ્યા. તેમણે દસના આંકડા આગળ બીજું એક મીંડું ઉમેરી સોનો આંકડો બનાવી દીધો. હવે શિષ્યને રોજના સો રૂપિયા મળવા લાગ્યા. તેને નવાઈ લાગી. પૈસા મળતાં તેની રહેણીકરણીમાં મોટું પરિવર્તન આવી ગયું. આગળ ચાલતાં ત્રીજા એક સાધુએ એક વધુ મીંડું ઉમેરીને તેની રોજની આવક હજાર રૂપિયા કરી આપી. હવે શિષ્યનો રંગ બદલાઈ ગયો. તે ખૂબ જ ઠાઠમાઠથી રહેવા લાગ્યો ને મુસાફરી કરવા લાગ્યો. તેના મનમાં થયું કે મારા ગુરુએ તો માત્ર રોજનો એક જ રૂપિયો આપ્યો પણ આ મહાત્માઓ કેવા સમર્થ ને દયાળુ છે કે મને આટલા રૂપિયા મેળવતો કરી દીધો !

યાત્રા પૂરી થતાં શિષ્ય ગુરુ પાસે પાછો આવ્યો. ગુરુ તો શિષ્યના દોર દમામ જોઈ વસ્તુસ્થિતિ પામી ગયા. શિષ્યે ગુરુ આગળ પોતાનો અસંતોષ વ્યકત કર્યો ને ૧૦, ૧૦૦ તથા ૧૦૦૦ રૂપિયા અપાવનાર પેલા સાધુઓની પ્રશંસા કરવા માંડી.

ગુરુ કહે : ' એમ ? હવે તું રોજના હજાર કમાતો થયો ? ત્યારે તો તને હવે મારા એક રૂપિયાની જરૂર નહિ રહી હોય.' શિષ્ય કહે : ' ના, હવે આપના રૂપિયાની જરૂર નથી. જોઈએ તો પાછો લઈ લો.'

ગુરુએ ભોજપત્ર લઈ તેના પર લખેલ આંકડામાંથી પોતાનો એકડો હટાવી દીધો ને ભોજપત્ર શિષ્યને પાછું આપ્યું. ગુરુએ પોતાની કળા પાછી ખેંચી લીધી ને પેલા સાધુઓએ ઉમેરેલાં એકડા વગરનાં મીંડાં નકામાં થઈ ગયાં. શિષ્ય સાવ કડકો થઈ ગયો. ગુરુ કહે : ' લે બેટા, હવે મોજ કર.'

જેમ એ કડા વગરનાં બધાં મીંડાં નકામાં છે તેમ આત્મા કે પરમાત્મા સિવાય બધું નકામું છે. આત્માને લીધે જ બાકીના બધા પ્રપંચને સત્તા મળે છે.

' एके ते सब होत हैं सबसे एक न होत । '

આ આત્માને શેઠ કહો, સાહેબ કહો, માલિક કહો કે પિતા કહો. તમને જે ગમે તે કહો. પણ એ જ એકમાત્ર સાર છે. તેના પર જ બાકીનો બધો ખેલ ચાલે છે. એ આત્મા એક છે ને અમર છે, આનંદ સ્વરૂપ છે. બાકીનો બધો બોજો છે. એમાંથી કોઈ સાર ન નીકળે. એકડા વગરનાં મીંડાં-

વાળી મોટી રકમની કોઈ પાસે ઉઘરાણી કરવા નીકળો તો શું મળે ? એકડા વગરનાં બધાં મીંડાં નિરર્થક છે. તેમ આત્મા વિના પ્રકૃતિનો બધો ઠઠારો નિરર્થક છે. એક માત્ર આત્મા સાર્થક છે.

આ શરીર અશુદ્ધ છે, વિષની વેલ સમાન છે. તેના સંપર્કમાં આવનાર પણ અશુદ્ધ થઈ જાય છે. ગમે તેવું સુંદર, સ્વાદિષ્ઠ ને કીમતી ભોજન હોય પણ શરીરના સંપર્કથી થોડા કલાકોમાં જ વિષ્ઠારૂપ બની જાય છે. શુદ્ધ ધોયેલું વસ્ત્ર એકવાર પહેરીને ઉતાર્યું તો અશુદ્ધ થયું કહેવાય. આમ છતાં શરીર આપણને સારું લાગે છે. કારણ કે તેમાં પરમાત્મા છુપાયો છે. આ પરમ શુદ્ધ પરમાત્માને પામી લઈએ પછી કંઈ પામવાનું બાકી રહેશે નહિ. બાકીનું મેળવેલું તો બધું છૂટી પણ જશે. ધન, વૈભવ, મકાન, દુકાન, યશ, સત્તા, સ્ત્રી, પુત્ર, પરિવાર એ બધું તો એકવાર અળગું થશે જ પણ એકવાર જો આત્માની મુલાકાત થઈ જાય તો પછી કદી વિયોગ ન થાય. આમ છતાં આપણે આ સદા સાથ આપનાર આત્માની કાળજી ન લેતાં બીજું બધું ભેગું કરવા મંડી પડયા છીએ. સદીઓથી આજ સુધી કેટલાંય મા બાપ, પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ બનાવતા આવ્યા છીએ. પણ એ બધાં છૂટતાં રહ્યાં છે, વિખૂટાં પડતાં રહ્યાં છે. અત્યાર સુધી જે કંઈ બનાવ્યું તે છૂટી ગયું છે. પણ જે બનેલો જ છે તે કદી છૂટવાનો નથી. એ આત્માને જાણી લઈએ તો બેડો પાર થઈ જાય.

પણ આપણને તેની તરફ જોવાની ફુરસદ નથી. એને ભૂલીને જે કંઈ મળશે તેની કોઈ કીમત નથી અને એને મેળવીને બાકીનું બધું ખોઈશું તો કોઈ હાનિ નથી. આત્મા એટલો મૂલ્યવાન છે. એ વિષે તો શબ્દો ટૂંકા પડે છે. એનો મહિમા વર્ણવતાં વેદો થાકયા છે.

शास्त्रजालं महारण्यं चित्तभ्रमस्य कारणम् ।

'શબ્દો ટૂંકા પડે છે માટે શબ્દો છોડો' એમ કહેતાં પણ શબ્દો જ ઘૂસી જાય છે. મહાપુરુષો પણ શું કરે ? સંસારમાં શબ્દો જ છે તેથી તેમને પણ શબ્દો બોલવા પડે છે, સંસારી લોકો શબ્દો સિવાયની ભાષા જ સમજતા નથી તેથી એ માધ્યમ દ્વારા જ તત્ત્વનો નિર્દેશ કરવો પડે છે, બાકી પરમ મૌનમાં જે સ્વાદ છે, મન-વાણી ન પહોંચે એવા આત્માનો જે સ્વાદ છે તેની આગળ તો બ્રહ્માંડનો વૈભવ કુરબાન છે.

ૐ શાંતિઃ

जब भूल जाता आपको, तब ठोकरें खाता फिरे ।
ऊँचा चढे, नीचा गिरे, जन्मा करे फिर फिर मरे ॥
गुरु शास्त्र सेवा ज्ञान, मारे रेखपर भी मेख है ।
भ्रम भेद जब मिट जाय, भोला ! एक का ही एक है ॥

*



તત્ત્વમસિ

[પૂજ્યશ્રીના શ્રીમુખેથી……]

એક વાર હું પ. પૂ. સ્વામીજી શ્રી લીલાશાહ બાપુના સાંનિધ્યમાં નૈનિતાલના આશ્રમે ગયો હતો. ૯૦ વર્ષ વટાવી ચૂકયા હોવા છતાં પૂજ્યશ્રી દરરોજ શારીરિક પરિશ્રમ અચૂક કરતા. ઘણીવાર આશ્રમ બહાર ફરવા જતા ત્યાં આસપાસ પડેલા પથરાઓ ભેગા કરીને નાની સરખી કુટિયા બનાવી દેતા. ત્યાં આવનારા કોઈ પણ મુસાફરને એવી કુટિયાઓ કામ આવી જતી.

એક દિવસ આ જ પ્રમાણે અમે બંને પથરા વીણીને એક જગ્યાએ ઢગલો કરતા હતા ત્યાં બે કુટુંબો આવ્યાં. અમે બંને મસ્ત દશામાં હતા. લોકો વચ્ચે રહેવાનું થાય ત્યારે ધોતી વગેરે હોય પણ અત્યારે એવી પરવાહ કોણ કરે ? બંનેના શરીર પર એક-એક વસ્ત્ર જ હતું. પેલા લોકો પાસે આવ્યા. તેમને પાસે આવેલા ' ઓબ્ઝર્વેટરી ' નામના એક જોવા લાયક સ્થળે જવું હતું. પણ માર્ગ ભૂલવાથી આ

બાજુ આવી ચડયા હતા. જાણકારી મેળવવા અમારી તરફ આવ્યા. અમારા દીદાર જોઈને તેમણે અમને કુલી ધારી લીધા. તેઓમાંના એકે દૂરથી અમને ટકોરો કર્યો :

" એ કુલી, તુમ હમકો ઓબ્ઝર્વેટરીકા રાસ્તા દિખા સકતે હો ? "

સ્વામીજીએ તો એ જ સ્વાભાવિક મુદ્રામાં રહેતાં કહ્યું :

" જી હજૂર, ચલો અભિ દિખા દૂં ! "

જે નાનો ન બની શકે તે મોટો પણ ન બની શકે. પરમાત્મા તો નાનાથી પણ નાનો છે અને મોટાથી પણ મોટો છે. अणोरणीयान् महतो महीयान । આવા પરમાત્મા સાથે જેણે તાદાત્મ્ય સાધી લીધું છે તેના માટે માન-અપમાન બધું બરાબર છે. પણ મને મારા સતગુરુ માટે વપરાયેલી એ ભાષા મંજૂર ન હતી. તેથી મને તો ગુસ્સો આવ્યો. આવા મહાન સતગુરુને આ મૂર્ખાઓ કુલી કહે છે ! છતાં સ્વામીજીની સૌમ્યતા જોઈને હું શાંત રહ્યો. આશ્રમ અને ઓબ્ઝર્વેટરી એ બંને પાસેપાસે આવેલી ટેકરીઓ પર છે. અમે પેલાઓને રસ્તો બતાવવા ચાલ્યા. આગળ મોટા 'કુલી', પાછળ આ નાના 'કુલી' અને મારી પાછળ આખું લંગર !

રસ્તે ચાલતાં એક ભાઈએ પોતાની વાત કહી. તેઓ સિંધી હતાં અને જબલપુરથી નૈનિતાલ ફરવા આવ્યાં

હતાં. તેમણે પૂ. લીલાશાહ બાપુનું નામ સાંભળ્યું હતું, તેમના માટે ઊંડો આદર પણ હતો. પણ કદી જોયેલા નહિ. નૈનિતાલમાં બાપુનો આશ્રમ છે એ પણ ખબર હતી પણ સરનામું ન હતું. કેટલાક લોકોને પૂછી જોયું તો કોઇ માહિતી ન આપી શક્યું. એમણે મને પણ પૂછયું. મેં કહ્યું કે 'મેં આશ્રમ જોયો છે અને તમને પણ બતાવીશ.' અમે આમ પાછળ પાછળ વાત કરતા ચાલતા હતા ત્યારે ૯૦ વર્ષના બાપુ તો અમારા બધાથી આગળ સડસડાટ ચાલ્યા જતા હતા. આ જોઈ પેલી મંડળીમાંથી એક બાઇ સિંધી ભાષામાં બોલી ઊઠી :

"પેલો બુઢો કુલી તો જુઓ ! કેવો સડસડાટ ભાગતો જાય છે. આપણે તો તેને આંબી પણ શકતાં નથી."

હવે મારાથી ન રહેવાયું. મેં વિચાર્યું કે હવે જો આ લોકોને વધુ સમય સુધી અંધારામાં રાખીશ તો અજાણતાં જ વધુ ને વધુ દોષ કરતા જશે. તેથી મેં તેમને કહ્યું :

"તમે તો કહો છો કે તમે લીલાશાહ બાપુનાં દર્શન નથી કર્યાં. પણ હું કહું છું કે તમે દર્શન કર્યાં છે."

પેલા કહે: "ના, અમે દર્શન નથી કર્યાં. જો દર્શન કર્યાં હોય તો ખોટું બોલવાનું શું પ્રયોજન હોય ?"

મેં કહ્યું : "એ ગમે તેમ હોય પણ તમે દર્શન

કર્યાં છે એ વાત સાચી છે. આગળ જુઓ, તમે જેમનાં દર્શન કરવા માટે આશ્રમનું ઠેકાણું પૂછતાં પૂછતાં થાકી ગયા તે જ મહાન વિભૂતિ અત્યારે તમને માર્ગ બતાવવા આગળ ચાલી રહ્યા છે. બોલો, દર્શન કર્યાં છે કે નહિ ?"

"શું કહો છો ?" એમ કહીને એ દર્શક-વૃંદ ક્ષણવાર અવાક્ થઈ ગયું. જીભ બહાર નીકળી પડી. જે મહાન સંતનાં ચરણોમાં માથું મૂકી દેવાનું હતું તેમને જ અજાણતાં કુલી કહ્યા ને બુઢાની મશ્કરી કરી ! એ બધાંને પશ્ચાત્તાપ થવા લાગ્યો. દોડીને સ્વામીજીથી આગળ નીકળી ગયાં ને એમનાં ચરણોમાં આળોટી પડયાં. થયેલા અવિનય બદલ માફી માગવા લાગ્યાં.

સચ્ચિદાનંદ પરમાત્મા તમારી અંદર જ બિરાજેલો છે છતાં યુગો યુગોથી આજ સુધી તેની મુલાકાત થઇ નથી. હદ થઈ ગઈને ? પરમ આનંદના ખજાના તમારી અંદર પડયા છે છતાં અલ્પ સુખો મેળવવા માટે સદાય બહાર ભટકયા કરો છો. પોતાની જ નાભિમાં રહેલી કસ્તુરીની સુગંધની ખોજમાં કસ્તુરી મૃગ પહાડો અને જંગલોમાં રખડે છે ને અંતે મોતને ઘાટ ઊતરે છે, પણ કસ્તુરી મળતી નથી. આવી જ કરુણ ઘટના દરેક જીવના જીવનમાં બને છે. બાલ્યકાળમાં જ ખોવાઈ ગયેલો રાજકુમાર પોતાનો મૂળ મોભો ભૂલીને ભીખના એંઠા જુઠા ટુકડા માટે દીનહીન બની રહ્યો છે. અમૃતના ખજાના ઉપર જ જીવ ઊભો છે પણ તેની જાણ તેને નથી. કદાચ જાણ થાય, માહિતી

મળે તો સદીઓથી તેનાં તાળાંની ચાવીઓ ખોવાઈ ગઈ છે. અંતરના એ ખજાનાની ચાવીઓ તો અધ્યાત્મનાં રહસ્યો જેમની આગળ હસ્તામલકવત્ સ્પષ્ટ થઈ ગયાં છે એવા સત્ગુરુ જ આપી શકે છે. ભીતરના ભંડારો ખોલીને જીવને આત્મશાંતિ આપી શિવ બનાવી દેવા જ્ઞાની મહાપુરુષનો બોધ જરૂરી છે. સાધનાનાં સોપાનો સર કરાવતાં કરાવતાં એક પળ એવી આવે છે કે જ્યારે સત્ગુરુ શિષ્યને જણાવે છે કે તું જેની ખોજ કરી રહ્યો છે તે તું પોતે જ છે: तत्त्वमसि । આ મહાવાક્યનો બોધ થતાં જ અદ્વૈત સિદ્ધ થઈ જાય છે. તેના પહેલાં તો જે પરમાત્માની સત્તાથી તમે હાલો છો, ચાલો છો, ખાઓ-પીઓ છો, જે પરમાત્મામાં તમે જીવો છો, અરે! જે પરમાત્મા તમે પોતે જ છો તે પરમાત્માની મુલાકાત થતી નથી. માછલી સાગરને શોધી રહી છે પણ ક્યાંય સાગર મળતો નથી. ક્યાંથી મળે? આ તો પેલા કુલી જેવું થયું. બિચારા પરમાત્માની પણ આ જ હાલત છે. આ જીવ પરમાત્માને કુલી ઉપરાંત ભિખારી, ચાંડાલ, દુષ્ટ, દુશ્મન, કૂતરો, ગધેડો, પાગલ અને બીજું શું શું નહિ બનાવતો હોય?

આ અંધારા કૂવામાંથી નીકળી જવા માટે કોઈને કોઈ સંત કે જ્ઞાની મહાપુરુષનું શરણું લેવું અનિવાર્ય છે. આવા સંતો આજે પણ જે સાચી ભાવનાથી ખોળે છે તેને મળે છે. વસુંધરા પર જ્ઞાનીઓનો તદ્દન અભાવ ક્યારે પણ નથી હોતો.

પરમ કર્તવ્યના પંથે

[મોટેરા આશ્રમ. તા. ૩૦-૪-૭૮ રવિવાર]

રાત્રિનો પ્રારંભ થઈ ચૂક્યો છે. દૂરના કોઈ સ્થળેથી આઠના ડંકા સંભળાય છે. આશ્રમમાં બધું જ એકદમ સૂમસામ લાગે છે. સર્વત્ર શાંતિ પ્રસરી રહી છે. શું બધા આશ્રમવાસીઓ આશ્રમ ખાલી કરીને ચાલ્યા ગયા કે શું? ના, ના. તેઓ તો શરીર રૂપી આશ્રમને સમય આવ્યે સરળતાથી ખાલી કરીને ચાલ્યા જવાની કળા શીખવામાં મશગુલ બન્યા છે. પ્રવૃત્તિની ધમાલ બાદ નિવૃત્તિની નિરાંતનો સ્વાદ ચાખી રહ્યા છે.

શાંતિ કુટિરના પ્રાંગણમાં બે અઢી કલાકથી પૂજ્ય સ્વામીજીની અમૃતવાણીનું પાન કરતો સાધકસમુદાય બેઠો છે. સત્સંગ બાદ દોઢેક કલાક ધ્યાનનો કાર્યક્રમ બની જાય છે. પૂજ્યશ્રી ટૂંક સમયમાં જ ઉનાળો ગાળવા હિમાલય તરફ પધારી જવાના છે તેથી ધ્યાન અને સત્સંગનું ભરપૂર ભાથું બંધાવી રહ્યા છે. આજે ધ્યાનનો કાર્યક્રમ પણ ખૂબ

જ નિરાળો બન્યો હતો. કુંડલિની યોગની રહસ્યમય પ્રક્રિયાઓ જોઈને નવા સાધકો પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યા છે. સંસાર જ્યારે ભૌતિકવાદના ભડકે બળી રહ્યો છે ત્યારે સૌભાગ્યશાળી સાધકો આવા રમ્ય આશ્રમમાં તત્ત્વવેત્તા મહાપુરુષનાં પ્રત્યક્ષ સાંનિધ્યમાં ઈશ્વરના માર્ગે, અધ્યાત્મના માર્ગે ચાલી રહ્યા છે. પૂજ્યશ્રી એ સાધકોને તેમના સૌભાગ્ય પ્રત્યે સભાન કરતાં અમૃતવાણી વદે છે :

પૂ. સ્વામીજી :—

"ઈશ્વરીય આનંદ પ્રાપ્ત કરવામાં રુચિ જાગવી એ સદ્ભાગ્યની વાત છે. તેમાંય એ રસ ચાખનારાઓ તો ખૂબ-ખૂબ ભાગ્યશાળી છે. જેવા તેવાને તો આ માર્ગે જવું સૂઝતુંય નથી. આ દિશામાં વળી જનારને પણ પુણ્યોદયના પ્રતાપે સાચા માર્ગદર્શક ભેટે છે ને રસ ચખાડે છે. બાકી તો હજારો લોકો અથડાયા કરે છે. તેમને આ રસ જેવી કોઈ ચીજ હસ્તીમાં છે એવો ખ્યાલ પણ નથી.

"તમે બધા ખૂબ ખૂબ ભાગ્યશાળી છો. નહીં તો યોગનાં અચરજ પમાડે એવાં રહસ્યોનાં દર્શન ક્યાંથી થાય ? અહીં જે જોવા મળે છે, જેનો અનુભવ થાય છે તે ગૂઢ પ્રદેશની વાતો છે. સમર્થ યોગીની કૃપાથી જ તેનો પરિચય થઈ શકે છે, અન્યથા નહિ. અજાણ્યા માટે તો અગમ્ય ચીજ છે. તેમને બાહ્ય તમાશો જ જોવા મળે, અસલનો તો અણસાર સુદ્ધાં ન આવે. સંસારમાં હજારો

ને લાખો લોકો રમમાણ છે. તેમાંના આંગળીના વેઢ ગણાય એટલા આ મસ્તી ચાખી શકે છે. તમે આ વિરલ સંખ્યામાં નંબર ધરાવો છો તેથી પરમાત્માને ધન્યવાદ આપો. પરમાત્મા અહીં ફકીર દ્વારા અનર્ગળ વરસી રહ્યો છે. કુંડલિની યોગનાં પડ એકપછી એક ખુલી રહ્યાં છે. અહીં જે કૃપા વરસે છે તેને આ માર્ગમાં શક્તિપાત કહેવાય છે. જે લોકો નવા છે, જેમનું પ્રાણબળ ઓછું છે, જેમને સંતમાં પૂરી શ્રદ્ધા થઈ નથી, અંતઃકરણ અને નાડીઓમાં હજુ અશુદ્ધિ છે, જેમને હજી આ માર્ગમાં પ્રવેશવા માટે કર્મો નડે છે તેવા લોકોને આવી કૃપા સ્પર્શ કરતી નથી. તેઓ આ કૃપામાં તરબોળ થતા બીજા લોકોને જોઈ તાજુબી અનુભવે છે. જે લોકો જૂના છે, જેમનાં પુણ્યો જોર કરે છે, જેમને સંતમાં અતૂટ શ્રદ્ધા છે, જેમનાં હૃદય શુદ્ધ ને ભાવુક બન્યાં છે તેઓ આ શક્તિ-સંપ્રેક્ષણનો લાભ ઉઠાવી શકે છે, ને શક્તિ હજમ કરી શકે છે. વરસાદ તો બધે સરખો પડે છે. પણ ટેકરાવાળી ને વણખેડેલી જમીન પરથી પાણી વહીને ચાલ્યું જાય છે જ્યારે સમતળ અને ખેડેલી જમીનમાં પાણી ઠરે છે ને જમીનને રસદાર બનાવે છે. ત્યાં લીલુડો પાક ઊગે છે. પરમાત્મા ફકીરની આંખ, વાણી અને સંકલ્પ દ્વારા વરસે છે.

"નૂરાંણી નજરસાં નિહાર કર્યો..."

"તમે કહેશો, આ શક્તિની વૃષ્ટિ દેખાતી તો નથી. એ ન દેખાય. પાવર હાઉસમાંથી વાયર દ્વારા વીજળીનો

કરંટ આવે છે પણ દેખાતો નથી. વાયરને સ્પર્શ કરતાં જ તેનો અનુભવ થાય છે. તે જ રીતે આ શકિત દેખાતી નથી પણ આવે છે જરૂર. શુદ્ધ, સરળ અને કોમળ હૃદયવાળો તે શકિતનો સ્પર્શ અનુભવી શકે છે. આ શકિતના સ્પર્શથી તેમનામાં સુષુપ્ત પડેલી શકિત જાગૃત થઈ જાય છે. જેમ દારૂખાનાના ભંડારને આગની એક ચિનગારી મળતાં તે સળગી ઊઠે છે, મોટો વિસ્ફોટ થાય છે તેમ સાધકમાં સૂતેલી એ મહામાયા કુંડલિનીને ફકીરની કૃપાનો ધક્કો લાગતાં તે છેડાઇ પડે છે. એ ઝેરીલી નાગણ છંછેડાઈને, મૂલાધાર ચક્રમાંથી જાગૃત થઈને ઊંચે ચડે છેને સાધકના તન, મન અને જીવનનાં વિષ પી જાય છે, પાપોનો દાહ કરે છે, નાડીઓનું શુદ્ધિકરણ કરે છે ને જીવને શિવના દરબારના રસ્તે ચડાવી દે છે. આ શકિત જાગે છે ત્યારે સાધક શરીરનું બાહ્ય ભાન ભુલી જાય છે. તે હસવા લાગે છે, રડવા લાગે છે, ગાવા લાગે છે. કોઈને અનેક પ્રકારનાં આસનો થવા લાગે છે. આ હરેક ક્રિયાઓમાં સાધકનું કલ્યાણ જ થાય છે જ્યારે આ મહાશકિત સાધકના શરીરનો કબજો લે છે ત્યારે તેને કોઇ પણ પ્રકારનું નુકશાન થતું નથી. આ વાતમા કોઈ સંદેહ નથી. ચૈતન્ય મહાપ્રભુને કીર્તન કરતાં કરતાં આવી ક્રિયાઓ થતી અને સમાધિ લાગી જતી. એકવાર સમાધિ અવસ્થામાં તેઓ એક તળાવમાં પડી ગયા, ડૂબી ગયા ને એક માછીમારની જાળમાં આવતાં માછીમારે તેમને બહાર કાઢયા ને ભાનમાં લાવ્યા. ઓલો, ડૂબી જવા છતાં મૃત્યુ થયું નહિ.

“ આજે વૈજ્ઞાનિક સાધનોની સહાયથી આ શકિતના પ્રભાવને જાણવાના પ્રયોગો થઇ ચૂકયા છે ને અજાયબી પમાડે એવાં રહસ્યો વૈજ્ઞાનિક જગતમાં પ્રગટ થઈ ચૂકયાં છે. અહીં બેઠેલા મહાત્મા હજારો માઈલ દૂર રહેલા બીજા મહાત્મા સાથે સંપર્ક સાધીને વાતચીત કરી શકે છે એવા પ્રયોગો થઈ ચૂકયા છે.

“ કરોડોમાંથી દસ સંત આ શકિતનું સંપ્રેક્ષણ કરી શકે છે ને અબજોમાંથી કેટલાક હજાર જ એ શકિતને સમજી શકે છે, ઝીલી શકે છે ને સ્વાદ ચાખી શકે છે.

“ દુનિયામાં એવી કોઈ શકિત નથી કે જે આ સંપ્રેક્ષણ શકિત ઝીલ્યા પછી મળી ન શકે. તમારામાં જે યોગ્યતા સૂતેલી પડી હોય તે આ શકિતપાત પછી ખીલી ઊઠે છે. તમે વેપારી ગુણો ધરાવતા હો તો જબરા વેપારી બની જાઓ, ડાકુના સંસ્કાર હોય તો અઠંગ ડાકુ બની જાઓ. અલબત, શ્રદ્ધાથી આ શકિતને સંભાળો, ઝીલો ને તેનું સંવર્ધન કરો તો અંતે તો તે વેપાર, ડાકુગિરી વગેરેમાંથી મુક્ત કરી શિવ સાથેના મિલનના માર્ગે ચડાવી દે. અને સંપ્રેક્ષણ શક્તિનું મુખ્ય ને એકમાત્ર પ્રયોજન છે જીવ અને શિવનું મિલન કરાવવાનું. શરત એ છે કે આ માર્ગે ભાવથી ચાલવું પડે, શકિતદાતા એવા સંતમાં ભગવત્-બુદ્ધિ કેળવવી પડે. નામદેવે તો કૂતરામાં પણ ભગવત્-બુદ્ધિ કરીને ભગવાનને પ્રગટ થવા ફરજ પાડી હતી. તમારે તો જીવનમુકત ફકીરમાં ભગવત્ બુદ્ધિ કરવાની છે જ્યાં ભગવાન પોતાની કળાઓ પ્રગટ્ટી

રહેલ છે. આવી ભાવના કરશો તો સાધનામાં ઝડપી પ્રગતિ થતી જશે. એકલા સાધના કરતાં દાયકાઓ પછી જે ઉપલબ્ધિ થાય તે ઉપલબ્ધિ જીવનમુક્તના સાન્નિધ્યમાં ધ્યાન–ભજન કરવાથી દિવસોમાં કે માત્ર કલાકોમાં જ થઈ જાય છે. આવો અનુભવ કરનાર બોલી ઊઠે છે :

" મન મેરો પંછી ભયો, ઉડન લાગો આકાશ;
સ્વર્ગલોક ખાલી પડયો, સાહેબ સંતન કે પાસ"

" ધ્યાનની આ મહેફિલોમાં બુદ્ધિનાં ત્રાજવાંથી બધું તોળવા બેસશો તો રહી જશો. મેઘનું પાણી વહી જશે ને તમારી પ્યાસ રહી જશે. કુંડલિનીની ખોજમાં ભલભલા વૈજ્ઞાનિકોએ હાથ ધોઈ નાખ્યા. આ વાત વિજ્ઞાનથી ન પકડી શકાય, આ પ્રક્રિયા વિજ્ઞાનથી ન સમજી શકાય. પણ જ્યાં શુદ્ધ, સરળ ને ભાવુક હૃદય હોય ત્યાં ફકીરની દૃષ્ટિ માત્રથી એનો સ્વાદ ચાખવા મળી શકે. આ કંઈ 'પબ્લીક' ચીજ નથી કે વિજ્ઞાન તેની ફેક્ટરીઓ બનાવીને જથ્થાબંધ ઉત્પાદન કરી ઘેર ઘેર પહોંચાડી દે. આ કંઈ કોલગેટ ટુથપેસ્ટ નથી કે તેની ટયૂબો બનાવીને બજારમાં તેનો ખડકલો કરી શકાય. આ તો યોગનાં ગૂઢ રહસ્યો છે. તેની ઝાંખી કરવા માટે તો સાધકો વર્ષો સુધી જંગલો ને પહાડોમાં રહી કઠિન તપસ્યા કરે છે. જ્ઞાની ને સમર્થ યોગી મહાપુરુષ ભેટી જાય તો સહજમાં આપી શકે છે. એકવાર એના ચક્કરમાં આવ્યા પછી પાછા વળવું મુશ્કેલ છે, કારણ કે એ તો બધી જ મધુરતાઓની મા છે. એ

એવો ઘા છે કે દવા કરો તેમ જખમ મોટો થતો જાય. એ એવી પ્યાસ છે કે પીઓ તેમ પ્યાસ વધુ સતાવે. તો શું આ માર્ગ ખતરનાક છે? ના. બીજા બધા જ ખતરાઓ માટે એ ખતરનાક છે. એ એવું પાગલપણ છે કે બીજાં બધાં પાગલપણને ભગાડી નાખે છે. આ એવી પ્યાસ છે કે બીજી બધી પ્યાસ બુઝાવીને ઈશ્વરની પ્યાસને ભડકાવે છે. આ માર્ગે આગળ જતાં પછી તો એવું આવશે કે તમે તમે નહિ રહો, માત્ર ઈશ્વર જ બાકી રહેશે. ત્યારબાદ તો જીવનમાં શાંતિ જ શાંતિ, મધુરતા જ મધુરતા અનુભવાશે. પછી કંઈ કરવા જેવું, કંઈ મેળવવા જેવું શેષ નહિ રહે. આજે કથાના પ્રારંભમાં જ શ્લોક આવેલો હતો ને! :

ज्ञानामृतस्य तृप्तस्य कृतकृत्यस्य योगिनः ।
न चास्ति किंचित कर्तव्यं अस्ति चेन्न स तत्त्ववित ॥

" આ અમૃતના પાનથી પરમ તૃપ્તિ થાય છે. શરબત પીધા પછી બીજું કંઈ પીવાની તૃષા ઉદ્દીપ્ત થાય છે પણ આ અમૃત પીધા પછી બીજા કશામાં રસ રહેતો નથી. સંસારની બધી મધુરતાઓ અહીં ઝાંખી પડી જાય છે, કારણ કે આ મધુરતા ચાખ્યા પછી ખબર પડે છે કે સંસારમાં મધુરતા હતી જ નહિ. એ તો મૃગજળ હતું. અસલ મધુરતા તો અહીં છુપાઈ છે.

" આજે એકેએક વ્યક્તિ સાંસારિક પદાર્થોમાં મધુરતા શોધતી ફરે છે. જ્યાં જુઓ ત્યાં બધા દોડતા જ જાય છે. પૂછીએ કે, ભાઈ કયાં જાઓ છો? તો કહેશે, ફલાણા ફલાણા

કામે. એ જાણે અજાણે પણ આખરે તો ઇચ્છા-તૃપ્તિ માટે, સુખની શોધમાં દોડે છે. તેમની આ દોડ કદી પૂરી થતી નથી, જીવન પૂરૂં થઈ જાય છે. પરમ સુખની પ્રાપ્તિ થતી નથી કે જેથી શાશ્વત વિરામમાં ડૂબી જવાય. ઇચ્છાઓનો કદી અંત આવતો નથી. ભર્તૃહરિ 'વૈરાગ્યશતક'માં કહે છે :

भोगाः न भुक्ता वयमेव भुक्ताः
तपो न तप्तं वयमेव तप्ताः ।
कालो न यातो वयमेव याताः
तृष्णाः न जीर्णाः वयमेव जीर्णाः ॥

" ઇચ્છાઓ પાછળ દોડતાં દોડતાં ભોગો, ભોગવતાં ભોગવતાં જીવનની સંધ્યા આવે છે ત્યારે જીવડાની આંખ ઉઘડે છે કે મેં તો ભોગ ન ભોગવ્યા પણ ભોગોએ મને ભોગવી લીધો, મેં તપ ન કર્યું પણ તપે મને તપાવી દીધો, કાળ તો ક્યાંય ગયો નહિ પણ આપણે જ ચાલી નીકળ્યા, તૃષ્ણાઓ, આશાઓ, કામનાઓ, ઇચ્છાઓ ઘરડી ન થઈ પણ આપણે જ ઘરડા થઈ ગયા.

" સંસારમાં મધુરતા શોધતાં શોધતાં તો મોટા મોટા સમ્રાટો થાકી ગયા. પછી રાજપાટ છોડી જંગલમાં ઋષિઓનાં ચરણ સેવ્યાં, વર્ષો સુધી તપ કર્યું ને શાંતિ મેળવી. ભર્તૃહરિ પણ એક સમ્રાટ હતા ને આંખ ઉઘડતાં ફકીર બની ગયા. અંતઃપુરના સેવનથી તૃપ્ત ન થયા ત્યારે પહાડોની કંદરાઓ સેવીને જીવનની પરમ તૃપ્તિને પામ્યા.

" બાર બાર વર્ષ સુધી જંગલમાં કઠિન તપ કર્યા

પછી જે ચીજ માંડ પ્રાપ્ત થાય તે તમને અહીં સામેથી પીરસવામાં આવે છે. કેટલા સૌભાગ્યવાન છો તમે લોકો ! અહીં જે મળે છે તે હજમ કરતા જાઓ ને તેનું રક્ષણને સંવર્ધન કરતા જાઓ. જીવનને નિયમના કિનારામાં બાંધશો, આહાર, વિહાર ને સંગતિ શુદ્ધ રાખશો તો તમારી જીવન-ગંગા ક્યાં ને ક્યાં પહોંચી જશે. તમારા અંતઃકરણરૂપી પથ્થરને ઘસીને એવો ચમકદાર આરસી જેવો બનાવી દો કે તેમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે..

" અત્યારની તમારી સ્થિતિ ગર્ભિણી સ્ત્રીના જેવી છે. માતા બનવાની તૈયારીમાં રહેલી સ્ત્રી પોતાના ઉદરસ્થ લાલને સંભાળવા કેવી કાળજી રાખે છે ? ખાન, પાન, આચાર, વ્યવહાર પર નિયંત્રણ રાખે છે. રખેને ઉદરસ્થ બીજને હાનિ થઈ જાય ! તમારામાં પણ ચૈતન્યનું દૈવી બીજ વવાયું છે. તેનું કાળજીથી રક્ષણ કરો. કીડીઓ ખાઈ ન જાય, પક્ષીઓ ચણી ન જાય, અંકૂરમાંથી પાન થયા પછી બકરાં ચાવી ન જાય તેની કાળજી રાખો. બિનસાધક વ્યક્તિઓનો સંગ ન કરો. તમારાં આહાર-વિહાર શુદ્ધ રાખો. કામ, ક્રોધથી બચો. બિનજરૂરી બોલવાનું ને દુનિયા-ભરની ભાંજગડ ટીપવાનું સદંતર છોડી દો. મળેલા માલનાં મૂલ્ય સમજો. બજારમાં જઈને ખબર તો કાઢો કે હજારો રૂપિયા આપીને આ ચીજ મળે છે ક્યાંય ? અને રૂપિયા આપીને મળતી હશે તો તે અસલી ચીજ નહિ હોય, નહિ તો ઈશ્વરના દરબારમાં કાળા બજારિયાઓની ભીડ

વધી જાય. સમજો છો વાતને ? ''

[બધા સાધકો એક ચિત્તે, મુગ્ધ થઈને પૂજ્ય સ્વામીજીના વાક્-પ્રવાહમાં વહી રહ્યા છે. પોતાના સૌભાગ્ય અને ઊજળા ભાવિનો ખ્યાલ પૂજ્યશ્રી આપી રહ્યા છે તે બાબત તરફ તેઓ સચેત થઈ ગયા છે. વચ્ચે જ સ્વામીજીનો પ્રશ્ન આવતાં હાથ જોડીને " જી, સ્વામીજી " કહી પ્રત્યુત્તર વાળે છે.]

પૂ. સ્વામીજી—" સંયમનાં દ્વાર ઉઘાડાં મૂકી દેશો, ચાળણી જેવા બની જશો તો આ અમૃત ટકશે નહિ. અત્યારે એનો ખ્યાલ કદાચ નહિ આવે પણ જ્યારે મોકો ચૂકી જશો, એ અમૃત મળતું બંધ થશે, પક્ષી જેવા મુક્ત સ્વભાવવાળા સંત-ફકીર પરદેશ ચાલ્યા જશે પછી ખ્યાલ આવશે. અને ત્યારે પસ્તાવાના પથરા સિવાય હાથમાં કશું નહિ આવે. માટે હાથમાં રહેલા વર્તમાનને ઓળખો, પૂરે-પૂરો લાભ લો. ગંગા વહે છે ત્યાં સુધી ડૂબકી મારી લો. જેને આ ચીજની સમજણ છે, કદર છે તેઓ તો પ્રાપ્તવ્ય પ્રાપ્ત કરી લેશે પણ બાકીના આંખો ચોળતા રહી જશે. થોડા દિવસ પહેલાં જ અહીં ગુજરાત સરકારના પોલીસ ખાતાના ઓફિસર ડી. આઈ. જી. આવ્યા હતા. જતાં જતાં પ્રવેશ દ્વાર સુધી વળાવવા ગયેલા એક સાધક ભાઈને કહે " અહીં આવ્યા પછી મને સુખ ને દુઃખ બંનેનો અનુભવ થયો ''

સાધક ભાઈ ને નવાઈ લાગી. તેમણે કહ્યું કે : " સુખ

થયું એ તો સૌ કોઈ સમજી શકે છે પણ દુઃખ કેમ થયું ? ''

પેલા સજ્જન કહે : " સુખ એ વાતનું થયું કે આવા પરમ કોટિએ પહોંચેલા સંત મહાત્માનાં દર્શન થયાં, એકાંતમાં વ્યક્તિગત મુલાકાત મળી, અહોભાગ્ય ! અને દુઃખ એ વાતનું થયું કે આવા મહાપુરુષ અમદાવાદના આંગણે વર્ષોથી બિરાજે છે ને હું પણ અમદાવાદમાં જ રહું છું છતાં એ મહાપુરુષનાં ચરણે આટલો મોડો, આજે આવવા પામ્યો છું. દિલમાં એમ ચચરાટ થાય છે કે હું કેમ વહેલો સંતના દ્વારે ન આવ્યો ? ''

" આ વાત મને પેલા સાધકે પાછળથી કરી. બોલો, આવું છે. જે સમજુ છે, ચીજની કદર કરી શકે છે તે ઈશારામાં સમજી જાય છે, તેજીને ટકોરો બસ છે. તમને ખુશી થતી હશે કે આ અમૃતનો સ્વાદ મળ્યો ને સાથે દુઃખ પણ થશે કે આ ઘરનો ખજાનો દટાયેલો પડ્યો હોવા છતાં આટલા દિવસ સુધી ભિખારી જ રહી ગયા.

" આ માર્ગમાં પ્રગતિ થતાં એક પછી એક રહસ્યો ખૂલતાં જાય છે. પ્રગતિની પરાકાષ્ઠા આવે છે ત્યારે સાધક આશ્ચર્યચકિત થઈ જાય છે. જનક રાજા મહાન સમ્રાટ હતા. સુખોપભોગનાં કોઈ સાધનની ઊણપ તેમને ન હતી. એવો કોઈ પદાર્થ ન હતો, એવો કોઈ ભોગ ન હતો કે જેનાથી તેઓ અપરિચિત હોય, તે વસ્તુની તેમને પ્રાપ્તિ ન થતી હોય. છતાં પણ જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોંચ્યા પછી તેઓ આનંદમાં પોકારી ઊઠ્યા :

"આશ્ચર્ય ! ગુરૂદેવ, આશ્ચર્ય ! પરમ આશ્ચર્ય ! મારી પાસે શું હતું તેની મને જ ખબર ન હતી........!" આત્મદેવતા સાથે ઓળખાણ થતાં આવું આશ્ચર્ય થાય છે. જ્યાં સુધી જ્ઞાન નથી થતું ત્યાં સુધી વિચારો છો કે સર્વત્ર ઈશ્વર વ્યાપી રહ્યો છે પણ જ્યારે જ્ઞાન થાય છે ત્યારે આખા બ્રહ્માંડમાં સર્વત્ર તમે જ આત્મસ્વરૂપે વ્યાપી રહ્યા છો એવું અપરોક્ષ દર્શન થઈ જાય છે. આ અનુભૂતિની મસ્તી દબાવી શકાતી નથી, ગમે તેમ કરીને તે બહાર ઉછળી આવે છે ને સમગ્ર જીવનને પ્રકાશિત કરી નાખે છે. પછી એમ લાગે છે કે મેં મૂર્ખાઈએ ખોપડીમાં કેવી કેવી માન્યતાઓ ભરી રાખી હતી ? જેને શોધવા બહાર ભટકતો હતો તે તત્ત્વ તો મારી અંદર જ છુપાયલું હતું. મૃગલો પોતાની નાભિમાં રહેલ કસ્તુરીની સુગંધ શોધવા માટે વને વને અને પહાડે પહાડે ભટકી રહ્યો હતો. સ્વામી રામતીર્થને જ્યારે સાક્ષાત્કાર થયો ત્યારે તેઓ બોલી ઊઠયા :

"મેં કર્યું તેવું આંધળોયે નહિ કરે,
ઘરમાં જ ખોઈ બેઠો'તો ઘરધણીને."

સાધકને આ વાત અજાયબી ભરી લાગશે. પણ આ છે તો નરી વાસ્તવિકતા. છોકરૂં કાખમાં ને ગોતે ગામમાં.

"વો ન મુજસે દૂર થે, ન મૈં ઉનસે દૂર થા,
આતા ન થા નજર તો નજર કા કસૂર થા."

"આત્માનું વાસ્તવિક સ્વરૂપ સમજાતાં અનર્ગળ આનંદની પ્રાપ્તિ થાય છે, નિરંકુશ તૃપ્તિ થાય છે. પ્રાપ્તવ્યની પ્રાપ્તિ થાય છે ને અપ્રાપ્તિની ભ્રમણા ભાંગી જાય છે. દરેક જીવનું વાસ્તવિક સ્વરૂપ આવું છે. પરંતુ જીવ પોતાનાં મન અને ઇન્દ્રિયોની ભુલભુલામણીમાં પોતાની અનંત પરમ સત્તાને ભૂલી જઈ, દીનહીન બની દર દર ભટકી રહ્યો છે. મહામાયા કુંડલિની શક્તિ જીવની આ ભુલભુલામણી દૂર કરી પોતાના મૂળ સ્વરૂપ તરફ અભિમુખ બનાવે છે. સાધના ને જ્ઞાની મહાત્માની કૃપાની પરાકાષ્ઠા આવતાં સાધક આતમગઢ સર કરે છે. ત્યાર પછી તેનું જીવન સરળ ને મધુર બની જાય છે. શાસ્ત્રોમાં આ અવસ્થાને "સહજાવસ્થા" કે "જીવનમુક્તાવસ્થા" કહેવાય છે. આ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી બીજું કશું કર્તવ્ય કે પ્રાપ્તવ્ય બાકી રહેતું નથી. તેને પરમ તૃપ્તિ થઈ જાય છે. સ્વામી રામતીર્થ યથાર્થ જ કહે છે :

"લાખ ચૌરાસી કે ચક્કર સે થકા, ખોલી કમર,
અબ રહા આરામ પાના, કામ કયા બાકી રહા ?
જાનના થા વોહી જાના, કામ કયા બાકી રહા ?
લગ ગયા પુરા નિશાના, કામ કયા બાકી રહા ?
દેહકી પ્રારબ્ધસે મિલતા હૈ, સબકો સબ કુછ,
નાહક જગકો રીઝાના, કામ કયા બાકી રહા ?

"સાક્ષાત્કાર થતાં જન્મો જન્મોથી એકઠી કરેલી તમામ માન્યતાઓનો કચ્ચર ઘાણ વળી જાય છે. કેવું

આશ્ચર્ય છે, નહિ? ઘરમાં અંધકાર વ્યાપી ગયો હતો. ઠેર ઠેર બાવાં ને જાળાં જામી ગયાં હતાં. હવે પ્રકાશ પણ થયો ને સફાઈ પણ થઈ. ભવન ઊજળું બની ગયું. વામનમાં છુપાયલો વિરાટ પ્રગટ થઈ ગયો. કેવું આશ્ચર્ય! ઘરમાં વીજળીના ૧૦૦ વોટના ગોળાને બદલે ૧૦૦૦ વોટનો ગોળો મૂકતાં પ્રકાશ વધે પણ તેનું આશ્ચર્ય ન થાય. **પણ જો આકાશનો સૂર્ય જ ઘરમાં ઊતરી આવે તો આશ્ચર્ય થાય.** અઢીસો રૂપિયાના પગારદાર નોકરને છસો રૂપિયાની નોકરી મળે તો આશ્ચર્ય ન થાય પણ તેના ઘરના ભાંગ્યા તૂટ્યા છાપરામાંથી હીરામોતીનો વરસાદ એકાએક વરસી પડે તો આયશ્ર્ચ થાય. ભિખારીને ઘેર ઘેર ભીખ માગતાં એક દિવસ કોઈ શેઠ ખુશ થઈને દસ રૂપિયાની નોટ આપી દે તો આશ્ચર્ય ન થાય પણ તે ભિખારીને રસ્તે ચાલતાં ઠેસ વાગે ને તે પથરા નીચેથી ખજાનો બહાર નીકળી પડે તો આશ્ચર્ય થાય. **સાક્ષાત્કાર એ તો બધાં આશ્ચર્યોનો બાપ છે, પરમ આશ્ચર્ય છે.**

તમે બધા ભાગ્યશાળી છો કે આ પરમ આશ્ચર્યના પંથે વળી ચૂકયા છો. **જેમ જેમ સંતની કૃપા હજમ કરતા જશો તેમ તેમ મધુરતાનાં દ્વાર ખુલતાં જશે.** મધુરતાના ભંડારો તો દરેક મનુષ્યમાં ભરપૂર ભરેલા છે. પણ તેનાં દ્વાર બંધ પડયાં છે ને ચાવીઓ ગૂમ થઈ ગઈ છે. અહીં દરેક તાળાંને ચાવીઓ લગાડવામાં આવે છે. કેટલાંક અટપટાં તાળાંને હથોડાના ઘા પણ મારવા પડે છે.

આ આધ્યાત્મિક પ્રયોગશાળા છે. [શાંતિ કુટિરના કમરાઓ તરફ ઈશારો કરીને] આ જુઓ છો ને મૌન મંદિરો? એમાં સાધકને પૂરીને [મૌનમાં બેસાડીને] તેના ખજાનાનાં તાળાંની તોડફોડ કરવામાં આવે છે.

"ભગવાન ગીતામાં જણાવે છે કે :

" **ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।**"

"જીવ મૂળમાં તો શિવ જ છે, જીવપણું તો ભ્રાંતિ છે, સત્ય નથી. જીવમાં શિવપણું બીજ રૂપે રહેલું છે. આ બીજને યોગ્ય વાતાવરણ મળતાં અંકુરિત થઈ જાય છે ને ક્રમશઃ વિશાળ વૃક્ષ બની જાય છે. વામન જીવમાં વિરાટ શિવ રહેલા છે? હા, વડના એક નાના બીમાં વિશાળ વડલો સૂતેલો નથી શું? અત્યારે તો વડનું બી ફુંક મારતાં ઊડી જાય, ખોબા જેટલા પાણીથી પણ તણાઈ જાય. પણ એ જ બીને યોગ્ય જમીનમાં વાવી, ખાતર, પાણી ને રક્ષણ આપી ઉછેરવામાં આવે તો મોટું વટવૃક્ષ બની જાય છે. પછી પવનનાં તોફાનોમાં ટકી શકે છે. સેંકડો યાત્રાળુઓને છાયા આપે છે. સેંકડો પક્ષીઓ તેમાં માળા બાંધીને રહે છે, એના થડ સાથે મોટા મોટા ગજરાજ બાંધી શકાય છે.

"વડના બીમાંથી અંકૂર ફૂટવા એ કઠિન કાર્ય નથી પણ અંકૂરમાંથી પાંદડાં, છોડ અને પછી ધીમે ધીમે તેમાંથી ઝાડ બનતાં સુધી તેની સંભાળ લેવી એ ધૈર્ય માગી લે એવું કાર્ય છે. અંકૂરને કીડા ન ખાઈ જાય, છોડ થતાં ઘેટાં બકરાં તેને પેટમાં ન પધરાવી દે તેની કાળજી રાખવી પડે છે.

"તમારામાં એ બી પડેલું જ છે. બીમાં છુપાયેલી સંભાવનાઓને જોઈ લો, ઓળખી લો તો તેનું રક્ષણ કરવામાં રુચિ જાગી જશે. એ કાર્યમાં બોજો નહિ રહે પણ રસના ઘૂંટડા જેવું લાગશે. ગુરુની કૃપાથી એ બીમાં અંકૂર તો આવી જાય છે પણ સાધક સંભાળ ન લે તો મહેનત બધી વ્યર્થ જાય છે. સ્ત્રીના ઉદરમાં જ્યારે ગર્ભનું સ્થાપન થાય છે ત્યારે તેની કેટલી કાળજી રાખે છે? સ્ત્રી તો હાડ-માંસના દેહને જન્મ આપવાની છે જ્યારે સાધકે તો ઈશ્વરને જન્મ આપવાનો છે. તો હિસાબ કરો, કેટલી વધારે કાળજીની જરૂર છે? સમજો છો વાતને?

[બધા સાધકો હાથ જોડીને "જી, સાઈં" કહે છે.]

"આહાર, વિહાર અને વ્યવહાર શુદ્ધ રાખો. શુદ્ધ અને સાત્વિક વ્યક્તિઓનો જ સંગ કરો. અન્ય લોકો સાથેનો સંપર્ક બને એટલો ટાળો. પતિત વિચારોવાળા લોકોના શરીર પરથી આવતી હવા તમને સ્પર્શ ન કરે એટલી હદ સુધી કાળજી રાખવી જોઈએ. તમારાથી જે લોકો આધ્યાત્મિકતા-માં ઊતરતા છે તેમનાથી બચો. અલબત્ત, કોઈથી ઘૃણા ન કરો પણ તમારી સાધનાનું બરાબર રક્ષણ કરો. ચતુર લોકો શાસ્ત્રોનો હવાલા આપીને તમને ભરમાવશે કે: "બધા જીવો ઈશ્વરનો જ અંશ છે, તો પછી આમ કેમ વર્તો છો? તમારે તો સમાનતા કેળવવી જોઈએ. કૃષ્ણ પણ કહે છે: शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः।" વગેરે. પણ તમે તેમની વાતોમાં ન આવશો. અરે, એ લોકો

સામ્યવાદ શું શીખવવાના છે? વેદાંત બધાં સામ્યવાદોનો બાપ છે. અને તમે એ શિખર પર આરોહણ કરી રહ્યા છો. બધા મૂળગત રીતે સમાન છે છતાં વ્યવહારની રીતે વ્યવહાર કરવો પડે. કૃષ્ણ ભગવાન "समदर्शन" કહે છે, "समव्यवहार" નહિ. માટે, બધા જીવો માટે અંદરથી ભરપૂર પ્રેમ રાખો, પણ તેમના કુસંસ્કારનો પાશ તમને ન લાગે એટલા દૂર રહો. તેમના પર તમારો પ્રભાવ પડશે તો તેમનું ભલું થશે પણ તમારા પર તેમનો પ્રભાવ પડશે તો તમારું સત્યાનાશ વળશે. માટે સજાતીય સંગ કરીને તમારા વ્યક્તિત્વમાં સજાતીય પ્રવાહ કેળવો.

"વર્ણવ્યવસ્થાના મૂળમાં પણ આધ્યાત્મિકતાના રક્ષણની વ્યવસ્થા રહેલી છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વિભાગ પાડીને દરેકને પોતાના વતુર્ળમાં રહી આધ્યાત્મિક પ્રગતિ કરવાની સગવડ એમાં અપાયેલી છે. ઊંચનીચનો ભેદ આમાં નથી. બધાં પરમાત્માનાં જ બાળકો છે. ઊંચ-નીચનો ભેદ તો પાછળથી ઘૂસી આવેલી બદી છે. આત્માની દૃષ્ટિથી અભેદ છે પણ સાધના કાળમાં યોગ્યતા અલગ હોવાથી બધા જુદા પડે છે. ઓફિસર અને પટાવાળો બંને માનવી જ છે પણ બંનેના વિકાસમાં ફરક છે. બંનેની યોગ્યતા અલગ છે. બંનેને એક જ ગ્રેડમાં ન મૂકી શકાય.

"તમે પણ તમારા ગ્રેડવાળા લોકો સાથે ઊઠો, બેસો વ્યવહાર કરો. શ્રદ્ધાળુઓનો સંગ કરો. ચાર શ્રદ્ધાળુ ને સાધકોમાં એક દુષ્ટ બેસે તો તે સુધરી જાય પણ ચાર

દુષ્ટોમાં એક શ્રદ્ધાળુ બેસે તો તો તેની સાધનાનો ખાતમો જ બોલી જાય. સમૂહનો બહુ મોટો પ્રભાવ છે. આથી જ આપણે સમૂહ ધ્યાન ને સત્સંગ કહીએ છીએ. સમૂહ ધ્યાનમાં નવા સાધકોને જૂના ને પ્રગતિ સાધેલા સાધકોનો સંગ સહાયક થાય છે, પણ પ્રગતિ પામેલા સાધકોને નવા સાધકોથી લાભ થતો નથી. આ સમૂહમાં ગુરુની પ્રત્યક્ષ હાજરી હોય તો તેમને લાભ થાય.

“ તમે જો સાવધાન નહિ રહો તો સાધના તોડવાના પ્રયાસો ચારે બાજુથી થશે. તમારો નાનકડો દીવડો પવનનાં તોફાનમાં બુઝાઈ જશે. નિંદાખોરો નિંદા કરશે કાવતરાખોરો કાવતરાં કરશે, વ્યવહારડાહ્યાઓ કર્તવ્યોનો ખડકલો તમારી આગળ કરી દેશે. આ બધાંથી બચી જશો તો ગુરુ તરફથી થતી કસોટીના ટપલાથી ગબડી પડશો. ગુરુનો ફીટકાર સહન નહિ થાય તોય નાપાસ થઈ જશો. આ મોરચે પણ સમતુલા ગુમાવી બેસવાની પૂરી સંભાવના છે કારણ કે શ્રધ્ધા હંમેશા એક સરખી રહેતી નથી. તેમાં ભરતી ઓટ આવ્યા કરે છે. ભાઈ, ગુરુની બધી જ કસોટીઓમાંથી હેમખેમ બહાર નીકળનાર તો વિરલા હોય છે. શિલ્પીનાં બધાં જ ટાંકણાં જે પથ્થર સહે છે તે જ સુંદર મૂર્તિ બને છે. ગુરુ પણ સાધક પર દરેક પ્રકારનાં ટાંકણાં ચલાવે છે. કસી કસીને જુએ છે કે સાધક ક્યાંય ચૂકે છે ? તમે શું સારું કરો છો તેના તરફ ધ્યાન ન આપતાં તમારી ભૂલ ક્યાં થાય છે તે પકડવા જ ગુરુ તત્પર રહે

છે. અહીં તો માત્ર ‘ ઓડિટ ’ જ થાય છે. બધા ચોપડા સાચા હિસાબથી ચીતરેલા હોય તેથી ઈનામ ન મળે પણ ક્યાંક પણ ભૂલ પકડાય તો મુશ્કેલી થાય. ગુરુ તો સાધકને પણ ગુરુ બનાવવા, પૂર્ણ બનાવવા માગે છે, તેથી આટલી કડક પરીક્ષાઓ લે છે. પણ એકવાર પરીક્ષામાંથી પસાર થઈ જાય તો પરમપદ પામી જાય છે. સત્ગુરુ તો કહે છે :

‘ ભોંય સૂવાડું ભૂખે મારું ઉપરથી મારું માર;
એટલું કરતાં જો હરિ ભજે તો કરી નાખું નિહાલ.”

આવી રીતે નિહાલ થયેલાને પછી કશું કરવાનું અને કશું મેળવવાનું બાકી રહેતું નથી.

ज्ञानामृतस्य तृप्तस्य कृतकृत्यस्य योगिनः ।
न चास्ति किंचित कर्तव्यं अस्ति चेन्न तत्त्ववित ।।

“ જ્ઞાનામૃતથી તૃપ્ત અને કૃતકૃત્ય થયેલા યોગીને માટે કોઈ કર્તવ્ય શેષ રહેતું નથી, જો રહે તો જાણવું કે તે તત્ત્વજ્ઞ નથી, હજુ તત્ત્વને જાણ્યું નથી. ”

“ તત્ત્વવેત્તા માટે આ જગતમાં કોઈ જ આકર્ષણ નથી. વિશ્વભરના ઉત્તમ પદાર્થો મળે, સ્વર્ગની અપ્સરાઓ નખરાં કરી સમર્પિત થવા ચાહે, સ્વર્ગનું રાજ્ય મળતું હોય તોય તત્ત્વવેત્તા, પૂર્ણ યોગી ચલિત થતો નથી. તેને તો પરમ તૃપ્તિ થઈ ગઈ છે.

“ નાની મોટી સફળતાઓ માટે, નોકરીમાં પ્રમોશન માટે, વેપાર ધંધામાં નફા માટે તમારું મન ખેંચાતું ન

હોય તો સમજો કે સાધનામાં તમારી પ્રગતિ થઈ રહી છે. સાધનામાં પ્રગતિ કર્યા સિવાય જીવનમાં બીજું કર્તવ્ય પણ શું છે? બીજા વ્યવહાર ભલે ગમે તેટલા કરો પણ એ બધા શરીરની આસપાસ જ થવાના છે. આ શરીર પણ કેટલું ટકવાનું છે? ૮૦ વર્ષ, ૯૦ વર્ષ કે બહુ બહુ તો ૧૦૦ વર્ષ. હદ થઈ ગઈ. આ તો વધારેમાં વધારે, પણ મૃત્યુ ક્યારે મોં ફાડીને સામે ઊભું રહેશે તે કંઈ કહી શકાય છે? માટે સમય ગુમાવો નહિ. સંસારના ફંદામાંથી અંદરથી મુક્ત થતા જાઓ. લોખંડની સાંકળો તો તમે તરત તોડી નાખશો, કારણ કે તે ગમતી નથી. પણ સોનાની સાંકળ તોડવી જરા મુશ્કેલ છે. એ બંધન ગમે છે. રાગીને એમાં સોનું દેખાય છે અને વિરાગીને એમાં સાંકળ દેખાય છે. વિશાળ ગગનમાં વિહરવાની મુક્તાવસ્થાનો સ્વાદ જાણનાર વિહંગને સોનાનું પાંજરું પણ અકળાવે છે. વિચારવાન થાઓ, વિવેક કેળવો ને બંધનોમાં અટવાયા વિના સંસાર-સાગરને પાર કરી જાઓ.

"મેં ક્યાંક વાંચ્યું છે કે નિષ્કામ કર્મથી પણ સાત્ત્વિક માયા ફેલાઈ જાય છે. નિષ્કામ કર્મથી સ્થૂળ બંધનો તો છૂટી જાય છે પણ સૂક્ષ્મ બંધનો ઘર કરી જાય છે. એ બંધન છે એવી જાણ પણ થતી નથી. સત્કર્મો કરવામાંય આસક્તિ થઈ જાય છે.

"થોડા દિવસ પહેલાં જ બલરામદાસજી મહારાજ આવ્યા હતા. લોક-કલ્યાણની કેટલી બધી સરસ પ્રવૃત્તિઓ

ચલાવે છે? દુઃખીયાંને દવા ને રામનામનો ઉપદેશ આપી લોકોને શાંતિ આપે છે. પરંતુ તેઓ પણ કહેતા હતા કે: 'હવે આ બધું છોડીને કોઈ ન ઓળખે એવા એકાંતમાં જઈને ભજન કરવું છે. હવે ક્યાં સુધી લોકોને દવા આપ્યા કરવી?'

"આવા સંતપુરુષને પણ લોક-કલ્યાણની પ્રવૃત્તિ કરતાં કરતાં એકાંતમાં ચાલ્યા જવાની ઇચ્છા થઈ જાય છે, તો સાધકની તો શી વાત કરવી? સાત્ત્વિક પ્રવૃત્તિ પણ મુમુક્ષુ માટે બંધનરૂપ બને છે. રજોગુણ અને તમોગુણને હટાવવા સાત્ત્વિક પ્રવૃત્તિ સારી છે, પ્રારંભમાં તે અનિવાર્ય છે એમ કહીએ તોય ખોટું નથી. પણ પછી તો તેનાથી પણ પર થવું. પડે અલબત્ત, આ બહુ ઊંચી કક્ષાની વાત છે. **ત્રિગુણાતીત થવા માટે તો ત્રિગુણાતીત મહાપુરુષનો ધક્કો અનિવાર્ય છે. આ ધક્કો લાગવા જેટલી ભૂમિકા તૈયાર થાય ત્યાં સુધી ત્યાગ અને વૈરાગ્ય કેળવતા રહો. મુક્તિ માટે એ અનિવાર્ય શરત છે.**

'त्यागो हि महत्पूज्यो सद्यो मोक्षप्रदायकः ॥'

[હસતાં હસતાં] "ત્યાગનો અર્થ એવો ન કરતા કે કુટુંબનું કામ, સમાજનું કામ જેમ કરતા હો તેમ કર્યા કરો અને આશ્રમનું કામ આવતાં ત્યાગનું પાટીયું લગાડી દો." [બધા શ્રોતાઓ હસી પડે છે.]

પૂ. સ્વામીજી—"ભાઈ, આતો અધ્યાત્મનો માર્ગ છે, ગલીકૂંચી આવ્યા કરે, કંઈ હાઈવે જ માત્ર ન આવે. મન

સાધકને ક્યાં છેતરી જાય તે કહી શકાય નહિ. સાધક તો સમજે કે હું શાસ્ત્ર અને ગુરુના ઉપદેશ પ્રમાણે ચાલું છું, પણ વાસ્તવમાં ઘણીવાર તો મન જ બધો દોરી-સંચાર કરતું હોય, ઉપદેશોનું અર્થઘટન પોતાને અનુકૂળ હોય તે રીતે કરીને સાધકને ઉલ્લુ બનાવતું હોય."

[અચાનક સ્વામીજીની દષ્ટિ એક સાધક પર પડે છે. પછી કંઈક વિચાર કરીને કરસનભાઈ સામે જોઈને હસતાં હસતાં પૂ. સ્વામીજી કહે છે :]

પૂ. સ્વામીજી—"સાહેબ, મહંતને પૂછો કે આવું થાય ?"

કરસનભાઈ—"હેં મહંતજી, આવું થઈ શકે છે ?"

મહંતજી—"બાપુ કહે તેમાં કોઈ શંકા હોય ખરી ?"

પૂ. સ્વામીજી—"ગુરુ તો સમર્થ હોય છે. ગલીકૂંચીમાં ભટકાવતા મનને ફટકા મારી ગુરુ સાધકને માર્ગ બતાવે છે. સાધકમાં પણ હિંમત હોવી જરૂરી છે કે ગમે તેવા ફટકા સહીને પણ તત્ત્વની ઓળખ કરી લે. ફટકા સહેવા પડે છતાં ગુરુનું સાન્નિધ્ય ન છોડે. માન-અપમાન, નિંદા-સ્તુતિની પરવાહ કર્યા વિના ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલતો રહે તો તેની મંઝીલ પછી દૂર નથી. ગુરુ તેને એ પદે પહોંચાડી દે છે કે જ્યાં પોતે સ્થિત છે. એ પદ એવું છે કે જ્યાં સુખદુઃખનો સ્પર્શ સુદ્ધાં થઈ શકતો નથી, જ્યાં આનંદ જ આનંદ છે.

ૐ આનંદ ! ૐ આનંદ !! ૐ આનંદ !!!

ભક્તિ કરે કોઈ શૂરમા

[મોટેરા આશ્રમ તા. ૨૯-૩-૭૮ બુધવાર]

સાંજના પાંચ વાગવા આવ્યા છે. સૂર્યનારાયણ પોતાની મંજિલની નજીક પહોંચી રહ્યા છે તેથી તાપનું પ્રમાણ ઓછું થયું છે. ભક્તો અને સાધકો પણ સંસારના ત્રિવિધ તાપને નિવારી પોતાની આખરી મંજિલ સર કરવા માટે શાંતિકુટિરના પ્રાંગણમાં પૂજ્ય સ્વામીજીના પાવન સાંનિધ્યમાં બેઠા છે. સામે જ સાબરમતીનાં નિર્મળ નીર વહી રહ્યાં છે. પૂજ્યશ્રી એ સુંદર દૃશ્ય તરફ નિહાળતા બિરાજેલા છે. એક સાધક શાસ્ત્રવાચન કરી રહ્યો છે. પછી કથા પ્રવાહને સંભાળી લેતાં પૂજ્યશ્રી અમૃતવાણીનો પ્રારંભ કરે છે :

"ગોપીઓએ ભગવાન આગળ પોતાની જાત-ન્યોચ્છાવર કરી ભાવનાં આંસુ વહેવડાવ્યાં ત્યારે ભગવાન મળ્યા. ભગવાન મેળવવા માટે પોતાની જાતને ઓગાળી દેવી પડે છે. લોકો શું કહેશે એવી ચિંતા રાખનાર ભગવાનથી અળગો જ રહે છે. તેને ભગવાન કરતાં લોકોની વધુ કાળજી રહે છે. તે ભગવાનને ઠગે છે. ભગવાન મેળવવા હોય તો લોકોનાં નિંદાસ્તુતિ સામે આંખ કાન બંધ કરવાં પડે.

"સ્વામી રામતીર્થ અમેરિકા ગયા પછી અહીંના લોકોએ તેમના પર ઘણો કાદવ ઉડાવ્યો, ઘણી નિંદા કરી, તેઓ જ્યારે વિદેશથી પાછા આવ્યા ત્યારે તેમના એક શિષ્યે તેમને આ બધી વાત વિગતવાર જણાવી. સ્વામી રામતીર્થ કંઈ બોલ્યા નહિ. બાજુમાં પડેલ પોતાનો દંડ ઉપાડી શિષ્યને આપવા લાગ્યા. પણ શિષ્યે કહ્યું કે :

'એ આપનો દંડ છે, આપ રાખો. મારી પાસે મારો દંડ છે.'

સ્વામીજીએ દંડ પાછો મૂકી દેતાં કહ્યું : 'મારી પાસે મારી મતિ છે, મારી બુદ્ધિ છે. લોકોની વાતો, લોકોનાં નિંદા–સ્તુતિ ભલે લોકો પાસે રહ્યાં. મારે તેનું કોઈ પ્રયોજન નથી. લોકો મને મૂર્ખ કહે, દલિત કહે કે ગમે તે કહે. હું તો આત્મા છું. મને કશાનો સ્પર્શ નથી. હું નિર્લેપ ને અસંગ છું. લોકોની જીભ મધુર હોય કે કટાર જેવી તીખી હોય પણ મને તેનાથી કશું થવાનું નથી.'

"સ્વામી રામતીર્થ તો જ્ઞાની હતા. દેહાધ્યાસથી પર હતા. તેઓ વ્યવહારમાં પણ પોતાના શરીરને અલગ સંબોધન કરતા. અમેરિકામાં હતા ત્યારે એકવાર લોકોનાં ટોળાંએ તેમને ઘેરી લીધા. સંન્યાસીનો વેષ એ સમયે અમેરિકનો માટે વિચિત્ર ગણાતો. લોકો સ્વામીજીને વિચિત્ર વેશમાં, સંન્યાસીના વેશમાં જોઈ હેરાન કરવા લાગ્યા. કોઈએ પહેરણ ખેંચ્યું, કોઈએ હડસેલો માર્યો, કોઈ ગાળો આપવા લાગ્યા તો કોઈ માથે ટપલા મારવા લાગ્યા. આમ કરતાં વાત વળી આગળ વધી ગઈ. ટોળાંને બુદ્ધિ હોતી નથી. લોકોએ તો સ્વામીજીને હડસેલે ચડાવ્યા, કપડાં ફાડી નાખ્યાં. લોકો હુરિયો બોલાવતા હતા. સાથે સ્વામીજી પણ સૂર પૂરાવતા હતા ને હસી

રહ્યા હતા. પોતે પણ એ મિજબાની માણી રહ્યા હતા. એવામાં તેમના ઓળખીતા ગૃહસ્થે આ જોયું. તેમનાથી આ સહન થયું નહિ. તેમણે લોકોનાં ટોળાંમાંથી સ્વામીજીને બહાર ખેંચી કાઢ્યા ને ટોળાંને વિખેરી નાખ્યું. પછી એક બાજુ સ્વામીજીને લઈ ગયા ને પૂછ્યું કે :

'અરે સ્વામીજી ! લોકો આટલા ઝનૂની થઈ તમને હેરાન કરતા હતા ને તમે વિરોધ ન કરતાં હસતા કેમ હતા ?'

સ્વામીજીએ જવાબ આપ્યો : 'આજે લોકોએ રામને સારો મેથીપાક આપ્યો. એ લોકો રામની ઠેકડી ઉડાડીને મોજ લેતા હતા તો રામે શું ગુનો કર્યો છે ? રામ પણ તેમની સાથે ભળી ગયો ને મજા લૂંટી. ખૂબ આનંદ આવ્યો.'

પેલા ગૃહસ્થે પૂછ્યું કે : 'રામ ? કોણ રામ ?'

સ્વામીજીએ પોતાનું શરીર બતાવતાં કહ્યું : 'આ રહ્યો ને તમારી સામે !'

આ સાંભળીને પેલો ગૃહસ્થ તો છક જ થઈ ગયો. સ્વામીજી દિવસે બહાર ફરી આવ્યા પછી સાંજે એમને ઘણીવાર કહેતા કે : 'આજે રામે અમુક જોયું, અમુક સાંભળ્યું...' વગેરે. ત્યારે પેલા ગૃહસ્થ વિચારતા કે સ્વામીજી રામ નામના કોઈ માણસની વાત કરતા હશે. પણ આજે સમજાયું કે એ બધી વાતો સ્વામીજીએ પોતાના શરીરને ઉદ્દેશીને જ કરી હતી.

તેઓ પોતાને માટે કદી 'હું' શબ્દ વાપરતા નહિ, પણ બીજા જેમ તેમને 'રામ' કહેતા તેમ પોતે પણ પોતાને 'રામ' કહેતા. તેઓ હમેશાં આત્મભાવમાં મસ્ત રહેતા હતા. આવા નિરાળા હતા સ્વામી રામતીર્થ અને આવો ગલિત હતો તેમનો દેહાધ્યાસ !

[પૂ. સ્વામીજી આરામ ખુરશીમાં થોડીવાર નેત્ર ઢાળીને શાંત થઈ જાય છે. થોડીવારે ઉદ્‌ગારો કાઢે છે : 'વાહ મારા રામતીર્થ સાઈં, મારા મીઠડા સાઈં વાહ !' પાછું વક્તવ્ય શરૂ કરતાં....]

પૂ. સ્વામીજી—

"ભાગ્યશાળી જીવો સંતો ને મહાત્માઓ પાસે જઈ શાંતિ મેળવે છે, જયારે બીજા બધા નકામી વાતો કાઢે છે. ઘરનો રોટલો ખાઈ બીજાને માટે ખોપરી ચગાવે છે. સ્વામી રામતીર્થ આવા બાલની ખાલ ઊતારનારાઓને કંઈ મૂલ્ય આપતા ન હતા. તેમનાં નિંદા–સ્તુતિને જરાય ગણકારતા ન હતા. તેઓ તો આત્મામાં મસ્ત રહેનાર ફકીર હતા. સ્વપ્નમાં કોઇ માણસ તમને ગાળ આપે તો તમે સ્વપ્નમાંથી જાગ્યા પછી તે માણસને મારવા જતા નથી. તે જ પ્રમાણે આ જાગૃતાવસ્થા, આ સંસાર પણ એક સ્વપ્ન છે. સ્વપ્નનું મૂલ્ય કેટલું ? ઈશ્વર સિવાય કશાને મૂલ્ય ન આપો. ઈશ્વર જ સત્ય છે, બાકી બધું પડછાયા સમાન છે. આ ઈશ્વર તમારા આત્માથી અલગ તેથી. તેથી સદા આત્મામાં મસ્ત રહો. **मम दिल मस्त सदा तुम रहना ......आन पडे सो सहना...... ।**

"સંસાર પરિવર્તનશીલ ને વિકારી છે. કોઈ સંબંધો કાયમી ટકવાના નથી. અરે તમારું શરીર પણ એક સમયે તમને દગો આપશે. તેથી કશામાં આસક્ત ન થાઓ. શરીરનું વધારે પડતું લાલન પાલન ન કરો. શરીરનું વધારે પડતું લાલનપાલન કરવાથી દેહાધ્યાસ વધે છે.

खाने पहनने में नहीं आसक्त होना चाहिये ।
भोजन करे हल्का सदा सुथरा पहनना चाहिये ॥
कमरा रखाकर स्वच्छ अपना व्यर्थ ही मत फिर कहीं ।
प्रेमी न हो तू स्वादका छैला चिकनिया बन नहीं ॥

સ્વામી રામતીર્થ દેહાધ્યાસથી ઉપર ઊઠેલા હતા. તેઓ તો માનતા કે હું એક જ શરીરમાં નથી પણ હજારો શરીરોમાં વસી રહ્યો છું.

"અમેરિકાના લોકો ભારતને તીર્થ ગણે છે. જ્યાં જ્યાં સ્વામી રામતીર્થ વિચર્યા ને રહ્યા તે સ્થાનોને પવિત્ર ગણી ત્યાંની ધૂળ માથે ચડાવે છે. પણ અહીંના ડાહ્યા [કે દોઢ ડાહ્યા ?] લોકો રામ બાદશાહને પાગલ ગણે છે. ભારતના લોકોનું કેવું દુર્ભાગ્ય છે કે સ્વામી રામતીર્થ જેવા મહાપુરુષોને સમયસર ઓળખી નહિ શકયા.

"પોતાની સ્ત્રીમાં, પુત્રમાં, સગાં-સંબંધીઓમાં આસક્તિ રાખશો તો એક વાર તો એ સંબંધ–વિચ્છેદ થવાનો છે, તેથી છેતરાશો.

कोई नहीं तेरा यहां, अपना पराया छोड दे ।
सम्बन्ध बन्धन काट दे, नाता जगतका तोड दे ॥
आसक्ति अब मत कर किसी में, विश्व से मुख मोड दे ।
संकल्प तक भी त्याग दे, भांडा दुइ का फोड दे ॥

ઈશ્વર સિવાય કયાંય પણ મન લગાડયું તો અંતે રોવું જ પડશે. કારણ કે ઈશ્વર સિવાયનું બધું નશ્વર છે. એકવાર તમારી પાસેથી તે ઝૂંટવાઈ જવાનું છે. તમને છોડીને સગાંવહાલાં એક દિવસ મરશે તોય વિયોગ થશે ને તેમને છોડીને તમે મરશો તોય વિયોગ થશે. વિયોગ તો થવાનો જ. જીવન ને મૃત્યુ બંનેમાં શાશ્વત સાથ આપનાર જો કોઈ હોય તો માત્ર ઈશ્વર જ છે.

"પ્રેમ કરવો હોય તો ગુરુને પ્રેમ કરો, સંતને પ્રેમ કરો. આ લોકો ભવપાર કરાવી ઈશ્વરની મુલાકાત કરાવનાર પુલો જેવા છે.

संसार भर में मात्र तेरा एक सद्‌गुरू मित्र है ।
सब बंधु जग में बंधते करता वही निज तन्त्र है ॥
नव जन्म तेरा है हुआ, सब बंधनों का तोड दे ।
नूतन भवन में वास कर, अब घर पुराना छोड दे ॥

"ગુરુ અને સંતને પણ ઈશ્વર માટે જ પ્રેમ કરો. લગ્ન થઈ જાય પૈસા મળી જાય, ધંધો સારો ચાલે – આવા સ્વાર્થથી ગુરુ અને સંત પાસે ન જાઓ. ઈશ્વર–પ્રેમ સિવાય બીજી કોઈ પણ બાબત માટે સંતને પ્રેમ કરશો તો તત્કાળ તમારું ભલું થતું દેખાશે પણ આખરે તો રડવું જ પડશે. ભલે શરૂઆતમાં કોઈ કામનાથી ત્યાં જાઓ પણ પછી તમારી ભાવનાને ઊંચી બનાવી સંતના ચરણમાં સ્થિર થઈ જાઓ.

" ઈશ્વર સિવાયનું જે કંઈ મળશે તે નશ્વર જ હશે. એક માત્ર ઈશ્વર શાશ્વત છે. **શાશ્વતને પ્રેમ કરશો તો નશ્વર ચીજો તો પાછળ આવી મળશે. કદાચ ન આવે તો પણ તમને આત્મશાંતિ તો મળશે જ. અને આ આત્મશાંતિ પાસે જગતનો કોઈ પણ વૈભવ કંઈ વિસાતમાં નથી.**

" લોકોની હામાં હા મિલાવવાનું છોડી દઈ તમે ઈશ્વરના રસ્તે આગળ ચાલશો તો લોકો તમને અપમાનિત કરશે, પદદલિત કહેશે, મૂર્ખ કહેશે, વિરોધ કરશે. પણ તમે ગભરાશો નહિ. આ ફકીરો તરફ જુઓ. કેવા નિર્ભય છે ! દુનિયા ઊંધી થઈ ટીંગાઈ જાય તોય પોતાની મસ્તી ન છોડે. એ કહેશે: 'અંતે તો પાંચ મહાભૂતોને ? તેમાં તો પરિવર્તન થયા કરવાનું એમાં મારે શું ? હું તો દ્રષ્ટા છું, સર્વત્ર ને શાશ્વત છું. મારા પરમ પદના કિલ્લામાંથી એક કાંકરી સુદ્ધાં નથી ખરવાની.' જુઓ, કેવી નિર્ભયતા છે !

" સંતો ને ફકીરો તો સત્યમાં સ્થિત થયા છે, આત્મ સત્તામાં

ઊભા છે. તેઓ તો સાચું જ કહી દે. સત્ય કોઈની 'પોલીસી' સાંખતું નથી. પછી જે થાય તે થાય. આત્મા તો અમર ને સત્ય છે. ને આત્મા સિવાયનાને અમર કરવાનો પ્રયાસ વ્યર્થ છે.

" લોકોને રાજી કરવાના નાદમાં પડશો નહિ. બધા લોકો તમારા પર રાજી થઈ જાય એ સંભવિત નથી. તમે હૃદયમાં ઈશ્વરને એકલાને સાચવો, હૃદયને બળવા ન દો, સદા પ્રસન્ન રહો, બાકીનું બધું સળગી જાય તોય વાંધો નથી. ઈશ્વર સાથે તન્મયતા થઈ જાય તો આત્મશાંતિ તો મળી જ ગઈ. અને આત્મશાંતિથી મોટો બીજો કયો ઉદ્દેશ માનવજીવનમાં હોઈ શકે ? આત્મશાંતિ મેળવવી એ જ પરમ પુરુષાર્થ છે.

" મારો કોઈ વિરોધ કરે તો હું દુઃખી ન થાઉં, ક્ષુબ્ધ ન થાઉં. દુઃખી થવા માટે તો મૂર્ખ મન જોઈએ. ફકીરનું મન તો પરમાત્મામાં ઝબોળાયેલું રહે છે. મારી કોઈ ઉપેક્ષા કરે તોય હું વ્યથિત નહિ થાઉં. હું એટલો શાંત રહીશ કે મને અશાંત કરવાની કોશિશ વ્યર્થ જશે. હા, તમને ખોપડી ચગાવવાનું ' પુણ્ય ' જરૂર મળશે ! (હાસ્ય)

" લોકોનાં હૃદય તૂટે એમાં હું જવાબદાર નથી. કોઈ દારૂ વેચનારા બખાળા કાઢે છે કે સાંઈ, આશારામ સંત અહીં આવ્યા પછી મારો ધંધો ખરાબ થઈ ગયો. પહેલાં રોજનાં આઠ પીપ દારૂ વેચાઈ જતો. હવે માત્ર અઢી પીપ જ દારૂ વેચાય છે. [બધા હસે છે.] પણ તેથી મને શું ? બીજી બાજુ જુઓ તો દારૂ છોડવાથી કેટલાંય ઘર આબાદ થયાં. લોકો કહે છે કે માછીમારો, દારૂવાળા, ડૉકટરો ને દોરાધાગાવાળાનો ધંધો મંદ પડ્યો છે. પણ તેથી મને શું ? અલબત્ત, એ બધાય પરમાત્માનાં જ સ્વરૂપો છે. પણ તે માટે

ભલે પ્રેમથી અહીં આવે, સત્સંગ સાંભળે, જીવન સુધારે. પણ એમના ધંધા [કે ગોરખધંધા !] ચલાવવા હું સત્સંગની પ્રવૃત્તિ છોડી દઉં તે શકય નથી. મારો માર્ગ તો પ્રેમનો છે. તેથી પ્રેમી થઈને આવશે તો સ્વીકાર્ય છે.

" કોઈ પીવે પ્યાલા પ્રેમકા, તો ગૈં દેવાં ભર ભર ભર;
પી કે કરેગા ખુશિયાં, નહિ તો ઢૂંઢે દર દર દર ! "

" દૈવી વિધાનથી વિરુદ્ધ ચાલશો તો આફત આવવાની જ છે. કોઈ મરતાં મરતાં આફતના ભોગ થાય કોઈ જીવતાં જ આફત ભોગવતા જાય. ઈશ્વર સિવાય કયાંય પણ સત્ય-બુદ્ધિ કરશો તો આમ જ થવાનું છે. સત્ય તો કેવળ ઈશ્વર છે. બાકી બધું આવાગમનના ચક્કરમાં ફસાયલું હોવાથી અસત્ય છે, નાશવાન છે. તેમાં તમારા દિલ રૂપી મોતીને પરોવી ન દો.

ભક્ત તો ઈશ્વરને સદા પ્રાર્થના કરે છે કે :

' હે પ્યારા પ્રભુ ! અમારા દિલ-દિમાગમાં તમારા સિવાય બીજું કશું ન આવે. હું સંસારમાં ન ફસાઉં. સંસાર પ્રતિ મને મોહ થાય તો મારાં દિલ-દિમાગને ભસ્મ કરી નાખજો. હે પ્યારા ! તમારા સિવાયનો કોઈ વિચાર આવે તો મારું લોહી જામી જાય. સ્વર્ગ માટે તમને ભજતો હોઉં તો મને કુંભીપાક નર્કમાં નાખજો. સૌંદર્ય ને આરોગ્ય માટે જો ઉપાસના કરતો હોઉં તો મારા રોમ રોમમાં કીડા પડજો. ગમે તેમ કરીને પણ પ્રભુ ! તમારી ભક્તિને બચાવજો જેથી સદા તમારાં ચરણોમાં લપેટાઈ રહું.'

" જુઓ, કેવી છે સાચા ભક્તની પ્રાર્થના ! ઈશ્વરના ધ્યાનને એટલું મહત્ત્વ આપે છે કે ત્યાં બીજી વસ્તુ કે વિચાર માટે તસુ

જેટલી પણ જગ્યા નથી. દુર્યોધને કહ્યું હતું કે સોયની અણી રહી શકે એટલી જમીન પણ પાંડવોને નથી મળવાની. જ્યારે સાચાં ભક્તો સદાકાળથી કહેતા આવ્યા છે કે ઈશ્વર સિવાય કોઈને હૃદયમંદિરમાં એક તલમાત્ર પણ સ્થાન નહિ મળે.

" કુદરતના આખરી નિયમો બહુ કડક છે. છેહલે તેઓ તમારા મોહ પર ડંડા મારશે. માટે પહેલેથી જ ચેતી જાઓ. કૂડ, કપટ, છળ વગેરેને અંદરથી છોડતા જાઓ. પછી ધીરે ધીરે આસક્તિનો અંચળો પણ સરકાવતા જાઓ. નહિ તો અંત સમયે ભારે ડંડા પડશે ને બળજબરીથી બધું ખૂંચવી લેવાશે. લોકો તો મોહ છોડવાની જગ્યાએ પણ મોહ કરે છે. સંત પાસે આવીને પણ મકાન, દુકાન માગે છે, પણ આત્મજ્ઞાન માગતા નથી.

" લોકો જ્યારે રામતીર્થ પાછળ ઘેલા થઈને જતા ત્યારે એ મસ્તરામ કહેતા :

' નિર્દોષ રામે તમારું શું બગાડયું છે કે તમે તેને વ્યક્તિગત સંબંધનાં બંધનોની સીમામાં બાંધો છો ? મને કોઈ પોતાનો મિત્ર ન માનો. હું તો પરમનો થઈ ગયો છું. તમારી ખુશી માટે મને છોડી દો, નહિ તો આખરે તમને જ રડવું પડશે."

" તમે બધા પણ તમારા આશારામને એકલા છોડો. એકાંતમાં બેસીને જેટલું આત્મચિંતન કરશો તેટલું જ જીવન સાર્થક છે.

एकान्त में तू बैठ कर, निज आत्म अनुसंधान कर ।
कर ध्यान अपने आपका, मत दूसरेका ध्यान कर ॥
संतुष्ट अपने आप में हो, आप को सम्मान कर ।
हो तृप्त अपने आप में ही विश्व मिथ्या जान कर ॥

શરીરનું લાલન પાલન જરા ઓછું કરશો તો શું થઈ જવાનું છે? શરીરની સંભાળ નહિ લો તો શું તે બે દિવસમાં પડી જવાનું છે? ના. ઈશ્વરની મસ્તી તો ઓર છે. ઈશ્વરમાં મસ્ત રહેશો તો શરીરની ઘટમાળા પ્રારબ્ધવશાત્ આપ મેળે ચાલ્યા કરશે. ઈશ્વરને છોડી શરીરને વધુ પડતું પાળશો નહિ. પાળશો તો તમારો દેહાધ્યાસ વધશે અને વારંવાર તમને યાદ આવ્યા કરશે કે તમે શરીર છો. બાળકનું પણ જો વધારે પડતા લાડથી લાલન પાલન કરશો તો તેનો દેહાધ્યાસ પણ વધતો જશે.

"આ શરીર તો ઈશ્વરનો સંદેશો આપવા પ્રગટ્યું છે. એ કામ પૂરું નહિ થાય ત્યાં સુધી પડવાનું નથી, એમ સમજી ભજનમાં પરોવાઈ શરીરની ચિંતા છોડી દો. મરનારા તો પલંગમાં સૂતાંય મરી જાય છે ને બચનારા વાહનોના ભયંકર અકસ્માતોમાંય બચી જાય છે. એક સ્ત્રીએ જીવનથી કંટાળીને પોતાનાં બે બાળકોને સાથે લઈને કૂવામાં પડતું મૂક્યું. તે સ્ત્રી મરી ગઈ પણ બંને બાળકો બચી ગયાં. શરીર ટકવું ન ટકવું પ્રારબ્ધને આધીન છે. તેને એશઆરામ આપવા ઈશ્વરને ભૂલી ન જાઓ. શરીર અને તેના સંબંધો માટે ઈશ્વરને ભૂલી જવું એ ઈશ્વર પ્રત્યે ઘોર અન્યાય છે. અને ઈશ્વર તમારા આત્મસ્વરૂપથી અલગ નથી. માટે સદા આત્માનંદમાં મસ્ત રહો.

"સ્વામી રામતીર્થ કહે છે: 'પરમ મસ્તીમાં રહેવું એ મારું કર્તવ્ય છે. તેમાં તમે છેડછાડ ન કરો. હું મસ્તીમાં છું. અને આકર્ષવાનો પ્રયત્ન ન કરો.'

"સંસારીઓનાં, અજ્ઞાનીઓનાં પ્રીતિ, ભક્તિ ને સન્માનથી દૂર રહો. કારણ કે આવા લોકો ક્યારે શું કરે તેનું કોઈ ઠેકાણું નથી હોતું. ઈસુ માટે શહેરને શણગારી સન્માન આપનારા લોકોએ જ

પ્રેમના પાઠ શીખવનાર ઈસુને ફાંસી આપી. સત્યની શોધ પાછળ જીવન ગાળનાર સોક્રેટીસને સત્ય ન પચાવી શકનારા લોકોએ ઝેર પાયું. 'અહિંસા પરમો ધર્મ' નો ઝંડો લઈ ઝુઝનારા ગાંધી ગોળીએ વીંધાયા. અજ્ઞાનીઓનાં આવાં કરતૂતથી આખો ઇતિહાસ ભરેલો છે. અજ્ઞાનીનું મન, પીપળાનું પાન, શેઠનું ધન ને હાથીનો કાન ક્યારે હાલી ઊઠે તે કહી શકાય નહિ.

"તમે અંદરથી સન્માનની ઇચ્છા ન રાખો અને અપમાનની પરવાહ ન કરો. અંદરથી સન્માનની ઈચ્છા હશે ને સન્માન મળશે તો હર્ષ થશે, સન્માન નહિ મળે તો દુઃખ થશે. ઈશ્વર સિવાય કશાની ઇચ્છા જ ન કરો. ઈશ્વર સિવાયનું તો જે થાય છે તે ઠીક છે, જે થઈ ગયું તે ઠીક છે, જે થવાનું છે તે ઠીક છે. પરમાત્મામાં ચિત્ત લાગતાં બધું બરાબર લાગવા માંડશે. સહજભાવે જે આવે તે બરાબર છે. ઈશ્વર સિવાયની કોઈ યોજના ન બનાવો. મકાન, દુકાન, સગાઈ, સબંધ, નોકરી, ધંધો એ બધું ઠીક છે. તેના માટે આકળા નથાઓ. ઈશ્વરને તેનું કામ કરવા દો."

[કેટલાક સિંધી યુવકો ઊભા થઈ પૂ. સ્વામીજીને દૂરથી પ્રણામ કરી જવાની તૈયારી કરે છે. પૂ. સ્વામીજીનું ધ્યાન તે તરફ જતાં તેમને પાસે બોલાવે છે. લેખકને એ બધા ચહેરા નવા લાગે છે. પૂ. સ્વામીજી બધાને પ્રસાદ આપે છે ને ક્યાંથી આવ્યા, કેમ આવવું થયું... વગેરે પૂછપરછ કરે છે. તેના જવાબમાં એક યુવાન સિંધી ભાષામાં જવાબ આપે છે:]

યુવાન—"સાંઈ, અમે અમદાવાદમાં જ રહીએ છીએ. આપના વિષે અમે સાંભળ્યું ને બધા મિત્રો ભેગા થઈ આપનાં દર્શન કરવા આવ્યા છીએ. બસ, બીજું કોઈ કામ ન હતું. અમારી પાસે પાકું સરનામું ન હતું ને આ બાજુ કદી આવેલા નહિ તેથી

ભૂલા પડયા. પહેલાં તો અમે બસમાં બેસી રાણીપ પહોંચી ગયા. ત્યાં આશ્રમનો કયાંય પત્તો ન લાગ્યો. પાછા સુભાષબ્રીજ પહોંચ્યા. ત્યાં ઘણા લોકોને પૂછયું પણ કંઈ જ માહિતી ન મળી. સમય ઘણો પસાર થઈ ગયો હતો. પણ દર્શન કરવાની ખૂબ જ ઇચ્છા હતી. કયાં જવું તે સૂઝતું ન હતું. પછી અમે બધાએ મળી નક્કી કર્યું કે હવે જે પહેલી બસ આવે તેમાં બેસી જવું અને જ્યાં લઈ જાય ત્યાં જવું. થોડીવારમાં જ એક બસ આવી ને અમે ચડી બેઠા. એ બસ અમને ઓ. એન. જી. સી. ઓફિસ સુધી લઈ આવી. બસમાંથી ઊતરીને ત્યાં પૂછપરછ કરી તો તરત એક ભાઈએ આશ્રમના રસ્તાનો ખ્યાલ આપી દીધો ને અમે આશ્રમમાં પહોંચી આવ્યા ને આપનાં દર્શન થયાં."

પૂ. સ્વામીજી–[હસતાં હસતાં] "જોયું ! [ચપટી વગાડી અભિનય કરતાં] જીવનનું સુકાન ઈશ્વરને સોંપતાં આમ પ્રશ્નો ઉકેલવા માંડે છે."

[સિંધી યુવાનો સ્વામીજીને પ્રણામ કરી વિદાય થાય છે. પછી મૂળ પ્રવચનનો દોર સાંધતાં :]

પૂ. સ્વામીજી — "જેનાથી પ્રેમ કરો છો તે તમારી સાથે જ રહે છે. બ્રહ્માંડોના શહેનશાહ પરમાત્મા તમારી અંદર જ બેઠા છે પણ તમે સંસારની વસ્તુઓ પાછળ, પદાર્થોનાં સુખો પાછળ પડયા છો. સંસારીને કુદરતની જ્યારે થપ્પડ વાગે છે ત્યારે જો સમજુ હોય તો તે અનંતમાં કૂદવાનું સામર્થ્ય મેળવી લે છે. પણ મૂર્ખને થપ્પડ વાગતાં તે વસ્તુઓ પાછળ વધારે પાગલ થાય છે. વારંવાર થપ્પડો પડવા છતાં તે એ સીમામાં જ કૂદ્યા કરે છે. મુલ્લાંની દોડ મસીદ સુધી. પણ એ ઓઘડને ખબર નથી કે જેની પાછળ તે દોડે છે, જેની સાથે સંબંધ બાંધવા આતુર છે તેને એક દિવસ છોડવ

જ પડશે. નાહકનો નશ્વર પાછળ જીવન વેડફી રહ્યો છે. ઈશ્વરનો ભૂલીને, પોતાના આત્માને ભૂલીને હાય વોય કરતાં ધન ભેગું કરી સુખી થવાની આશા રાખનારની આશા અંતે તો ઠગારી જ નીવડે છે. કાપડ વેંચનાર શેઠિયો કાપડ નથી વેચતો પણ પોતાનું જીવન વેચી રહ્યો છે. ઝવેરાત વેંચનાર ઝવેરી ઝવેરાત નથી વેચતો પણ પોતાનું જીવન વેચી રહ્યો છે. એને ખબર નથી પડતી કે માનવ જીવનનો એક એક અણમોલ શ્વાસ વ્યર્થ જઈ રહ્યો છે.

"એક બુઢ્ઢો ધંધામાં ખૂબ પૈસા કમાયો, મકાનો બંધાવ્યાં, સારી જગ્યાએ ધંધામાં પૈસા રોકયા. છોકરાં પરણાવ્યાં ને છેલ્લે માંદો પડયો. ખૂબ ખર્ચ કરી દવાઓ કરી પણ કંઈ ફેર ન પડયો. શક્તિ ઘટતી જતી હતી. છેલ્લે છેલ્લે તો જીભ પણ દગો દેવા લાગી. બુઢ્ઢો પથારીએ સૂતો છે. સારવાર કરનારાં આસપાસ ગોઠવાયાં છે. ડોસાની નજર બારણાં તરફ છે. થોડીવારે તે સળવળ્યો, ઈશારાથી પાણી માગ્યું. બે ચમચી પાણી પીધા પછી તે કંઈક બોલવા જતો હતો પણ જીભ ખેંચાઈ. માત્ર 'વા... વા.... સ.... સ... એટલા જ ઉચ્ચારો બહાર આવ્યા. છોકરાઓએ ને વહુઓએ વિચાર્યું કે ડોસા વારસા અંગે કંઈ કહેવા માગે છે પણ બોલી શકાતું નથી. હાથથી લખવાની પણ સ્થિતિ રહી નથી. તેમણે શહેરના એક મોટા ડૉકટરને બોલાવ્યા ને કોઈ પણ હિસાબે ડોસા બે પાંચ મિનિટ બોલી શકે એવો ઉપચાર કરવા જણાવ્યું. ડૉકટરે એક ખૂબ શક્તિશાળી ઈન્જેકશન ડોસાને આપી દીધું ને બધાં ત્યાં રાહ જોતાં ઊભાં રહ્યાં. થોડીવારે ડોસલો બોલી ઊઠયો :

'વાછરડી સાવરણી ચાવે છે ને તમે બધાં અહીં ખોડાયાં છો ? ......'

[શ્રોતાઓમાં હાસ્યનું મોજું ફરી વળે છે. પૂ. સ્વામીજી પણ હસી રહ્યા છે.]

"આટલું ખર્ચ કરી ડોસાને બોલાવ્યો ને પરિણામમાં વારસાને બદલે વાછરડી ને સાવરણી જ નીકળી. આટલો પૈસો ભેગો કર્યો હોવા છતાં અંતિમ ઘડીએ પણ રામનામ યાદ કરવાને બદલે સાવરણી બચાવવામાં જીવ ચોંટયો છે. વાછરડી તો સાવરણી ખાય છે પણ કાળ તારું જીવન ખાય છે તેનું શું?

"સંસારની નશ્વરતા જોઈને, સંસારીઓની બેવફાઈ જોઈને જે શાશ્વત તત્ત્વમાં, અનંત તત્ત્વમાં ન કૂદી જાય તે મૂર્ખ છે. શરીરની આસક્તિ છોડો નહિ તો શરીર તમને છોડી જશે. આખરી ઘડીએ અકળાયા સિવાય બીજું કંઈ કરી નહિ શકો. પછી તમે ઈશ્વરને કે પ્રકૃતિને દોષ દેશો તેથી કંઈ વળવાનું નથી. સમય તો હાથમાંથી સરી જ જવાનો છે. શેઠ ધનને ન છોડે તો ધન શેઠને છોડી જાય. ઈશ્વર સિવાયનું તો બધું... સબ ચલા ચલીકા મેલા.

"નિર્દોષતા, નિષ્કપટતા ને ત્યાગ જેટલાં વધારશો તેટલી તમારી શક્તિ વધશે. ઈચ્છાઓ ને આસક્તિ જેટલાં વધારશો તેટલા અંદરથી ખોખરા અને દીનહીન થશો. કાલીકમલીવાળા બાબા પાસે જીવન જરૂરિયાતનો સામાન બહુ જૂજ હતો. તેમની પાસે માત્ર એક જૂની પુરાણી કાળી કામળી હતી. પણ ફકીરીમાં તો તે બ્રહ્માંડના શહેનશાહ હતા.

"હું તમને એમ નથી કહેતો કે તમે બધા ફકીરોની માફક એકદમ બધું છોડીને બાબા બની જાઓ, કેમ કે સાધનાની વાતો બધાને એક જ રીતે લાગુ પાડી ન શકાય. કોઈના માટે સાધનામાં એકાંત સહાયક થઈ પડે તો કોઈને વળી લોકોની ભીડ નિષ્કામ કર્મયોગી થવા માટે પ્રેરણારૂપ થઈ પડે. કોઈને પોતાના જીવનમાં વ્યાપકતા લાવવા સમાજજીવન સહાયક થાય, પણ જેને સંસારમાં આસક્તિ હોય તેને સંસાર તરફથી ફટકા મળવા પણ જરૂરી બની જાય છે. જીવનના ઉત્થાન માટે આ બધાં સહાયક પરિબળો છે. સાધનામાં

એ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. સંતો ને મહાપુરુષોનાં જીવન ચરિત્રો વાંચતાં તેનો ખ્યાલ આવે છે. જીવન ચરિત્ર લખનાર લેખક મૂર્ખ હોય તો તે મહાપુરુષના જીવનનો બાહ્ય આડંબર જ લખે છે. પણ લેખક જો શાણો હોય, સમજુ હોય તો તે સફળતાનાં મૂળ તત્ત્વોની ઉપેક્ષા નથી કરી શકતો. દરેક પ્રસંગોમાં ચરિત્ર નાયકની તત્ત્વનિષ્ઠા કેવી રહી તેનું સ્પષ્ટ આલેખન કરે છે.

"આવા દુર્લભ તત્ત્વનિષ્ઠ મહાપુરુષો અધિકારી શિષ્યને 'तत्त्वमसि' મહાવાકયનો બોધ કરાવે છે. તેનાથી શિષ્યના સઘળા સંશયો છિન્નભિન્ન થઈ જાય છે. માત્ર શિષ્ય અધિકારી હોવો જોઈએ. શિષ્યમાં જો વિવેક અને વૈરાગ્ય હોય તો 'तत्त्वमसि' વાકયના અર્થને સમજવા કંઈ શંકરાચાર્યની સૂક્ષ્મ બુદ્ધિની જરૂર નથી. થોડો વિવેક કેળવવાથી અને સદ્‌ગુરુ પર પૂર્ણ શ્રદ્ધા રાખવાથી સદ્‌ગુરુ એ મહાવાકયનો મર્મ શિષ્યમાં ઊતારી શકે છે. જે થોડા સમજુ છે તેને તો નશ્વર સંસાર જોઈને જ વૈરાગ્ય આવી જાય છે. વિવેકની આંખોથી સંસારની નશ્વરતા જોઈ શકાય છે. 'ટકુ કે ટારો કાજી કે ઈશારો.' શાણા ને વિચારવાન પુરુષો ઈશારામાં જ સંસારનો સારાસાર જાણી જાય છે જ્યારે મૂર્ખાઓને ડફણાં પડે તોય માંડ સમજે. વિવેક–દૃષ્ટિ કેળવવા માટે અવારનવાર જાતને પ્રશ્નો કરતા રહો. નાની મોટી ઉપલબ્ધિઓ થાય તો પૂછો: 'તેથી શું? આખરે એ બધી ઉપલબ્ધિઓથી શું? અંતે તો એ બધી એક દિવસ છૂટી જવાની છે.' સુખદુઃખના પ્રસંગો આવે તો જાતને સમજાવો કે: 'તેથી શું? સુખ પણ ચાલ્યું જશે, દુઃખ પણ ચાલ્યું જશે.' દરેક વખતે જાતને યાદ દેવડાવો કે:

'Even this will pass away.'

"આ બધું તો આકાશમાં ઊડતાં પક્ષીઓ જેવું છે. આકાશને પક્ષીઓ સાથે કંઈ લેવાદેવા નથી. આકાશ તો નિર્લેપ

છે, અસંગ છે. આ જ પ્રમાણે તમે પણ અસંગ છો, સાક્ષી છો. બાકીનું બધું તો નદીના પ્રવાહની જેમ વહી રહ્યું છે. તેમાં સુખ રૂપી ફૂલો પણ વહે છે ને દુઃખ રૂપી કાંટાનાં ઝાંખરાં પણ તણાઈ રહ્યાં છે. તમે તો કિનારે બેઠા છો. તમને એ બધાંનો સ્પર્શ શાને?

'આવું બધું વિચારવા કોણ નવરું છે' એમ વિચારનાર પોતાને બહુ હોશિયાર સમજે છે પણ વાસ્તવમાં તે રોગી છે. કોઈનું તન રોગી હોય તો કોઈનું મન રોગી હોય. વળી કેટલાકનું મસ્તક રોગી હોય. રોગી મસ્તકમાં તો ભાત ભાતના વિચારો આવે છે ને ખોપરી ચગતી રહે છે. સંસારમાં આવાં રોગી મસ્તકો ઘણાં છે. જ્ઞાની મસ્તકોની ખોટ છે. જ્ઞાન વિષયક નિર્ણયોમાં બહુમતી નથી ચાલતી. આ નિર્ણયમાં તો નિરોગી મસ્તકનું જ મૂલ્ય છે. પણ જ્યાં બધા રોગી મસ્તકવાળા હોય ત્યાં રોગી મસ્તક જ પ્રમાણભુત મનાય છે. જ્ઞાની મસ્તકનો તો આ લોકો કક્કો જ કાઢી નાખે છે. મૂઢ હોય તે મૂઢને જ માને છે, જ્ઞાનીનો ઉપદેશ તેમનાં ભેજાંમાં ઊતરતો નથી.

"રોગી મસ્તકો સાથે રહેશો તો રોગી થશો. ઈશ્વર ચિંતનમાં તન્મય નહિ થાઓ તો રોગ વધતો જશે. સંસાર-વૃક્ષ તો દશે દિશામાં ડાળીઓ ફેલાવતું જાય છે. તેને કાપવા માટે અસંગનું શસ્ત્ર ચલાવવું પડશે. ગીતામાં ભગવાન કહે છે :

असंगशस्त्रेण दृढेन छित्त्वा ।

"ઈશ્વરચિંતન કરવાવાળા સાથે રહેશો તો જીવન સુધરશે. બધા વ્યવહારોમાં ઈશ્વર વચ્ચે રાખશો તો વ્યવહાર શુદ્ધ થશે ને જીવન સાર્થક થશે. ઈશ્વર બાજુનો મોરચો સંભાળી શકો તો બાકીના બધા મોરચે જીત જ છે. પણ એક ઈશ્વરનો મોરચો

ઢીલો પોચો છોડીને બીજે બધે મોરચે ગમે તેવો બંદોબસ્ત રાખશો તોય અંતે બાજી હારશો :

'एक साधे सब सधे सब साधे सब जाय ।'

"ઈશ્વરીય નિયમનો જરા પણ ભંગ કર્યો કે દુઃખ ને અશાંતિએ બારણાં ઠોક્યાં જ સમજો.

ઈશ્વરનું ભજન પણ સમજણ પૂર્વક થવું જોઈએ. ઈશ્વરને પણ ભજો ને પોતાને દેહ પણ માનો એ એક મ્યાનમાં બે તલવાર રાખવા જેવું છે. દેહાધ્યાસ તો સર્વ પાપનો બાપ છે. દેહાધ્યાસમાં આવતાં જ તમારી આસપાસ કર્તવ્યોની ભીડ જામી જશે. કુટુંબના વિચાર, સમાજના વિચાર, રાષ્ટ્રના વિચાર તમને ઘેરી વળશે ને ઈશ્વરના વિચારને ત્યાં રહેવાનો મોકો જ નહિ આવવા દે. એ બધા વિચારોને ન્યાય આપતાં, બધાં કર્તવ્યો નિપટાવતાં આખું જીવન વહી જશે. તમે માત્ર નિર્દોષ બની જાઓ, ઈશ્વરની મસ્તીમાં ડૂબી જાઓ, સ્વરૂપમાં સ્થિર થઈ જાઓ. પછી કર્તવ્યોની બધી ભીડ વિખરાઈ જશે. એક મહાન કર્તવ્યમાં બાકીનાં બધાં કર્તવ્યો સમાઈ જશે, ઓગળી જશે.

"દરેક માનવના જીવનમાં સંસારની નશ્વરતા સિદ્ધ કરનારી ઘટનાઓ ઘટે છે. તેના પરથી બોધપાઠ લઈને માનવ સાધન ભજનમાં લાગી જાય તો તેનો બેડો પાર થઈ જાય. સાચી લગન લાગવી જરૂરી છે. આત્મજ્ઞાન તો સમજુ માટે એટલું સરળ છે કે જેટલું અમીર માટે કંગાળ થવું સરળ છે. અમીર પોતાની પાસે રહેલો વૈભવ આપી દે તો તરત કંગાળ થઈ જાય. વાર કેટલી? તેમ સાધક પણ ધ્યાનમાં બધી માન્યતાઓ સ્વાહા કરી નાખે તો આત્મ જ્ઞાન થતાં વાર કેટલી? પણ 'હું દેહ છું' એ પરિચ્છિન્ન માન્યતા જ ન છૂટતી હોય તો આત્મજ્ઞાનની વાત જ ખતમ.

" દેહાધ્યાસથી ઉપર ઊઠી બહારનાં નિંદા-સ્તુતિથી ન ડગવાની શક્તિ મેળવી લો તો તમે જ ઈશ્વર છો. કાર્ય કરવાના ને દુનિયાભરનાં કર્તવ્યો બજાવવાના તાવથી મુક્ત થઈ જાઓ. એ તાવ જ્ઞાની જ ઊતારી શકે છે. રોગીઓને રોગમુકત કરવા જ્ઞાની પણ રોગી હોવાનો દેખાવ કરે છે. પાણીમાં ડૂબતા માણસને બચાવવા તરવૈયાએ પણ પાણીમાં ઊતરવું પડે છે, તેમ સંસારીને સંસારમાંથી બહાર કાઢવા જ્ઞાનીએ પણ સંસારમાં ઊતરીને સંસારી હોવાનો અભિનય પણ કયારેક કરવો પડતો હોય છે. જ્ઞાનીને શું શું કરવું પડે છે તે તો જ્ઞાની જ જાણે.

" તમારા ઉત્થાન માટે જ્ઞાની તરફથી જે થવાનું હશે તે આપમેળે થયા કરશે. તમે તમારા તરફથી પ્રયાસ કરતા રહો. સાંઈની કૃપા હોય તોય તમારે પ્રયાસ તો કરવો જ પડશે. પ્રયાસ વિના પ્રકૃતિ કોઈને આગળ વધવા નથી દેતી. માત્ર સાંઈની કૃપા જ પૂરતી હોય તો બધા ફટાફટ તરી જાય. માથે એક એક ટપલો મારીને રવાના બધાને કર્યા હોત. પછી આ આશ્રમ, તમારા દૂરથી અહીં આવવાના વારંવારના ધક્કા, બધી ભાંજગડ દૂર થઈ જાત. પણ એવું નથી. પ્રયાસ તો ભલભલાને કરવો પડે છે.

उद्यमेन हि सिध्यन्ति, कार्याणि न मनोरथैः ।
न हि सुप्तस्य सिंहस्य, प्रविशन्ति मुखे मृगाः ॥

'સઘળાં કાર્યો પુરુષાર્થથી જ સિદ્ધ થાય છે, કેવળ કલ્પનાના ઘોડા દોડાવવાથી કંઈ જ વળતું નથી. સૂતેલા સિંહના મોંમાં શિકાર આવી પડતો નથી.'

" પ્રયાસ વિના તો ખીચડી પણ નથી મળતી, તો ઈશ્વર કયાંથી મળે ? "

" શ્રદ્ધા અને ઉત્સાહથી સાધનામાં લાગી જાઓ. કામ, ક્રોધ, લોભના પ્રબળ પ્રવાહથી બચો. આ ત્રણ મહા શત્રુઓ વાત, પિત્ત ને કફના વિકારથી થાય છે. માટે તેમની સ્થિતિ સમ કરવા માસમાં એકવાર ગજકરણી ક્રિયા કરો. આથી વાત, પિત્ત, કફનો પ્રકોપ ઘટશે, શરીર સુડોળ થશે, સ્વસ્થ થશે. પછી કામ, ક્રોધ ને લોભ સતાવશે નહિ.

" સાધન-ભજન કરો ને ઉપદેશ સાંભળો. જીવનમાં ઊંચી આશા રાખો. ધીરે ધીરે વિકાસ થશે ને માંહ્યલો જાગતો જશે.

" જેના જીવનમાં ઉન્નત થવાની આશા ન હોય તે મરેલો છે. જીવંત જીવન માટે, તરવરાટ ભર્યા જીવન માટે દૂર દૂર પણ કોઈ ઉચ્ચ લક્ષ્ય હોવું જરૂરી છે. કોઈ ધ્યેય નક્કી કરો કે મારે અમુક સ્થિતિ પ્રાપ્ત કરવી છે. પણ યાદ રાખો કે આ આશાવાદમાં કોઈ નશ્વર ચીજોમાં ફસાઈ ન જતા માછલાં તો બગલાઓ ખાય. હંસા તો મોતી ચૂગે."

" તમે કોઈનું કશું બગાડતા નથી, કોઈને અવરોધ રૂપ બનતા નથી, શાંત છો-એ બધું બરાબર છે. પણ તમારું કોઈ નિશ્ચિત ગંતવ્ય સ્થાન ન હોય તો જીવન મડદાં જેવું છે. મડદું પણ એક બાજુ શાંત પડી રહે છે. તે કોઈનો હક્ક છીનવતું નથી. પણ તેથી શું ? માનવ જીવન મળવાનો હેતુ એટલામાં જ પૂરો થતો નથી. તેણે તો તરીને અગમના ઓવારે ઊતરવાનું છે. અન્ય સૃષ્ટિ કરતાં માનવમાં તેની સંભાવનાઓ અનેકગણી વધારે છે. તેથી તો પશુ-પક્ષીઓને ભગાડીને અનાજ, ફળફળાદિ વગેરેને તેના મુખ સુધી લાવવામાં આવે છે. માટે :

" માનવ જન્મ સાર્થક થાય એવો રાહ પકડી લો.

આવતા સંઘર્ષોથી ડરો નહિ, ચોટ વાગે તો હિંમત હારો નહિ. અવરોધોમાંથી પસાર થશો તો જ જીવન ચમકશે. આ બધું કર્યા પછી પણ ઈશ્વર મળે તો સોદો સસ્તો છે.

"તમે બધા દૂર દૂરથી સપ્તાહમાં બે વાર સત્સંગમાં આવો છો તે સારું છે. ઘણા લોકો નોકરી ધંધા માટે દૂર દૂરથી 'અપડાઉન' કરે છે. તમે ઈશ્વર માટે 'અપડાઉન' કરો તો શું ખોટું છે? કુદરત તો સાધક માટે વિરોધી વાતાવરણ ઊભું કરે છે. કારણ કે એમ ન કરે તો બધા મુક્ત થઈ જાય ને બ્રહ્માજીની ડાયરી ફાટી જાય. [બધા હસી પડે છે.] તેથી પ્રકૃતિ તમારી આસપાસ ભીડ ઊભી કરી દે છે. મોક્ષની ગાડીમાં ભીડ છે. એમાં લાગવગવાળા બેસી શકે છે ને બીજા જે સાહસિક હોય તે બારીમાંથી કૂદીને અંદર ઘૂસી જાય છે. બાધા બાધા તો જોતા જ રહી જાય છે ને ગાડી ઉપડી જાય છે.

"તમારી આસપાસ સુખદુઃખની ભલે ભીડ હોય પણ તમારી ખોપરીમાં વિચારોની ભીડ એકઠી ન કરશો. ખોપરી હંમેશાં સ્વચ્છ રાખો ને સાહસિક બનો. જ્યારે જ્યારે સમય મળે ત્યારે આત્માની ગાડીમાં કૂદી પડો.

"દુઃખો અને પીડાઓ આવ્યા પછી પાછળ આનંદ આવશે જ એવું નથી. આનંદ માટે તો આત્માનો અભ્યાસ કરો, સ્વરૂપમાં સ્થિર થવાનો અભ્યાસ કરો.

"દુઃખ એ તમારી ભૂલનું પરિણામ છે. ક્યારે ને ક્યારે ભૂલ થઈ જ હશે. દુઃખી થવું એ અણસમજણ છે. તમારા સુખદુઃખનું કારણ તમે જ છો. જો સમજ આવે તો જ્યાં જશો ત્યાં સુખને ખોળી કાઢશો. ઈશ્વર સાથે બેસવાવાળાને દુઃખ કેવું ?

"શરીરમાં બેસશો તો દુઃખ અનિવાર્યપણે આવશે. શરીરનાં તો નિંદા–સ્તુતિ થવાનાં જ. પણ તેથી તમે ચળો નહિ. શરીરથી ઉપર ઊઠી આત્માના ગઢમાં વાસ કરો. આત્મજ્ઞાનના અગ્નિમાં બધું ભસ્મ કરી દો.

ज्ञानाग्नि सर्व कर्माणि भस्मसात् कुरुते तथा ।

"કેવળ આત્મામાં જ નિષ્ઠા રાખો, ઈશ્વરમાં જ નિષ્ઠા રાખો. બાકી બધું જેવું હોય તેવું ઠીક છે. હરિ ૐ તત્ સત્ બાકી બધું ગપશપ.

વિષયોનું સુખ મળે તોય શું ને ન મળે તોય શું? સંસાર તો સ્વપ્નવત્ છે, માયા છે. તેને વીતવા દો. આત્મા જ એક માત્ર સાચો છે. આત્માને ભૂલીને સુખ દુઃખ સાચાં માનશો તો અંતે પીડા જ હાથ લાગશે.

બધાં દુઃખોની એક જ દવા છે :

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।

"આ વેદાંતિક સત્યને નહિ સમજો ત્યાં સુધી તમારી ખોપરીમાં દુઃખોની વણઝાર, ટ્રેનોની ટ્રેનો આવીને ઠલવાશે. શરીરને આત્મા માનવાથી તમે જાતને છેતરો છો. દેહાધ્યાસી પોતે તો અશાંત હોય જ, પણ જેનો સંગ કરે તેને પણ અશાંતિ પ્રદાન કરે.

"અજ્ઞાની રહેવું એ જ મોટામાં મોટું પાપ છે. અજ્ઞાની તો પુણ્ય કરશે તોય બંધનમાં જ પડશે. જ્યારે જ્ઞાની પાપ કરશે તોય નિર્લેપ રહેશે, દુઃખી નહિ થાય. હનુ-

માનજીએ લંકા બાળી પણ તેનો દોષ તેમને ન લાગ્યો, જ્યારે અજ રાજાએ ગાયનું દાન કર્યું તો પણ દોષ લાગ્યો ને અજગર યોનિ મળી.

" અષ્ટાવક્ર જનક રાજાના દરબારમાં બ્રહ્મજ્ઞાનની કથા કરતા હતા, દરરોજ ત્યાં પાંખોવાળો એક સાપ આવીને શાંતિથી બેસી જતો ને કથા સાંભળતો. સાત દિવસ બાદ જનકને જ્ઞાન થયું. તે સાથે પેલો સાપ પણ દિવ્ય દેહવાળો બની ગયો. પ્રશ્ન પૂછતાં તેણે જણાવ્યું કે :

' હું આ જ કુળમાં અગાઉ અજ નામે રાજા હતો. એકવાર મેં એક ગાય એક બ્રાહ્મણને દાનમાં આપી. દૈવયોગે એ ગાય મારી પાસે પાછી આવી. મને એની જાણ ન થઈ. પછી એ જ ગાય બીજા એક બ્રાહ્મણને દાનમાં આપી. આથી પહેલો બ્રાહ્મણ ફરિયાદ લઈ આવ્યો કે મને આપેલી ગાય આ બીજાને કેમ આપી ? બીજો બ્રાહ્મણ કહે, એ ગાય મેં ચોરી નથી, રાજાએ જ દાનમાં આપી છે. હું તેના પરનો હક્ક જતો કરી નીચું જોવા નથી માગતો. બંને બ્રાહ્મણો હઠે ચડ્યા. બીજી અનેક ગાયો આપવાની વાત કહી તો પણ બંનેએ પેલી ગાય જ માગી. હું તેમને સમજાવી ન શક્યો. એ બંને બ્રાહ્મણોએ મારા બારણે અનશન કરી દેહ છોડ્યો. મને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું ને અજગર યોનિ મળી. છેવટે ધર્મરાજાને ખૂબ વિનંતિ કરીને ઉગરવાનો ઉપાય માગ્યો ત્યારે તેમણે જણાવ્યું કે, જ્યારે તારા કુળમાં બ્રહ્મજ્ઞાનની કથા કરાવી કોઈ જ્ઞાન મેળવશે ત્યારે તારો છૂટકારો થશે. અહીં જનકરાજાએ કથા કરાવવી શરૂ કરી ત્યારથી મને અહીં આવવા માટે વરદાનના બળે બે પાંખો ફૂટી નીકળી. સાત દિવસની કથા બાદ જનકને જ્ઞાન થયું તે સાથે મારો પણ ઉદ્ધાર થયો છે. મને દિવ્ય દેહની પ્રાપ્તિ થઈ છે.'

" આમ અજ્ઞાની દાન કરે તોય બંધાય છે ને જ્ઞાની ખૂન કરે તોય તેને પાપ નથી લાગતું. કારણ કે તે આત્મામાં સ્થિત છે. તે જાણે છે કે : 'બધું પ્રકૃતિમાં જ થાય છે. હું અસંગ છું.' ભગવાન ગીતામાં પણ કહે છે :

गुणा गुणेषु वर्तन्ते इति मत्वा न सज्जते ।

અર્જુન પણ યુદ્ધના મેદાનમાં, સામે સગાંવહાલાં જોઈને પહેલાં તો મોહના કારણે ઢીલો થઈ ગયો પણ પછી ભગવાનના ઉપદેશ અને વિરાટ દર્શનથી જ્ઞાન થતાં એણે બધાં પર તીર ચલાવ્યાં. **'જ્ઞાનીનો ગમો જેમ મારે તેમ હમો.'** જ્ઞાની જે કરે તે સીધું જ ઊતરે. પાપપુણ્ય તો અજ્ઞાની માટે છે. રોડના ટ્રાફિકના નિયમો તો જે રોડ પર ચાલે છે, વાહન ચલાવે છે તેના માટે છે; પણ જે વિમાનમાં બેસી આકાશમાં ઊડે છે તેને રોડના નિયમો શું કરવાના ?

" કૃષ્ણ ભગવાને પોતાના સગા મામાને મારી નાખ્યો તોય પાપ ન લાગ્યું. મામી પાસે જઈને વળી કહેવા લાગ્યા કે : 'મામી મામી, હું મામાને મળવા ગયો, મામાને ભેટ્યો તેમાં કોણ જાણે શું થયું કે મામા ઢળી પડ્યા. મને તો ખુબ દુઃખ થાય છે.'

[બધા શ્રોતાઓ હસી પડે છે. પૂ. સ્વામીજી પણ પોતાનું હાસ્ય રોકીને...]

" વેદનું મહાવાક્ય છે કે 'तत्त्वमसि.' એમાં નિષ્ઠા જમાવો. આત્મજ્ઞાનમાં લાગી જાઓ. જીવન જીવવાની ખરી મજા તો જ્ઞાની થયા પછી જ આવે છે. બાકીના તો બધા નાહકનો બોજ ઉપાડે છે.

" કેટલાય જન્મોથી ભટકતા આવ્યા છો. તમે સદ્ભાગી છો

એટલી તો ખબર પડી છે કે તમે ભટકી રહ્યા છો. સંસારમાં લાખો લોકો એમ ને એમ જીવી રહ્યા છે. તેમને આ બધો વિચાર જ નથી, તમે ચેત્યા છો તો પૂરા ચેતી જાણો.

"અધ્યાત્મ-માર્ગે કૂદી પડતાં ડરો નહિ. જેટલા દિવસો ગયા તેટલાં સુખદુઃખ ગયાં. પ્રારબ્ધનાં ખાતામાં એટલો હિસાબ ચોખ્ખો થયો. શરીર, કુટુંબ, સંબંધો ને સંસાર કેટલાંય આવ્યાં ને ગયાં. હવે મોહ શાનો? ચિન્તા શાની? મોજમાં રહો ને પ્યારનું ભજન કરો.

"સંસાર તો ગુડ્ડાગુડ્ડીનો ખેલ છે. હું નાનો હતો ત્યારે છોકરાં સાથે ગુડ્ડાગુડ્ડીની શાદીની રમત રમતો. જાન આવતી. મિજબાની થતી. મહેમાનોને પૉલીસની ડબ્બીનાં ઢાંકણાંની પ્લેટમાં શીરો પૂરી પારસાતાં."

[સ્વામીજી સહિત બધા હસી પડે છે.]

"એ વખતે એ ખેલ બહુ જ મહત્ત્વપૂર્ણ હતો. પણ હવે? એ ખેલ પર હસવું આવે છે. એ જ પ્રમાણે જ્ઞાની માટે આ સંસાર પણ એક ખેલ છે. બાળકોની પ્લેટ નાની હોય છે. સંસારીની પ્લેટ જરા મોટી હોય છે. બસ, આટલો જ ફરક છે. પણ અંતે તો આ સંસાર પણ ખેલ છે. 'સબ ચલા ચલી કા મેલા.' આ જગત એક પથિકાશ્રમ છે, ધર્મશાળા છે. બધા એકલા આવ્યા છે ને એકલા જવાના છે. કશું સાથે નથી આવવાનું. નથી ધન શેઠનું કે નથી શેઠ ધનના.

"બાળકને જેમ ચાલતાં શીખવું પડે છે તેમ માનવે સરળતાથી મરતાં પણ શીખવું પડે છે. મૃત્યુ વખતે કશામાં મોહ હોય

તો નસો ફાટે છે, રોમ રોમમાં પીડા થાય છે. જેણે જીવતાં જ બધા મોહથી પરવારી મરવાની કળા શીખી લીધી તે જ્ઞાની છે. જ્ઞાનીનો બધો વ્યવહાર બાળકના જેવો સરળ બની જાય છે. તેને ક્યાંય મોહ નથી, આસક્તિ નથી. શરીરને પણ એક કપડું ઉતારે તેમ, સાપ કાંચળી ઉતારે તેમ સરળતાથી છોડી દઈ શકે છે. ગીતામાં પણ ભગવાન શરીરને આત્માનું વસ્ત્ર ગણાવે છે:

> वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोपराणि।
> तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देहिः॥

બ્રહ્મજ્ઞાનીના સાન્નિધ્યમાં જ આવું જ્ઞાન થવું સંભાવિત છે. બ્રહ્મજ્ઞાની પાસેથી સત્સંગ સાંભળવાથી જે પુણ્ય થાય છે તેની બરોબરી બીજું કોઈ પુણ્ય કરી શકતું નથી. આવા સત્સંગમાં જવાની ઇચ્છા પણ પરમાત્માની પૂર્ણ કૃપા હોય તો જ થાય. સત્સંગથી વંચિત રહેવું એ પાપનું ફળ છે. પરમાત્મા જેને પોતાના બનાવે તેને સત્સંગમાં મોકલે છે અને જેને ડંડા મારવા હોય તેને સંસારમાં સુખ સાહ્યબી આપે છે. એ પણ વાસ્તવમાં તો ડંડાનું જ રૂપ છે. કંગાલી લોખંડનો ડંડો હશે તો અમીરી સોનાનો ડંડો છે. પણ અંતે તો ડંડો જ છે. એની સ્પષ્ટ પ્રતીતિ મૃત્યુ વખતે થઈ જાય છે.

"મૃત્યુ બધાંને ઠીક કરી નાખે છે. ત્યાં તો રાજા રાજા નથી રહેતો ને સેવક સેવક નથી રહેતો. માલિક માલિક નથી રહેતો ને ગુલામ ગુલામ નથી રહેતો. જીંદગીભર હાયવોય કરીને ભેગું કરેલું મૃત્યુ વખતે કશા કામમાં નથી આવતું. વજીર ને સેવકો ગમે તેવડા મોટા સમ્રાટને પણ મૃત્યુમાંથી બચાવી શકતા નથી. વિશ્વવિજય કરવા નીકળેલ સિકંદરને જીંદગીની છેલ્લી પળોમાં પોતાના કાર્યની વ્યર્થતા સમજાઈ હતી. જીવનના આ નક્કર સત્યની જાણ

લોકોને થાય ને લોકો જાગે એટલા માટે તેણે પોતાના કર્મચારીઓ અને સેવકોને આજ્ઞા આપી હતી કે :

‘ મારી ઠાઠડી નીકળે ત્યારે મારા બંને ખાલી હાથ ઠાઠડી બહાર લટકાવજો, જેથી લોકોને ખબર પડે કે આટલો મોટો સમ્રાટ પણ આખરે ખાલી હાથે જ જાય છે. ઠાઠડી પાછળ વૈદો ને હકીમોનાં ટોળાંને સાથે લેજો, જેથી લોકો જાણે કે આટલા કુશળ ચિકિત્સકો પણ સમ્રાટને મૃત્યુથી ન બચાવી શક્યા. મારા સમગ્ર ખજાનાને ખચ્ચરો પર લાદીને પાછળ ચલાવજો, જેથી ધન સંગ્રહ કરનારા લોભીઓની આંખ ઉઘડે કે અંતે તો તેમાંથી કોડીય લઈ જઈ શકાતી નથી. ત્યાર બાદ વારાંગનાઓના વૃંદને સાથે લેજો, જેથી વિષય-લોલુપ લોકોને ખબર પડે કે ગમે તેટલા મોહપાશમાં બંધાયેલાં સ્વજનો પણ માત્ર સ્મશાન સુધી જ આવે છે, આગળની યાત્રામાં કોઈ સથવારો નથી કરતું.’

“ પહેલેથી જ જો સિકંદરને સંતનો સમાગમ થઈ જાત તો તેનું જીવન વ્યર્થ ન જાત, તે આવો સત્તાલોલુપ, ધનલોલુપ ને હિંસક થઈને અશાંત બન્યો ન હોત. પોતામાં છુપાયેલા અમૃતના ભંડારને શોધવાને બદલે પોતાના અહંની પુષ્ટિ માટે, ધન ને સત્તા જેવી નશ્વર ચીજો પાછળ જીવન તેણે વેડફી નાખ્યું. દરેક સંસારીની આ જ હાલત છે. ‘ મારું મારું ” કરીને સંગ્રહ કરવામાં જ બધા રચ્યા પચ્યા રહે છે. અરે! તમારી આગળ છે શું ? સિકંદર ને કારૂં બાદશાહની મિલકત આગળ તમારાં ગાંસડાં પોટલાં શું વિસાતમાં છે ? છતાં ‘ મારો પૈસો, મારું મકાન, મારી દુકાન, મારી ફેક્ટરી...... ’ અરે ભોજૂ ! સિકંદર જેવાની પણ હાલત તો જો !

[આટલું કહી શ્રોતાઓ સહિત સ્વામીજી હસી પડે છે. ઘણી વારથી ગંભીર રહેલ વાતાવરણ કરવટ બદલે છે.]

“ પ્રકૃતિ આગળ તો કોઈનું નથી ચાલ્યું. જાતે વિવેક નહિ શીખો તો તે ડંડા મારીને શીખવશે. મોહની મૂઠી આપ મેળે નહિ ખોલો તો યમના દૂતો આવી ફટકા મારી મારીને ખોલાવશે.

“ વાંદરાને પકડનારા મદારીઓ જમીનમાં સાંકડાં મોઢાંવાળો ઘડો દાટે, તેમાં અખરોટ, કાજૂ, દ્રાક્ષ વગેરે ખાવાની ચીજો રાખે ને પોતે છુપાઈ જાય. વાંદરો આવીને ઘડામાં માલ જુએ, અંદર હાથ નાખી મૂઠી ભરી લે ને પછી હાથ બહાર કાઢવા ખેંચે. પણ ઘડાનું મોં સાંકડું હોવાથી બંધ મૂઠી તેમાંથી બહાર ન નીકળે. વાંદરો ફસાઈ જાય. મૂઠી ખોલી દે તો પાછો મુક્ત થઈ જાય પણ પેલો માલ કેમ છોડાય ? મૂર્ખાને ખબર નથી કે એ માલ માટે પોતાની મુક્તિને જોખમમાં મૂકી રહ્યો છે. અત્યારે મૂઠી ખોલી નાખે તો ઝાડે ઝાડે કૂદવા તે છૂટો છે. સમજી જાય તો ઠીક છે નહિ તો યમદૂત જેવો પેલો મદારી આવશે ત્યારે પહેલાં તેને બાંધીને પછી ડંડા મારી મૂઠી ખોલાવશે. ગળામાં બંધન પણ પડશે ને મૂઠીમાંનો માલ પણ જશે.

“ સંસારમાં ગળાડૂબ રહેનાર સંસારીની પણ આ વાંદરા જેવી હાલત થવાની છે. સમજણથી મોહ છોડો, નહીં તો યમનાં મોચડાં બધો મોહ છોડાવશે. જેટલો મોહ વધારે હશે તેટલાં મોચડાં વધારે પડશે, યાદ રાખો !

“ વિવેકની આંખ ઉઘાડો. અંદરથી સમજણ પાકી કરી લો કે તમારી આસપાસ રહેલાં કુટુંબીઓ, સગાંસંબંધીઓ, સુખ સગવડનાં સાધનો આખરે કામ લાગવાનાં નથી. એ બધા સાથે યથા યોગ્ય વ્યવહાર કરતાં કરતાં અંદરથી તેમના પ્રત્યે મરી જાઓ. આમ કરશો તો નિર્દોષ થતા જશો, હળવા ફૂલ બનતા જશો.

વ્યવહાર કર્યા પછી એવા ઉપરામ થઈ જાઓ કે જાણે વ્યવહારનાં તમામ કાર્ય પૂરાં થઈ ગયાં હોય, કશું કરવાનું બાકી નથી, માત્ર તમે ને તમારો પરમાત્મા.

વિનોબાજી કહે છે :

'હું રાતે ઊંઘું છું તો મરી જવાની તૈયારી સાથે ઊંઘું છું. એમ સમજું છું કે બસ, આજે મારું પ્રારબ્ધ પૂરું થયું. રાતે મરી જઈશ તોય કોઈ કામ અધૂરું નથી રહ્યું. કાલે સવારે ઊઠયો તો ઠીક છે, વ્યવહાર કરીશ. નહિ તો બધાંને રામ રામ. મિત્રોને અને શત્રુઓને બધાને માફ, બધાને ધન્યવાદ.'

"આવો દઢ અભ્યાસ કરશો તો મોહમાયાના પાશ કંઈક ઢીલા થશે. નહીં તો માયા પીછો છોડવાની નથી. પ્રકૃતિએ- માયાએ તો ભલભલાને નથી છોડયા. કોઈ વિરલા જ તેને પગતળે કચડી આગળ ગયા છે. કબીર જેવાનાં દ્વાર પણ તેણે ખખડાવ્યાં છે ને પોતાને રાખવા વિનંતિ કરી છે. પણ કબીરજી પહોંચેલ હતા. તેમણે તો સંભળાવી દીધું.

'चलरी ठगनी ठुमक ठुमक नैननको क्या ठुमकावे
तेरे हाथ कबीरा नहीं आवे !'

"માયા તો આવા સંતો ને ફકીરોની વેરણ થઈ ગઈ છે. કારણ કે તે મહાપુરુષો માયાને દાદ તો નથી આપતા પણ ઉપરથી તેને હડધૂત કરી હાંકી કાઢે છે. શિષ્યોને પણ પોતાના સ્વરૂપમાં જગાડી માયાની ઘરાકી તોડી પાડે છે. તેથી માયા સંતોની શત્રુ છે. પણ સંસારીઓને તે પ્યારી લાગે છે.

'नाको काटि कानो काटि काट काट के डारि रे।
कहूं कबीर सन्तन की वैरिन तीन लोक की प्यार

"માયા બહુ મોહક છે. પોતાના શિકારને પહેલાં તો લાડ કરે છે, પણ કાયમ તેની સાથે નભાવતી નથી. અંતે તો છેહ જ દે છે.

माया महा है मोहिनी, फंस तू न माया जाल में ।
सुंदर यहां पर कुछ नहीं काला पड़ा है दाल में ॥
है वस्तुएं सब मोहिनी, ज्यों सर्प कोमल घास में ।
तू प्राण उन से ले बचा, फंस जा न उनके पास में ॥

"મોત આવે ત્યારે બધી માયા પોતાના લાવલશ્કર સાથે છૂ થઈ જાય છે. જેને પોતાનાં માનીને સેવ્યાં હતાં તે પણ આ અંતિમ યાત્રામાં સાથે નથી આવતાં.

"મોત ભલભલાને ઠીક કરી નાખે છે. મોહના પડદાને ચીરીને યથાર્થતાનાં દર્શન કરાવી દે છે. મોત બધાંને એક જ ગોદમાં સમાવી લે છે. મૃત્યુ સૌથી મોટો કમ્યુનિસ્ટ છે.


"મોત આવતાં કોઈની પ્રશંસા કામ લાગતી નથી. તે જ રીતે ત્યાં કોઈની ધમકી પણ પહોંચતી નથી. કોઈ માણસના હજાર શત્રુઓ હોય. એ બધા ભેગા મળીને તેને રીબાવી રીબાવીને પીડવા માગતા હોય ત્યારે પેલાનું મોત આવે તો બધાને હિંમતથી કહી શકે કે : 'હું તો આ ચાલ્યો. પછી ભલેને શૂળીએ ચડાવો. મારે શું ?' તો પેલા હજાર જણ હાથ ઘસતા રહી જશે. મૃત્યુ આગળ તેમનું કશું નથી ચાલવાનું. તેમની વેરવૃત્તિ શાંત નથી થવાની. તેમના શિકારને મૃત્યુ છીનવીને લઈ જાય છે.

"માનવને સૌથી વધારે ભય મોતનો હોય છે કારણ કે મોત તેનું સર્વસ્વ છીનવી લે છે. પરંતુ ભાગ્યશાળી લોકો પહેલેથી જ ચેતીને કોઈ બ્રહ્મનિષ્ઠ મહાપુરુષનાં સાંનિધ્યમાં બેસીને સાધના–પથે ચડી જાય છે. તેથી તેમને જીવતાં જ મૃત્યુની યથાર્થતા સમજાઈ જાય છે. તેઓ જીવતાં જ મરવાનું શીખી લે છે. પછી મૃત્યુ તેમને ડરાવી શકતું નથી. મહાપુરુષ તેમને નશ્વર ચીજોથી ઉપર ખેંચી શાશ્વતના માર્ગે પ્રયાણ કરાવી દે છે.

"પણ આવા મહાપુરુષનાં ચરણે સમર્પિત થઈને બેસી જવું સરળ નથી. એવી રીતે બેસનારને ચારે બાજુથી માન–અપમાન, નિંદા-સ્તુતિના પ્રહારો સહેવા પડે છે. વ્યવહાર ડાહ્યા લોકો તેમને પીંખી નાખવા માટે આદુ ખાઈને પાછળ પડી જાય છે. ચોપાસ વિરોધી પવન વાય છે. આ બધા ઝંઝાવાતો સહીને પણ જો સાધક પોતાના નિર્ણયમાં મક્કમ રહે, બ્રહ્મનિષ્ઠ મહાપુરુષનાં ચરણ ન છોડે, પરમાત્માનો પાવન પંથ ન છોડે તો તે સદ્ગુરુની કૃપાથી એ પરમ પદને પામે છે જેને પામ્યા પછી બીજું કંઈ પામવાનું બાકી રહેતું નથી, જે માનવમાત્રનું પરમ ધ્યેય છે, જ્યાં આનંદ જ આનંદ છે."

ૐ





ભક્તોના ભાવ

હર હંમેશ મારું રક્ષણ કરે છે પૂજ્યશ્રી...!

રમેશભાઈ પટેલ, સલાબતપુરા, સૂરત.

સૂરતમાં અમારું ભાગીદારીમાં હીરા ઘસવાનું કારખાનું છે. એકવાર મેં મુંબઈના વેપારીને હીરાઓનું પાર્સલ મોકલ્યું હતું. એમાં ત્રણ નાનાં પેકેટ હતાં. જ્યારે તે વેપારી સૂરત આવ્યો ત્યારે તેણે કહ્યું કે અમને બે જ પેકેટ મળ્યાં છે, ત્રણ નહિ. આ સાંભળીને હું તો ગભરાઈ ગયો. કેમ કે એ લાપત્તા થનાર ત્રીજું પેકેટ આશરે સાડા નવ હજાર રૂપિયાનું હતું. મેં પેકેટ મોકલેલું તેની રસીદ વગેરે બતાવ્યાં. પણ તેનાથી શું થાય? ખૂબ તપાસ કરવા છતાં ચોરનું પગેરું ન મળ્યું. આખરે મેં મનોમન પૂજ્ય શ્રી આશારામજી બાપુનું ધ્યાન કર્યું. મને તરત એક નવી પ્રેરણા થઈ કે અમુક વ્યક્તિની જડતી લો. મેં તરત પગલાં લીધાં અને ચોરીનાં સૂત્રો હાથ લાગ્યાં. આ ગડબડ કરનાર અમારો જ એક વિશ્વાસપાત્ર માણસ હતો. પારસલ મુંબઈ મોકલતી વખતે તેણે એમાંથી એક નાનું પેકેટ કાઢી લીધું હતું અને જ્યાં ત્યાં વેંચીને પૈસા ભેગા કરી લીધા હતા. થોડી ધાક–ધમકીથી એણે ચોરી કબૂલી લીધી અને જ્યાં જ્યાં માલ વેંચ્યો હતો ત્યાં ત્યાંથી થોડા ઘણા નુકશાન સાથે માલ પાછો મેળવી આપ્યો.

આ જ પ્રમાણે ફરી એકવાર પૂજ્યશ્રીએ મારી લાજ રાખી. હું સાયકલ પર કોઈ વેપારીને ત્યાં ગયો હતો. સાયકલ નીચે મૂકી ઉપર ત્રીજા માળે પહોંચ્યો. ઘણીવાર સુધી વાતચીત ચાલી. પાછા ફરવાનો સમય થયો ત્યારે ખ્યાલ આવ્યો કે હીરાઓના પેકેટવાળી થેલી તો સાયકલના કેરીયર પર જ ભૂલીને આવ્યો હતો. એમાં લગભગ ૭૦૦૦૦ રૂપિયાનો માલ હતો. આહ!! યાદ આવતાં જ મારું હૃદય જોરથી ધડકવા લાગ્યું. હવે શું થશે? જે બજારમાં ધોળા દિવસે આખી સાયકલ ચોરાઈ જાય ત્યાં સાયકલ પર હીરાઓની થેલી કેમ બચી શકે? દાદર ઊતરતાં પગમાંથી લોહી સૂકાવા માંડયું. મેં મનમાં જ પૂજ્યશ્રીને પ્રાર્થના કરી કે, 'બાપુ! આપનું આ છોરું નાદાન છે. દર વખતે આપે એને બચાવ્યું છે. શું આ વખતે પણ રક્ષા નહિ કરો?' મારા માનસપટ પર પૂજ્યશ્રીનું મલકતું મુખારવિંદ ખીલી ઊઠયું, જાણે કોઈ ફિલ્મ ન જોતો હોઉં! મને ખાત્રી થઈ ગઈ કે પૂજ્યશ્રીએ મારી પ્રાર્થના સાંભળી લીધી છે. અને ખરેખર! નીચે આવીને જોયું તો સાયકલ પર હીરાઓ સાથે થેલી સહી સલામત પડી હતી. હવે મારા જીવમાં જીવ આવ્યો. આવી રીતે કેટલીય વાર પૂજ્યશ્રીએ મને વિકટ આફતોમાંથી બચાવ્યો છે.

આ વખતે જ્યારે પૂજ્યશ્રીનાં દર્શને આશ્રમ પર આવ્યો ત્યારે મને જોતાં જ પૂજ્યશ્રીએ કહ્યું : 'અરે, તું ઘણી ભૂલો કરે છે. આટલું મોટું હીરાનું કામકાજ અને આટલી બેદરકારી? ધ્યાનથી, સાવધાનીથી કામ કરો બેટા......' અને તેઓશ્રીના મુખ પર આછેરું હાસ્ય ઝળકી ઊઠયું. એમના આ સ્મિતને હું જ સમજતો હતો કે એમાં શું રહસ્ય છે...બીજા તો એ શું જાણે?

નિરબલ કે બલરામ....

હસુબહેન, ધના સુતારની પોળ, અમદાવાદ.

હું એ દિવસે મારા ૧૨ વર્ષના પુત્રને ૧૦૪° તાવમાં છોડીને પણ આશ્રમે આવી હતી. ઘણા ઉપચાર કરવા છતાં તાવ બે દિવસથી ઊતરતો ન હતો. મારા પતિદેવ એ સમયે દિલ્હી હતા. છોકરાના આખા શરીરે બરફ ઘસી રહ્યાં હતાં પણ તાવે મચક ન આપી. આખરે અહીં આવીને મેં બાપુને કહી દીધું કે હવે દોરી આપના હાથમાં છે. બાપુએ મારી વ્યથા સાંભળી અને કોઈ એક ભસ્મની પડીકી તથા મોરનાં પીછાં આપીને મને વિદાય કરી.

ઘરમાં પ્રવેશતાં જ જોયું તો ડૉક્ટર મારા સસરાને કહી રહ્યા હતા કે : 'ધીરજ રાખજો. આટલો જોરદાર તાવ કંઈ તરત તો નહીં ઊતરે, પણ ઠીક થઈ જશે' મેં જોયું તો થર્મોમીટર ૧૦૭°નો આંકડો બતાવતું હતું. છોકરાની આવી ગંભીર હાલત જોઈને હું ક્યાંક ગભરાઈ ન જાઉં એ માટે ડૉક્ટરે મારા સસરાને હું ન સાંભળું એવા ધીમા અવાજે પણ કંઈક કહ્યું. પણ હું હવે શા માટે ગભરાઉં? હું તો બાપુના આશીર્વાદ લઈને આવી હતી! છોકરાની તબિયત વિષે મેં ડૉક્ટરને પૂછ્યું તો એમણે મને એ જ વાત કહી કે ધીરજ રાખો.


ડૉક્ટર તો ગયા. મેં બધા લોકોને ખંડમાંથી બહાર મોકલ્યાં.

બેભાન પડેલા છોકરાના મોંમાં પેલી ભસ્મ મૂકી અને એના શરીર પર મોરનાં પીછાં ફેરવ્યાં. આશ્ચર્ય...!!! બીજી જ ક્ષણે એનો ચમત્કાર જોવા મળ્યો. છોકરાનો તાવ તરત જ ઊતરી ગયો. આ જોઈને બધાં દંગ થઈ ગયાં કે આ બધું શી રીતે થયું ?... અને હવે તો પૂજ્યશ્રીની કૃપાથી ડૉકટરનાં બિલોથી છૂટકારો મળી ગયો છે.

ઘણીવાર મને ધ્યાનમાં પૂજ્યશ્રીનાં સાક્ષાત્ દર્શન થાય છે. પૂજ્યશ્રીને યાદ કરતાં જ મારા બધા ભય ભાગી જાય છે. દરેક સંકટમાંથી પૂજ્યશ્રી મને ઉગારી લે છે. દૈનિક જીવનમાં આવા તો કેટલાય પ્રસંગો બની ચૂકયા છે.



* પદ્મ઼ાસન *



આસન પર બેસીને જમણા પગને ઘૂંટણમાંથી વાળી ડાબી સાથળ પર અને એ જ રીતે ડાબા પગને જમણી સાથળ પર મૂકો. ફાવટ પ્રમાણે કોઈ પણ પગ પ્રથમ મૂકી શકાય. પગનાં તળિયાં

સાથળ પર અને એડી નાભિ નીચે રાખો. બંને હાથની હથેળીઓ એકબીજી પર મૂકી ખોળામાં ગોઠવો. શરીર અને દષ્ટિને સ્થિર અને કોમળ બનાવો. આંખો બંધ, ખુલ્લી કે અર્ધ ખુલ્લી રાખો. આરંભમાં વધારે સમય બેસવું કઠિન લાગશે પણ અભ્યાસથી આસન સિદ્ધ થઈ જશે.

લાભ :— ધ્યાન અને જપ કરવા માટેનાં આસનોમાં પદ્માસન પ્રધાન આસન છે. અગાઉથી જેમણે પ્રાણાયામ દ્વારા નાડીશુદ્ધિ કરી છે તેમને આ આસનનો લાભ પૂર્ણ માત્રામાં મળે છે.

પદ્માસનથી શારીરિક અને માનસિક વિકારોનું દમન થાય છે. ચિંતા, શોક, દુઃખાદિ વિકારોથી મુક્તિ મળે છે. કુવિચારોને શમાવી સદ્‌વિચારો પ્રગટે છે. સત્ત્વગુણનો પ્રાદુર્ભાવ થાય છે. શરીરમાં આવેલી અંતઃસ્રાવી ગ્રંથિઓને વિશુદ્ધ રુધિરની પ્રાપ્તિ થવાથી તે કાર્યક્ષમ બનીને વ્યક્તિનો ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ સાધે છે. મનોબળ વધે છે. પદ્માસનના દઢ અભ્યાસથી ભાંગ, ગાંજો, ચડસ, અફીણ, મદિરા, તમાકુ ઈત્યાદિ દુર્વ્યસનો છૂટી જાય છે. હસ્તદોષ, વ્યભિચાર, ચોરી, જુગાર વગેરે કુસંસ્કારો ધોવાઈ જાય છે. કોઢ, રક્તપિત્ત, પક્ષાઘાત, મલાવરોધથી થતા રોગો, ક્ષય, દમ, અનિદ્રા, હિસ્ટીરિયા, ધાતુક્ષય, કેન્સર, ઉદરકૃમિ, ત્વચાના રોગો, વાતપ્રકોપ, નપુંસકત્વ, વંધ્યત્વ વગેરે રોગો નાશ પામે છે. શરીરની સ્થૂળતા ઘટે છે.

પદ્માસનનો અભ્યાસ શરૂ કરનારે સર્વપ્રથમ એક માસ દૂધ, દહીં, ફળાહાર કે માત્ર સાત્ત્વિક મિતાહાર પર રહેવું. બાલસૂર્યના પ્રકાશથી ખુલ્લા શરીરને નવરાવવું. પ્રાણાયામ કરવા. પસીનો થાય તો સ્વચ્છ કપડાંથી લુછી નાખવો. સ્નાન કરવું હોય તો અડધા પોણા કલાક પછી જ કરવું

આખરે શું ?

નદી કિનારે ઝૂંપડી બાંધીને એક મસ્ત ફકીર રહે. શરીર વૃદ્ધ થયું હતું. શહેરમાંથી ભિક્ષા માગી લાવે અને આખો દિવસ ભજન, ચિંતન કરે. એક દિવસ કોઈ ચોર તેની ઝૂંપડીમાંથી કોઈએ ભેટ આપેલી ગરમ કામળી ઉપાડીને શહેર તરફ નાઠો. ફકીરે આ જોયું ને પેલાની પાછળ પડયો. પરંતુ ચોર તો યુવાન અને શરીરે સ્ફૂર્તિવાળો હતો જ્યારે ફકીરનું શરીર વૃદ્ધાવસ્થાના કારણે જર્જરિત થયું હતું. ચોર તો દોડીને દૂર પહોંચી ગયો. આ જોઈ ફકીરે બીજી દિશામાં આવેલા સ્મશાન તરફ દોડવા માંડયું. કોઈ સજ્જને આ જોયું ને પૂછયું :

" બાબાજી, ચોર તો પેલી તરફ ગયો ને તમે તેની વિરુદ્ધ દિશામાં કેમ દોડી રહ્યા છો ?"

" હું સ્મશાનમાં જઈને બેસું છું. અત્યારે ભલે એ શહેરમાં નાસી ગયો, પણ કોઈ ને કોઈ દિવસે તો બેટમજીને સ્મશાનમાં આવવું જ પડશે. ત્યાં જઈને હું તેની રાહ જોઉં છું." ફકીરે જવાબ આપ્યો.

એ મસ્ત ફકીરના વિનોદી જવાબમાં જીવનનું નક્કર સત્ય પ્રગટ થયું છે. જે શરીરને કેન્દ્રમાં રાખીને ઈંટ-ચૂનાના ખડકલા કરીએ છીએ, સાંસારિક સંબંધોની જાળ ગુંથીએ છીએ, બેઈમાની કરીને કામળી રૂપી કાંચન, કામિની અને કીર્તિ માટે ઘાંઘા થઈને દોડીએ છીએ, એ શરીર તો એક દિવસ સ્મશાનના ઘાટે જ ઊતરવાનું છે. એમ થાય તે પહેલાં એ શરીરમાં રહેલા અવિનાશી તત્ત્વને, આપણા પોતાના મૂળ સ્વરૂપને જાણી લઈએ, પરમાર્થ સાધી લઈએ.

— સંત શ્રી પૂ. આશારામ બાપુ

વહેતાં જીવન નિર્મળાં



તળાવ નદીને કહે: 'અરે પગલી ! આમ કલ કલ છલ છલ ક્યાં ભાગતી જાય છે? તારું જળ આવું બિલોરી કાંચ જેવું નિર્મળ અને અમૃત જેવું મીઠું. આગળ લોકોએ એ જળને ગંદું કરી નાખશે. અને એથી પણ આગળ ખારો દરિયો ઘૂઘવે છે. એ ખારો સાગર તારી બધી મધુરતા હરી લેશે. તને પોતામાં ભેળવીને તારું સ્વતંત્ર અસ્તિત્વ જ નષ્ટ કરી દેશે. માટે ડાહી થા અને પોતાની સંપત્તિ જાળવ.'

નદીનું આચરણ વેદાંતી હતું. તેણે જવાબ આપ્યો :

'વહેતા રહેવું એ જ મારો ધર્મ છે, એ જ મારું કર્તવ્ય છે. લોકો મારા પાણીનો ઉપયોગ કરશે તો હું જાતને ધન્ય માનીશ. એમની ગંદકીને વહાવીને દૂર લઈ જઈશ. સાગર તો મારો પ્રિયતમ છે. એ પૂર્ણ છે, ને એમાં વિલીન થઈ જવામાં જ મારા જીવનની કૃતકૃત્યતા છે.' અને નદી થનગન નાચતી, કૂદતી, ગીતો ગાતી ધમાચકડી બોલાવતી આગળ ચાલી અને સાગરરાજમાં જઈ મળી. ઉપરવાસમાંથી તેને નવો જળ-પુરવઠો મળતો રહ્યો. તેનાં નીર સદા વહેતાં રહ્યાં-બિલોરી કાચ જેવાં નિર્મળ અને અમૃત જેવાં મીઠાં. તેની જળ-સંપત્તિ અખંડ રહી. જ્યારે પેલા શાણા તળાવે પોતાની સંપત્તિ, પોતાનું પાણી બચાવવા પ્રયાસ કર્યો. પરિણામે બંધિયાર

થયેલું પાણી સડવા લાગ્યું. રોગનાં જીવાણું ફેલાવવા લાગ્યું. દિવસે દિવસે તળાવ સૂકાવા લાગ્યું. એક દિવસ કંટાળીને મ્યુનિસિપાલિટી-એ શહેરનો કચરો ઠાલવીને એ તળાવને પૂરી નાખ્યું. સપાટ ભૂમિ બનાવી દીધી.

આપણે પણ મળેલાં સમય અને શકિતને ઈશ્વરની ભકિત અને નિષ્કામ સેવાનાં કાર્યોમાં, પરોપકારનાં કાર્યોમાં વહેતાં રાખીએ. એમાં કંજૂસ બનશું તોય આખરે તેને બચાવી શકાશે નહિ. કાળ બધું છીનવી લેશે. માટે જીવનને સદા વહેતું રાખવું. લક્ષ્ય છે પરમાત્મામાં મળી જવું અને માર્ગની પ્રવૃત્તિ છે નિષ્કામ સેવા. માટે પરમ માંગલ્યના સાધકે સમય અને શકિતના ઉપયોગ અંગે ખૂબ કાળજી રાખવી. સતત ધ્યાન, જપ, સત્સંગમાં પ્રવૃત્ત રહેવું જોઈએ. એકમાં કંટાળો તો બીજામાં પ્રવૃત્ત થવું પણ તળાવની જેમ પડી રહી જીવનને સડવા ન દેવું. આપણી યાત્રા અને યાત્રાનું ગંતવ્ય સ્થાન એમ બંને મધુર ને સંગીતમય, જીવનથી ધબકતાં બનાવવાનાં છે.

પદ્માસનમાં બેસી જપ કરવાથી આરોગ્યનું સામ્રાજ્ય સ્થપાય છે; શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ થાય છે.

પદ્માસન દ્વારા ઉષ્ણતા પ્રગટતાં મૂલાધાર ચક્રમાં સમાન વાયુનાં આંદોલનો જાગે છે. કુંડલિની શક્તિ જાગૃત થાય છે ત્યારે તો સરળ લાગતું આ આસન સર્વોત્કૃષ્ટ આસનોની શ્રેણીમાં બેસે છે. આથી જ સિદ્ધો અને મહાપુરુષો પદ્માસનને પણ એક ઉત્કૃષ્ટ આસન ગણે છે.

✻

સૂચના : જલનેતિ , બીજાં આસનો તથા યૌગિક ક્રિયાઓ શીખવા ઇચ્છનારે આશ્રમનો પ્રત્યક્ષ સંપર્ક સાધવો.